તેજસિંગ અને દાનસિંગ



ગુ પોતાની હોડી હળવે હળવે ચલાવીને તેને એક લાકડાના દરવાજા પાસે થોભાવી. પૃષ્ઠ ૪૪

તેજસીંગ અને દાનસીંગ.

અદ્‌ભુતરસથી ભરેલી વાર્તા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે-બુકસેલર.

ત્રણ દરવાજા-અમદાવાદ.

આવૃત્તિ ૩ જી] સને ૧૯૨[illegible] [પ્રત ૪૦૦૦

ધી "સૂર્યપ્રકાશ" પ્રીન્ટીંગ પ્રેસમાં પટેલ મુળચંદભાઈ ત્રીકમલાલે છાપી. ઠે. પીરમશા રોડ-અમદાવાદ.

કિં. ૮ આના.

તેજસીંગ અને દાનસીંગ.

પ્રકરણ ૧ લું.

ત્રણ દિવસની મુસાફરી.

“અહીંસુધી તો આપણે નીડરપણે આવ્યા, એમાં કાંઇ નવાઇ નથી. ભય તો હજી આગળ રહેલો છે.” ચંદ્રપ્રભા બોલી. પછી તેણે દાદર પાસેનું એક ગુપ્ત દ્વાર ઉઘાડ્યું, તો તેની અંદર એક નાનો ગુપ્ત દાદર જોવામાં આવ્યો. ત્રણે જણાં અંદર ઉતર્યા. ત્યાં એક દીવો હતો, તે દાનસીંગે હાથમાં લીધો અને પછી ત્રણ જણાં દીવાના પ્રકાશમાં ભોંયરાની અંદર આગળ ચાલવા લાગ્યાં. તેઓ લગભગ પચાસેક ડગલાં આગળ વધ્યાં હશે. એટલામાં મોટી મશાલોનો પ્રકાશ તેમની દૃષ્ટિએ પડ્યો, તે પ્રકાશ તરફ તેમની દૃષ્ટિ ગઇ, તેજ ક્ષણે ‘ તેમને ફક્ત કેદ કરો; ઠાર મારતા નહિ; કાલિકાને તેમનું બળિદાન આપવાનું છે!” એવા કાલિકાપ્રસાદના ભયંકર શબ્દો તેમને કાને પડ્યા અને મ્હોં ઉપર બુરખા પહેરેલા દશ-બાર હથિયારબંધ જુવાનો એકદમ તેમની ઉપર તૂટી પડ્યા!

કાલિકાપ્રસાદના શબ્દો કાને પડતાં જ રાજકન્યા કમ્પવા લાગી અને તે એકદમ જમીન ઉપર પછડાઇ પડી! તેજસીંગ અને દાનસીંગની તલવારો મ્યાનમાંથી બહાર નીકળી અને વિજળીની પેઠે ચમકવા લાગી; પણ તે શા કામની? દશ-બાર બખ્તરીયા વીરોની પાસે તે અંધકારપૂર્ણ અને અજાણ્યે સ્થળે તેઓનું ડહાપણ શી રીતે ચાલે?

કાલિકાપ્રસાદના માણસોએ તેમની પાસેથી હથિયારો ખુંચવી લીધાં અને તેમના શરીરે મોટા ઝભ્ભા પહેરાવીને ત્યાંથી તેમને દોરી જવામાં આવ્યા. ચંદ્રપ્રભાની ચીસો સંભળાયા કરતી હતી. તે ઉપરથી તેને પાછી દિવાનખાના તરફ લઈ જવામાં આવતી હોવી જોઇએ અને પોતાને તે ભોંયરામાં આગળ લઇ જવામાં આવતા હોવા જોઇએ, એવું તે બન્નેના સમજવામાં આવ્યું.

જેમના હાથમાં ને બન્ને જણા સપડાઇ ગયા હતા, તે લોકો કેવળ ચુપચુપ પણ જલદીથી આગળ ચાલતા હતા. કાલિકાપ્રસાદ સાથે હતો કે નહિ તે જાણવાનું તેમની પાસે કશું સાધન નહોતું તેઓ એક દરવાજો ઓળંગીને આગળ ચાલ્યા; તો પણ તેઓનો ભોંયરાની અંદરનો પ્રવાસ પૂરો થયો નહિ. વળી ફરીથી એક બીજો દરવાજો આવ્યો, તો પણ ભોંયરૂ પુરૂં થયું નહિ. છેવટે ત્રીજા દરવાજામાંથી બહાર નીકળતાં તેઓ ખુલ્લી હવામા આવી પહોંચ્યા હોય એવું તેમને જણાયું. તેમનો આ પ્રવાસ લગભગ અર્ધી ઘડી ચાલ્યો હતો. છેવટે કાલિકાપ્રસાદના શબ્દો તેમના કાને પડયા: "જલદી ઘોડા લાવો."

પછી તેમને ઘોડાપર બેસાડવામાં આવ્યા અને તેમના પગ ઘોડાની પેટની સાથે દોરીથી મજબૂત બાંધી લેવામાં આવ્યા. એવી રીતે તેમને કેદી બનાવવામાં આવ્યા બાદ તેમના ઘોડા ચાલવા લાગ્યા.

લગભગ ચાર ઘડી સુધી તેમનો પ્રવાસ કેવળ ચુપચુપ ચાલ્યો. એ વખતે એ શૂરા સેવકોના મનની કેવી અવસ્થા થઇ હશે ? કાલિકાને બળિદાન દેવાનો અર્થ શું ? પૂર્વે જેમ જીવતા માણસનું બળિદાન દેવામાં આવતું હોવાની વાતો સાંભળવામાં આવે છે' તેવી જ રીતે આ લોકો પોતાનું બળિદાન દેશે કે શું ? એજ વિચારો તેમના મનમાં વારંવાર આવવા લાગ્યા. તેમના શરીર અને મનમાં એકસરખી

વેદના થવા લાગી; એવી સ્થિતિમાં બેએક ઘડી વીતી ગયા પછી તેમના ઘોડા ઉભા રહ્યા.

પછી તેમના શરીર પર પહેરાવવામાં આવેલા બુરખાવાળા ઝબ્બા કાઢી નાંખવામાં આવ્યા અને તેમના હાથપગ છૂટા કરીને તેમને એક ધર્મશાળામાં લઇ જવામાં આવ્યા ત્યાં તેમને થોડુંએક ખાવાનું આપવામાં આવ્યું. પણ તે તેમને કેવી રીતે ભાવે ?

પહેલાં તેમણે પોતાની સાથે કોણ કોણ છે એ જોઈ લીધું. ચાર હથિયારબંધ ઘોડેસ્વારો અને પાંચમો કાલિકાપ્રસાદ એટલા જણ પોતાની સાથે છે એવું તેમને માલૂમ પડયું, સૌએ નાસ્તો કરી લીધા પછી પુનઃ તેમને ઘોડાપર બેસાડવામાં આવ્યા. આ વખતે જોકે તેમના હાથ પગ બાંધવામાં આવ્યા હતા, તો પણ તેમના મ્હોં પર બુરખો પહેરાવવામાં આવ્યો નહોતો, તેથી તેમને કાંઇક આનંદ થયો. પ્રભાત થતાં વનસૌંદર્ય જોવાથી તેમનામાં જરા હુશિયારી આવી, એ પ્રમાણે કેટલેક સુધી આગળ જતાં તેમને માલૂમ પડયું કે એ રસ્તો તેમનો જાણીતો હતો, એ જ માર્ગે થઇને તેઓ બળવંતસિંહની સાથે સંગમપુર આવ્યા હતા. પ્રભાતની અવર્ણ્યનીય શોભા તેમની દષ્ટિએ પડવા લાગી હતી. પક્ષીઓનો કિલકિલાટ શરૂ થયો હતો. આખી સૃષ્ટિ જાગૃત થઈ રહી છે એવું તેમને દેખાવા લાગ્યું. પ્રાતઃકાળના બાલસૂર્યનાં કોમળ અને રક્ત કિરણોથી તરૂવરો સુશોભીત દેખાવા લાગ્યાં, પરન્તુ આ શોભા બિચારા તેજસીંગ અને દાનસીંગને શા કામની હતી ? તેમની આંખો સામે તો મોત—ભયંકર મોત આવીને ઉભું રહેલું હતું !

તેઓએ મોટી આશા પૂર્વક એકબીજાની તરફ દષ્ટિ કરી, પરન્તુ તેઓને જણાયું કે આશારૂપી તંતુઓ તૂટી ગએલા હતા ! તેમણે હથિયારબંધ પહેરેગીરો તરફ જોયું, તો તેમના ક્રૂર ચહેરા જોઇને તેઓ

ગર્ભગલિત બની ગયા ! કાલિકાપ્રસાદ તરફ જોતાં તો તેમનું રક્ત જ શિથિલ બની ગયું અને શ્વાસોશ્વાસ ક્ષણભર અટકી ગયો, કારણકે તે તેમની હીલચાલ ઉત્સુકતાથી જોઇ રહ્યો હતો ! પુનઃ તેજસીંગ અને દાનસીંગે એક બીજા તરફ નિરાશાપૂર્વક દૃષ્ટિ કરી.

પ્રહર દિવસ ચડયો. એટલે વળી એક બીજી ધર્મશાળા આવી. ત્યાં આગળ તેમણે ઘોડા બદલી નાંખ્યા. એ ઉપરથી તે બન્ને જણ સમજી ગયા કે ધર્મશાળાના રખેવાળો પણ કાલિકાપ્રસાદની સાથે મળી ગએલા હતા અને તેથી તેઓ પોતાને બચાવી શકે તેમ નહોતું. એ ધર્મશાળામાં બે ઘડી તેઓ રોકાયા અને એટલા અવકાશમાં તેમને અનેકાનેક વાતોનું સ્મરણ થવા લાગ્યું. પોતાનાં માબાપ, પોતાનો માલેક, પેલી બે સુંદરીઓ-રેવા અને રાધા વગેરે સૌ કોઇને તેમને સાંભર્યાં. રેવા અને રાધાનો મેળાપ તો કદાચ આખી જીંદગીમાં ફરીથી ન થાય એવું તેમના મનમાં આવવા લાગ્યું. એ સ્મરણથી તેમની આંખો આંસુવડે ભરાઇ ગઇ અને આવી જુવાન વયમાં પોતે કાલિકાનાં બળિદાન થઇ જશે એવું મનમાં આવતાં તેમને અત્યંત દુ;ખ થયું.

પછી તેઓ ધર્મશાળામાંથી પુનઃ આગળ ચાલ્યા. માર્ગમાં ધર્મશાળાઓમાં રોકાતાં રોકાતાં પૂરા બે દિવસસુધી તેઓએ મુસાફરી કરી. ત્રીજે દિવસે સ્હવારે, પૂર્વે જે સ્થળે વીરોત્તમની છાવણી આવેલી હતી તે જ સ્થળે, તેઓ આવી પહોંચ્યા. અત્યારસુધી તેમની મુસાફરી કેવળ ગુપચુપ જ ચાલતી હતી. અત્યારે તેઓ સંગમપુર તરફથી વહેતી આવતી નદી ચર્મણ્વતી જ્યાં આગળ ઉતરવી પડતી હતી, ત્યાં આગળ આવ્યા હતા.

નદી ઉતરતી વખતે પોતાના કેદીઓ છટકી જાય નહિ, એવી

ખાત્રી કરી લીધા પછી સઘળા ઘોડેસ્વારોએ નદીના પ્રહવામાં પ્રવેશ કર્યો. એટલામાં કાલિકાપ્રસાદનો ઘોડો નદીમાં એકાએક ચમકયો અને બે પગ ઉપર ઊભો થયો કાલિકાપ્રસાદ સારો ઘોડેસ્વાર હોવાથી જ ટકી શકયો, નહિતો બીજો કોઇ હોય તો પડી ગયા વિના રહે નહિ. પોતાનો ઘોડો શા કારણથી ચમકયો તે જોવાને માટે કાલિકાપ્રસાદ આમતેમ જોવા લાગ્યો, તો પાસે જ એક ઝાંખરામાં અટકી રહેલું કોઇ સ્ત્રીનું મુડદું તેના જોવામાં આવ્યું.

એટલામાં એક સ્વારે પણ તે જોઇને અને મુડદાને ઓળખી કાઢીને કહ્યું: "અરે, આ તો પેલી ચંડિકાનું મુડદું છે!" આ શબ્દો સાંભળતાં જ કાલિકાપ્રસાદ એકદમ ઘોડાપરથી નીચે ઉતરી પડયો અને તેણે મુડદાને બારીકીથી જોયું. મુડદું બહુ કુગાઇ ગએલું નહોતું એટલે તુરતજ ઓળખાઈ ગયું. વળી તેની આંગળીમાં શક્તિમંડળની સંકેતમુદ્રિકા હતી, એટલે તો કાલિકાપ્રસાદને જરા પણ સંશય રહ્યો નહિ.

તેજસીંગ અને દાનસીંગે પણ તેને ઓળખી કાઢી, કારણકે સૌથી પહેલીવાર તેમને વિલાસભુવનમાં લઇ જનારી એ જ સ્ત્રી હતી.

કાલિકાપ્રસાદ બોલ્યો: "બિચારી શાથી મરી ગઇ તેની ખબર પડતી નથી. હજી બે દિવસ પહેલાં તો તે મને એક ધર્મશાળામાં મળી હતી."

એક સ્વાર બૂમ મારી ઉઠયો: "અરે મહારાજ! કોઇએ તેનું ખૂન કરેલું છે! આ જુઓ, તેના કાળજામાં ખંજર પેઠેલું છે અને હજી એ હથિયાર પણ જેમનું તેમ જ રહેલું છે."

કાલિકાપ્રસાદે તે ખંજર પોતાના હાથમાં લીધું અને તેની તીક્ષ્ણ ધાર તથા નકશીદાર મૂઠ લક્ષપૂર્વક તપાસી જોઈ. તેણે તે ખંજરને

તુરત ઓળખી કાઢ્યું અને પોતાના માણસોને કહ્યું: "આપણી પહેલાંની ગોઠવણમાં હવે મને ફેરફાર કરવો પડશે, કારણકે મને સંગમપુર પાછા ગયા વિના હવે ચાલે તેમ નથી. પેલી રાંડ રમણી બેઇમાન થઇને આપણી સાથે વેર કરી બેઠી હોય એમ લાગે છે. મારે પહેલાં ત્યાંનો સારો બંદોબસ્ત કરવો પડશે. તેટલા માટે તમે સઘળા આ બન્ને જણને લઇ જાઓ અને જે કાંઇ વ્યવસ્થા નિયમ પ્રમાણે કરવામાં આવે છે તે તમે પોતે જ કરજો." એમ કહીને કાલિકાપ્રસાદ પોતાના ઘોડા ઉપર પાછો સ્વાર થવા લાગ્યો.

એટલામાં તેજસીંગ બોલ્યો: "ગુરૂવર્ય! આપની સાથે એકાંતમાં મારે જરા ગુપ્ત વાતચીત કરવાની છે."

"એવું ગુપ્ત વળી શું કહેવાનું છે? કાલિકાપ્રસાદે તેના તરફ તિરસ્કારપૂર્વક નજર કરીને પૂછ્યું.

"તેવું જ કાંઇ અત્યંત ગુપ્ત હોયા વિના હું આપને એવી વિનતિ કરત નહિ, પણ મેં આપને ખુલ્લું જ કહી દીધું હોત." તેજસીંગ બોલ્યો.

"ત્યારે તમે જરા બાજુએ જાઓ." કાલિકાપ્રસાદે પોતાના ઘોડેસ્વારોને ઉદ્દેશીને કહ્યું. પછી તેણે તેજસીંગને કહ્યું: "જે કાંઇ કહેવાનું હોય તે હવે તું ટૂંકામાં બોલી જા."

"ગુરૂવર્ય! હવે અમારી કેવી સ્થિતિ કરવામાં આવનાર છે એ અમે જાણતા નથી, તોપણ તમારા ભયંકર શબ્દો ઉપરથી અમે તેટલું અનુમાન કરી શકયા છીએ કે અમારા જીવ જોખમમાં પડે તેવીજ દશા કરવામાં આવનાર છે. પરન્તુ અમે કેવળ અમારાજ કલ્યાણને માટે નહિ, પણ આપનાએ કલ્યાણને માટે વિનવીએ છીએ કે, આપ જે કાંઇ કરવાના હો, તે દીર્ઘ વિચાર કરીને કરજો. અમારો માલેક અમારૂં વૈર લીધા વિના રહેશે નહિ."

"તમારો માલેક તો પેલો બળવંતસિંહ જ ને ? તેની હું કાંઇ બહુ પરવાહ રાખતો નથી. તમારા કરતાં હું તેને વધારે સારી રીતે ઓળખું છું." કાલિકાપ્રસાદ તુચ્છતાદર્શક સ્વરથી બોલ્યો.

"શું તમે તેમને ઓળખો છો ?" તે બન્ને જણ આશ્ચર્યચકિત થઇને બોલી ઉઠયા.

"તે એક લુચ્ચો માણસ છે, મેં પૂર્વે વીરધવળ મહારાજાને એક પત્ર લખ્યો હતો, તે પત્ર એના હાથમાં કયાંથી આવ્યો તે હું સમજી શકતો નથી; તે પત્રના જ બળ ઉપર રહીને તેણે પોતાનો સ્વાર્થ સાધી લેવાનો નિશ્ચય કર્યો હતો. તેણે એક બનાવટી કાગળ તૈયાર કરીને પોતાને ગુર્જરેશ્વરનો પ્રતિનિધિ જણાવી સરદારોની સભામાં આવ્યો હતો, પણ ત્યાં આગળ તેની લુચ્ચાઇ ખુલ્લી પડી ગઇ." કાલિકાપ્રસાદ બોલ્યો.

"કેવળ ખોટી વાત !" દાનસીંગ બોલ્યો: "અમે શું કહેવા માંગીએ છીએ તેની તમને કલ્પના પણ નથી."

"હું સઘળુંએ જાણું છું." કાલિકાપ્રસાદ બોલ્યો: "એ તમારો બળવંતસિંહ એક રાત શ્યામગઢમાં રહ્યો હતો. ત્યાં આગળ વિષયમલ તેની લુચ્ચાઇ સમજી ગયો અને તેણે સંગમપુર ખાતે પોતાના પિતા ભભૂતમલ ઉપર સંદેશો મોકલાવ્યો. તે ઉપરથી ભભૂતમલે એક ખાસ માણસને પાટણ મોકલીને ખબર કઢાવી. તે માણસ માત્ર એક જ ઘડી પાટણમાં રહ્યો, પણ એટલી વારમાં તો તે સઘળું જાણી ગયો !"

"તેણે પૂરેપૂરી તપાસ—" તેજસીંગ બોલવા લાગ્યો.

કાલિકાપ્રસાદ ક્રોધ કરીને બોલ્યો: "ચુપ રહે ! વચમાં બોલ નહિ ! તે માણસે ચાર–પાંચ રાજદરબારી માણસોને મળીને તપાસ

કરી તો જણાયું કે બળવંતસિંહ નામનો કોઇ સરદાર કે અમીર-ઉમરાવ જ પાટણના આખા રાજ્યમાં નહોતો! એ પ્રમાણે ખાત્રી કરી લઇને તે માણસ પાછો ફર્યો. તે દિવસની સરદારોની સભામાં જો વીરોત્તમ ન આવ્યો હોત, તો તે અમારા પંજામાંથી છટકી શક્યો હોત જ નહિ. તે વીરોત્તમનો જ ગુપ્ત દૂત હોવો જોઇએ એવી અમારી પૂર્ણ ખાત્રી થઇ છે. તેને એક વાર મેં પકડયો હતો, પણ તે અમારા હાથમાંથી છટકી ગયો."

"તમે તેમને કયારે પકડયા હતા, તે અમે કશું જાણતા નથી." દાનસીંગ બોલ્યો: "પણ તમે તેમના ઉપર જે લુચ્ચાઇનો આરોપ મેલો છો, તે તદ્દન ખોટો છે. તેમના જેવો પ્રતિષ્ઠિત માણસ અમારા આખા ગુજરાત દેશમાં કોઇ પણ નથી."

"ચુપ રહો, હરામખોરો!" કાલિકાપ્રસાદ ચ્હીડાઇને બોલ્યો: "તમારો માલેક લુચ્ચો છે, તે માટે મારી ખાત્રી થઇ ચૂકી છે. તેણે મારી પાસે સોગંદ લીધા હતા કે પોતે રાજકન્યાની શોધ કરશે નહિ, તોપણ તેણે તમને રાજકન્યાની શોધ માટે મોકલ્યા, એટલા ઉપરથી જ તેની લુચ્ચાઇ જણાઇ આવે છે."

"તદ્દન જૂઠી વાત!" તેજસીંગ બોલ્યો: "રાજકન્યા અમુક સ્થળે રહે છે એની અમને કિંવા અમારા માલેકને બિલકુલ ખબર નથી. કારણકે અમે બે વાર એ સુખભુવનમાં ગયા છીએ, પણ તે આંખે પાટા બંધાવીને જ ગયા છીએ. એકવાર એક વૃદ્ધ સ્ત્રી અમને લઇ ગઇ હતી અને બીજી વાર ખુદ એ સુખભુવનની અધિષ્ઠાત્રી જ લઇ ગઈ હતી."

"શું એ ખરી વાત?" કાલિકાપ્રસાદ તેમની સામે આશ્ચર્યથી જોઇ રહીને બોલ્યો: "તમે જે વૃદ્ધ સ્ત્રીની વાત કહો છો—"

"તે જ સ્ત્રીનું આ મુડદું પડેલું છે." તેજસીંગ બોલ્યો.

"એ સંબંધી તમારી વાત કદાચ ખરી હશે; બળવંતસિંહે કદાચ તમને ત્યાં નહિ મોકલ્યા હોય; પણ તેટલા ઉપરથી બીજી બાબતોમાં તે સાચો હોય એમ કહી શકાય નહિ." કાલિકાપ્રસાદ કિંચિત્ વિચાર કરીને બોલ્યો.

"પણ અમે જે કાંઇ કહેવા માંગીએ છીએ તે બરાબર સાંભળી લો, તે બહુધા તમે અમને મુક્ત કર્યા વિના રહેશો નહિ." તેજસીંગ ઘોડાની લગામ છોડીને કાલિકાપ્રસાદ તરફ બન્ને હાથ પ્રસારીને બોલ્યો: "જરા પાસે આવો, તમારા કાનમાં એક વાત કહું."

"ત્યાંથી જ કહે. પાસે આવવાની કશી જરૂર નથી, મારા સઘળા માણસો છેટે ઊભા છે, એટલે તેઓ સાંભળી શકશે નહિ." કાલિકાપ્રસાદ શંકાશીલ મુખમુદ્રાથી તેના તરફ જોતો બોલ્યો.

"એમ નહિ, તે બહુ મહત્ત્વની વાત છે અને તેથી તમારા કાનમાં જ તે કહેવી જોઇએ." એ વખતે કાલિકાપ્રસાદ તેની તદ્દન નજીક આવ્યો. તેના કાન પાસે પોતાનું મ્હોં લઇ જઇને તેજસીંગ બોલ્યો: "સરદાર બળવંતસિંહ એટલે—"

છેલ્લો શબ્દ તેણે એટલો ધીમો ઉચ્ચાર્યો કે તે એકલો કાલિકાપ્રસાદ જ સાંભળી શક્યો. તે સાંભળતાં જ તે આશ્ચર્યચકિત થઇને બોલ્યો: "હા! હવે સઘળું મારા ધ્યાનમાં આવી ગયું! હવે બધી વાત મળતે મળતી આવી ગઇ! હું મોટો મૂર્ખ બન્યો ખરો, કારણકે આ વાત બહુ વહેલી મારા ધ્યાનમાં આવવી જોઇતી હતી."

"ત્યારે હવે તમે મને અને મારા સોબતીને છોડશો કે નહિ?" દાનસીંગે પૂછ્યું.

"પણ મને પહેલાં એટલી વાત કહો કે તે વિલાસભુવનમાં તમે જે બનાવો જોયા, તેની વાત તમે તમારા માલેકને કહી તો નથી ને!" કાલિકાપ્રસાદે પૂછ્યું.

"ના, ના." તેજસીગ બોલ્યો: "જે ભયંકર પદાર્થની સમક્ષ અમે સોગંદ લીધા છે—"

"ઠીક, ત્યારે પછી તમારી હીંમત ચાલી શકે તેમ છે જ નહિ!" કાલિકાપ્રસાદે શબ્દો એટલા મોટેથી ઉચ્ચાર્યા કે તેના સ્વારો જે જરા દૂર ગયા હતા, તે સત્વર નજીક આવ્યા. તેઓ ત્યાં આવ્યા, એટલે હવે પછી શું કરવું તે વિષે કાલિકાપ્રસાદે તેમને સઘળી સમજુતી આપી અને પછી તે પોતાનો ઘોડો પાછો ફેરવીને સંગમપુર તરફ દોડતો ચાલ્યો.

પોતાની વિનંતિથી કશો અર્થ સર્યો નહિ અને ઉલટી પોતે પોતાની અત્યંત ગુહ્ય વાતને ખુલ્લી કરી નાંખી, એ જોઇને તેજસીંગ અને દાનસીંગને બહુ ખોટું લાગ્યું. પોતાની મુર્ખતાને માટે પશ્ચાત્તાપ કરતા તેઓ આગળ ચાલ્યા થોડે દુર જતાં જ શ્યામગઢના કિલ્લાની ઇમારતોના સુવર્ણકળશો તેમના જોવામાં આવ્યા. કેટલીક વારસુધી તો તે સઘળા તે કિલ્લા તરફ જ ચાલ્યા, પરન્તુ થોડે આગળ જતાં તેમણે પોતાનો ચાલવાનો માર્ગ બદલ્યો અને કિલ્લાની જમણી બાજુ તરફના જંગલમાં પ્રવેશ કર્યો. જંગલમાં કેટલેક આઘેસુધી ગયા પછી એક નાનું દેવાલય તેમના જોવામાં આવ્યું. ત્યાં આગળ તેમણે પોતાના ઘોડા ઊભા રાખ્યા. કેદીઓને દેવાલયમાં ઉતાર્યા પછી એક સ્વાર ત્યાંથી કોઈ બીજી તરફ ચાલ્યો ગયો અને થોડી વારમાં એક વૃદ્ધ પુરૂષને લઇને ત્યાં પાછો આવ્યો. એ વૃદ્ધ પુરૂષ શ્યામગઢના કિલ્લેદારનો કારભારી હનુમંતસીંગ જ હતો અને

તેજસીંગ તથા દાનસીંગે તેમને સત્વર ઓળખી કાઢ્યો. તેમણે તેના તરફ જોયું, તો તે પોતા તરફ દયાર્દ્ર દૃષ્ટિથી જોઇ રહ્યો છે એવો તેમને ભાસ થયો. કેટલીક વારસુધી તેણે ઘોડેસ્વારોની કાંઈ છાની વાત કરી. પછી તેણે કેદીઓ તરફ જોઇને તેમને ડરાવતાં કહ્યું: "છોકરાઓ! જરા રહો, હું તમારા હાથ બાંધી લઉં. પછી હું તમને જ્યાં લઇ જઉં ત્યાં મુંગા મુંગા ચાલો. જો કાંઇ પણ ગરબડ કરશો તો સૌથી પહેલાં તમારી જીભ જ કાપી નાંખીશ, સમજ્યા કે?"

હનુમંતસીંગે જોકે તેમને એ રીતે બહુ ડરાવ્યા, તોપણ કોણ જાણે શાથીએ તેજસીગ અને દાનસીગને તેથી બીક લાગી નહિ. પછી સ્વારોએ એ બન્ને જણના હાથ એવી રીતે બાંધ્યા કે તેઓ ફક્ત ચાલી શકે ખરા, પરન્તુ કશું તોફાન કરી શકે નહિ.

પછી દેવાલયમાંનું ગુપ્ત દ્વાર ઉઘાડીને વૃદ્ધ કારભારી ભોંયરામાં ઉતર્યો, તેની પાછળ બન્ને કેદી અને તેમની પાછળ સ્વારો ઉતર્યા, જે ભવિસ્યનો આજ ત્રણ દિવસથી તેઓ વિચાર કરી રહ્યા હતા, તે જ ભવિષ્ય અત્યારે તેમની સામે આવી ઉભું રહ્યું! કાલિકાને બળિદાન આપવું એવો નિશ્ચય તો થઇ ચૂકેલો જ હતો; પણ તે બળિદાન કેવી રીતે આપવામાં આવશે તે તેમના ધ્યાનમાં નહિ આવવાથી મૃત્યુના અનેક ભયંકર પ્રકાર તેમની આંખો સામે આવીને ઉભા રહ્યા હતા! છેવટે તેઓ એક બંદીખાના જેવા ભયાનક સ્થળે જઇ પહોંચ્યા પછી હનુમતસીંગે ભોંયરાનું દ્વાર બંધ કરી વાળ્યું. દુર્દૈવી કેદીઓને એવું લાગ્યું કે એજ કોટડીમાં તેમને પુરી રાખવામાં આવનાર હશે, પરન્તુ દ્વારને તાળુ વાસીને કારભારીએ જ્યારે તેમને પોતાની પાછળ પાછળ

આવવાનું કહ્યું, ત્યારે તેમની તે કલ્પના દૂર થઇ. પછી તે ત્રણે જણ એક દાદર ચડીને ઉપર ગયા; ત્યાં આવેલાં પેલાં ભયંકર ચક્રો તેમની નજરે પડયાં. તે ભયંકર ચક્રયન્ત્ર જોતાં જ કેદીઓ ગર્ભગલિત સરખા બની ગયા ! ભાલાનાં ફળાં સરખાં તે ચક્રમાં બેસાડેલાં તીક્ષ્ણ ધારવાળાં હથિયારો પોતાના શરીરના સેંકડો ટુકડા કરી રહ્યા હોય, એવો તેમને ભાસ થયો. ચક્ર ઉપર પડતા પ્રકાશને લીધે તે ઘરઘરાટ કરતુ ફરી રહ્યું હોય એવો ભ્રમ ઉત્પન્ન થવા લાગ્યો. શરીરમાંથી રકત વહી જઇને પોતે તદ્દન શુષ્ક બની ગયા હોય એવું જ તેમને થવા લાગ્યું ! તેઓના પગ ઊપડયા નહિ. સ્વારોએ તેમને આગળ ચાલવાની તાકીદ કરી એટલે પછી તેમને ચાલવું જ પડયું. વળી એક બીજા દાદર ચડયા પછી તેઓ એક મોટા ચોક જેવા ઓરડામાં આવી પહોંચ્યા. ત્યાં પહોંચ્યા પછી હનુમતસીંગે એક દીવો પોતાના હાથમાં લીધો અને તે આગળ ચાલવા લાગ્યો. થોડેક દૂર ગયા પછી એકાએક એક ચકચકિત પદાર્થ તેમના જોવામાં આવ્યો. ત્રણ દિવસથી તેઓ જેનું ચિંતન કરી રહ્યા હતા, તે જ કાલિકાની મૂર્તિની સમીપમાં બળવંતસિંહના તે દુર્દૈવી સેવકો હતાશ થઇને ઊભા રહ્યા ! અષ્ટભુજા મહીષાસુરમર્દિનીની તે વિકરાળ મૂર્તિ જોઇને તેમના પગ થરથર ધ્રુજવા લાગ્યા !

તેમની તરફ જોઇને વૃદ્ધ કારભારી બોલ્યો:“છોકરાઓ ! હવે હાથ જોડીને દેવીને પગે પડો અને તેની દયાની યાચના કરો, કારણકે તમારી ઇહલોકની યાત્રા હવે પૂરી થઇ છે. હવે અધઘડી જેટલું તમારૂં આયુષ્ય બાકી રહ્યું છે, તેટલા સમયમાં મનને સ્વસ્થ બનાવીને મરવાને માટે તૈયાર થઇ જાઓ !”

આ શબ્દો સાંભળતાં જ તે બન્ને જણ એકદમ ભોંયપર પડયા.

કારભારીએ કહ્યા પ્રમાણે દેવીની પ્રાર્થના કરવાના તેમની ઇચ્છા હતી, પણ તેમનું ગળું સુકાઇ ગયું હોવાને લીધે મુખમાંથી એક પણ શબ્દ નીકળી શક્યો નહિ.

એટલામાં ભોંયરાની અંદર એકસરખો ભયંકર ઘંટનાદ થવા લાગ્યો. ઘંટના એક એક અવાજે પોતાના શરીરની એક એક નસ તુટતી હોય એવું તેમને લાગવા માંડયું. એટલામા દશ-વીશગરગડીઓ એકસામટી ફરવા લાગી ગઇ હોય તેવો મોટો ઘરઘરાટ તેમને કાને પડ્યો અને ચાર કાળા કાજળ સરખા પુરૂષો તેમની પાસે આવીને ઊભા રહ્યા, તેમણે હનુમંતસિંગને પૂછ્યુઃ "શો હુકમ છે સરકાર?"

"આ બન્ને જણનું કાલિકાને બળિદાન આપી દો !"કારભારીના મુખમાંથી નીકળેલા આ શબ્દો તેજસીંગ અને દાનસીંગના સાંભળવામાં પૂરેપૂરા આવ્યા–ન આવ્યા, યાં તો તેમને મૂર્છા આવી અને તેઓ એકદમ ભોંયપર પછડાઇ પડયા !

પ્રકરણ ૨ જું.

અરીષ્ટ ટળ્યું.

તે બન્ને જણ જ્યારે શુદ્ધિમાં આવ્યા ત્યારે પોતાની પાસે કાળા પોશાકવાળા ત્રણ ભયંકર પુરૂષો ઊભા છે એવું તેમની નજરમાં આવ્યું એક વાર ચોતરફ દૃષ્ટિ ફેંકતાં જ તેઓએ જાણ્યું કે પોતે જ્યાં હતા ત્યાંના ત્યાંજ હતા હાથમાં દીવો લઈને કારભારી પાસે ઉભો હતો, અને સાથે આવેલા સ્વારો પણ એક બાજુએ ઊભા હતા, કાલિકાની વિકરાળ મૂર્તિ સામે દેખાતી હતી, તે ઉપરથી પૂર્વે પોતે જોયેલા પ્રકાર

સ્વપ્ન નહિ પણ સત્ય જ છે એવી તેમની ખાત્રી થઇ. કાળાં કપડાં-વાળા એક પુરૂષના હાથમાં એક શીશી હતી અને તેમાંનું ઔષધ પોતાના મુખમાં રેડવામાં આવ્યાથી પોતે પુનઃસાવધ થઇ શક્યા છે એ તેમના ધ્યાનમાં આવ્યું. હવે પોતાને મારવા માટે કેવી પીડા ઉપ-જાવવામાં આવશે તે વિચારવા તરફ તેમનું મન વળ્યું. આ વખતે તેમના હાથપગ છૂટા કરવામાં આવ્યા હતા, તેથી તેમણે એકબીજાને સપ્રેમ વળગી પડીને છેવટની ભેટ લેવાનો વિચાર કર્યો. તેમની આંખો માંથી અશ્રુધારા વહેવા લાગી.

દાનસીંગે તેજસીંગને કહ્યું: " ભાઇ ખરા! ગુજર્જર શૂરવીરને ન શોભે તેવું મરણ આપણે માટે નિમાણ થયું છે, એજ મને બહુ દુઃખ ઉપજાવે છે!"

" હાય! હાય! આપણને જો રણક્ષેત્રમાં શત્રુની સાથે લડતાં મરણ આવ્યું હોત, તો તેથી આપણે આપણા અવતારને સફળ થયો માની શકત, પરન્તુ આવી રીતે એક ભોંયરાની અંધકારમય એકાંતમાં અપ્રશસ્ત મરણે મરવું એ કેટલું બધું ખરાબ?"

દાનસીંગ કરૂણ દૃષ્ટિથી હનુમતસીંગ તરફ અને પેલા ત્રણ કાળા પોશાકવાળા મારાઓ તરફ જોઇને બોલ્યો: " અહો! તમને શું અમારી દયા આવતી નથી?"

એક મારો બોલ્યો: " દયા, એ શબ્દ આ સ્થળે ઉચ્ચારવો જ નહિ!"

આ શબ્દ સાંભળતા જ મારાઓએ પોતાના મસ્તક પર તલવાર મારી હોય એવો તેમને ભાસ થયો. એક ઘાની સાથે જ પોતાના બે ટુકડા થઇ જાય તો સારૂં, એવું તેમને લાગ્યું, પણ અરધું મસ્તક છેદ્યા પછી તેમાંથી રક્ત વહેતાં વહેતાં મરણ થાય અને એ રીતે

અસહ્ય વેદના સહન કરવી પડે, એવું મરણુ તો ભયંકર ! ખરેખર, ઘણું જ ભયંકર ! !

તેજસીંગ દાનસીગને કંઠાલિંગન આપીને બોલ્યોઃ "દાન-સીંગ ! હવે શોક કરવો છોડી દે. ઇહલોકની આપણી યાત્રા હવે પૂરી થઇ. પરલોકમાં આપણે મળીશું. આપણા આ મરણુનો બદલો પર-મેશ્વર એ દુષ્ટો પાસેથી લીધા વિના રહેશે નહિ."

"મને આપણા મરણુને માટે કશી ચિંતા થતી નથી, પરન્તુ આપણે જઇશું, એટલે આપણા આલેકની શી સ્થિતિ થશે ? રેવાને મન કેવું લાગશે ? માતાપિતા કેટલો શોક કરશે ? લોકો કેવી કલ્પના કરશે ?" દાનસીંગ બોલ્યો.

"દાનસીંગ ! એ વાત અને વિચાર સર્વે છોડી દે ! તે બધું સંભારવાનો આ વખત નથી." તેજસીંગે કહ્યું.

હનુમતસીંગ બોલ્યોઃ "અરે અભાગીયાઓ ! વખત પૂરો થવા આવ્યો છે, માટે જો ઇશ્વરનું નામ લેવું હોય તો લઇ લો." એ શબ્દો સાંભળતાં જ તે બન્ને જણુ એક બીજાથી છૂટા પડયા. એ જોઇને હનુમતસીંગે સ્વારોને કહ્યુંઃ "તમે હવે ખુશીથી પાછા જાઓ. આ હરામખોરો હવે પુરી રીતે મારા તાબામાં આવી ગયા છે. હું પોતે જ હમણાં તેમનું બળિદાન આપી દઉં છું. તેમને થતી વેદના કદાચ તમા-રાથી સાંભળી જશે નહિ !"

"ખરી વાત, કારભારી સાહેબ ! અમારાથી આટલું પણુ જોયું જતું નથી ! જો તેઓ બેશુદ્ધ બની ગયા નહોત, તો અમે ક્યારનાએ ચાલ્યા ગયા હોત. પણુ તેઓ શુદ્ધિમાં આવે છે કે નહિ એ જોવાને માટે જ અમે ઉત્કંઠાથી અહીં ઊભા રહ્યા છીએ. ત્યારે હવે અમે વિદાય થઇએ છીએ." એમ કહીને તે સ્વારો ઉતાવળા ત્યાંથી ચાલ્યા

જવા લાગ્યા, જાણે કે ત્યાં વધુ વાર ઊભા રહેવાથી તેમને પોતાને કશી ધ્રુજ થવાની હોયની !

કારભારીએ તેમને કહ્યું: " મહારાજશ્રીને કહેજો કે ગુન્હેગારો મારા હાથમાં પહોંચી ગયા છે."

એક સ્વાર બોલ્યો: " વારૂ પણ કૃપા કરીને અમને એક દીવો આપો. આ અંધારામાં અમારાથી એક ડગલું પણ ભરી શકાશે નહિ."

" ચાલો હું પોતે જ આવીને એક વાર તમને રસ્તો બતાવી દઉં " એમ કહીને કારભારીએ એક દીવો હાથમાં લીધો

કારભારી અને સ્વારો ચાલ્યા ગયા એટલે મૂર્તિની પાસે એ બે કેદીઓ અને ત્રણ મારાઓ એ પાંચ જણ ત્યાં રહ્યા. કારભારી ઊભો હતો, ત્યાં સુધી મારાઓએ કેદીઓને મજબૂત રીતે પકડી રાખ્યા હતા, પણ તે ત્યાંથી જતાં જ તેમણે પોતાના હાથ ઢીલા કર્યા, પણ તે કશું એ દુર્ભાગી કેદીઓના સમજવામાં આવ્યું નહિ. તેમનું શરીર મોકળું થયું ખરૂં, પણ તેમનું મન મોકળું હતું શું ? ચારે બાજુની ચારે ભીંતો પોતાની તરફ ધસી આવે છે, એવું જ તેમને ભાસવા લાગ્યું ! એ ચારે ભીંતોની વચ્ચે પોતે હમણાં કચરાઈ મળશે, એવું મનમાં આવતાંની સાથે તેઓ એકદમ ચીસ પાડી ઉઠયા !

એ ચીસ સાંભળીને કારભારી ઉતાવળો ઉતાવળો પાછો આવ્યો અને તેણે તેમને ચીસ પાડવાનું કારણ પૂછ્યું. તે સાંભળીને તે બન્ને જણ તેની તરફ જોવા લાગ્યા. તેમને હવે દેખાયું કે ચોમેરની ભીંતો તો જ્યાંની ત્યાં જ હતી, પરન્તુ વૃદ્ધ કારભારી માત્ર હાથમાં દીવો લઇને પાસે ઊભો હતો. તે બન્ને જણને આ વખતે કારભારીનો ચહેરો કાંઈક જુદા જ પ્રકારનો દેખાયો. અત્યારે તેમાં પહેલાનું ભયંકરપણું

બિલકુલ દેખાતું નહોતું. પરન્તુ તે કેવળ દયાર્દ્ર જ જણાતો હતો. તેને જોતાં જ દાનસીંગ બોલ્યોઃ " ભાઈ! આપણા પરનું અરિષ્ટ હવે ટળી ગયું! આપણે બચી ગયા!"

"ઈશ્વર એવું કરે તો કેવું સારુ?" તેજસીંગ બોલ્યો.

એ શબ્દો સાંભળતાં જ કારભારીનો કંઠ ભરાઈ આવ્યો અને બોલ્યોઃ ": શું, મરણ? છોકરાઓ! મરણ હવે તમારા પરથી દૂર થયું છે અને પ્રભુ તેને દૂર જ રાખો! તમને મેં આટલા વખતસુધી જે માનસિક દુઃખ દીધું છે તેને માટે પ્રભુ મને ક્ષમા કરો!"

અહાહા! આ શબ્દો સાંભળવાથી એ બન્ને જણને કેટલો આનંદ થયો હશે, તે કહેવાને આ કલમ અશક્ત છે! પરન્તુ પુનઃ તેમના મનમાં શંકા ઉત્પન્ન થવા લાગી. કારભારીએ આ શબ્દો ખરેખરા જ ઉચ્ચાર્યા હતા કે પોતાને માત્ર તેવો ભાસ જ થયો, તેનો ખુલાસો કરી લેવાને તે તેની તરફ ઉત્સુકતાથી જોવા લાગ્યા.

કારભારીની દૃષ્ટિ દયાયુક્ત દેખાતી હતી. તેની આંખોમાં આંસુ આવ્યાં હતાં, તે ઉપરથી તેમને ભરોસો ઉત્પન્ન થયો કે કાંઇક આશા છે ખરી! તેઓ પેલા મારા તરફ પણ જોવા વાગ્યા. તો તેમણે પોતાના કાળા પોશાક ઉતારી નાંખેલા માલૂમ પડયા. તેમના શરીર ઉપર માત્ર સફેદ વસ્ત્રો હોવાથી હવે તેઓ શાંત અને ગંભીર દેખાતા હતા. મનુષ્યનો પ્રાણ લેનારાઓના અંગમાં જે ક્રૂરતા જોઇએ તે હવે તેમનામાં દેખાતી નહોતી, ત્રણના ચહેરા એકસરખા જ દેખાતા હતા, તે ઉપરથી તેઓ કદાચ ત્રણ ભાઈઓ હશે, એવું તેજસીંગ અને દાનસીંગના મનમાં આવ્યું. વળી તેમના શરીરના ઘાટ ઉપરથી પણ તેઓ સહોદર હોવા વિષે તેમને ભ્રમ ઉત્પન્ન થયો.

પણ આ એક સ્વપ્નું તો નહિ હોય? આ લોકો તો પ્રાણ

લેનારા હતા કે બચાવનારા હતા ! પરન્તુ આ સર્વ પ્રકાર ખરેખરો હતો. તેજસીંગ અને દાનસીંગ જરૂર મરવાના હતા, પરન્તુ કારભારીએ તેમના પ્રાણ બચાવ્યા હતા. તેવી જ રીતે પેલા ત્રણે જણા મારાઓ નહોતા, પરન્તુ કોઇ પ્રેમાળ ભાઇઓ જ હતા. એ પ્રમાણે થોડા વખત વિચારમાં ચાલ્યા ગયા પછી પોતાનાં આંસુ લૂછીને કારભારી બોલ્યોઃ "છોકરાઓ ! મારા અને આ મારા મિત્રોના નિષ્ઠુરપણા માટે અમને ક્ષમા કરજો. મેં નિરૂપાયે તમને દુઃખ દીધુ છે. પેલા સ્વારોના દેખતાં તેમ જ કરવાની મને જરૂર હતી. તેમને જો અમારા ઉપર સંશય આવ્યો હોત, તો અમારા ઉપર પણ આવો જ પ્રસંગ ગુજર્યા વિના રહેત નહિ."

"ત્યારે આ કાલિકાની મૂર્તિ શું ખરેખર મનુષ્યભક્ષક નથી ? ફક્ત તે શાસ્ત્રોથી ભયંકર દેખાય છે, એટલું જ ! તેજસીંગે પૂછ્યું.

"ખરેખર, જેવી તું કહે છે, તેવી જ જો આ મૂર્તિ હોત, તો મને કેટલો આનંદ થાત ? હાય ! હાય ! જો આ ભીંતોને વાચા હોત, તો તેઓ આ સ્થળે બનેલા ઘણા ભયંકર પ્રકારોનું યથાર્થ વર્ણન કરી શકત !" આ શબ્દો ઉચ્ચારતાં તે વૃદ્ધ કારભારીનું શરીર કમ્પવા લાગ્યું અને તેને આખે શરીરે ઘામ છૂટયો.

એ જોઇને દાનસીંગ બોલ્યો!"અમારા શબ્દોથી આપને દુઃખ થાય છે, તે માટે ક્ષમા કરજો. આપ કહો છો તે પરથી અમારી ખાત્રી થઇ છે, પણ મને એકવાર ફરીથી કહો કે અમારા જીવ આપે ખરેખર બચાવ્યા જ છે ને ?"

'હા ભાઇ ! હવે તમારો વાંકો વાળ પણ કરવાનું કોઇનામાં સામર્થ્ય નથી." કારભારી ગદ્દગદ્દ કંઠે બોલ્યો.

"ઇશ્વર તમારૂં રક્ષણ કરો !" પેલા ત્રણે ભાઇઓ—મારાઓ

બોલ્યા: "અમારે હાથે હવે તમને જરા પણ પીડા થશે નહિ."

પોતાનો જીવ જતો બચ્યો, એ સંપૂર્ણ રીતે સમજવામાં આવતાં જ તેજસીંગ અને દાનસીંગ ખુશાલીમાં એક બીજાને ગળે વળગી પડયા. તેમનાં નેત્રોમાંથી આનંદાશ્રુ વહન કરવા લાગ્યાં. તેમના પ્રેમનો પહેલો ઉભરો શમ્યા પછી કારભારી બોલ્યોઃ ભાઇઓ ! હવે ચાલો, આ ભયંકર જગ્યામાંથી સત્વર બહાર નીકળી જાઓ. તમારે અહીંથી હવે બહુ દૂર જવાનું નથી, મારી સાથે ચાલો."

એમ કહીને કારભારી હાથમાં દીવો લઇને આગળ, થયો, પણ તે ખુલ્લા દરવાજા તરફ ન જતાં ભીંત પાસે જઇને ઊભો રહ્યો. તે સ્થળે એક ગુપ્ત કળ હતી, તે દાબતાં જ એક દરવાજો ઉઘડયો અને તેઓ સઘળા અંદર જતા જ તે એકદમ બંધ થઇ ગયો. તે દરવાજો એટલો તો બે માલમ રીતે બંધ થઈ ગયો કે અજાણ્યા માણસને તો ત્યાં આગળ દરવાજો હશે એવો ખ્યાલ પણ આવી શકે નહિ.

પ્રકરણ ૩ જું.

ગુપ્ત બંધુમંડળ.

તે સર્વ જણાઓ જે દીવાનખાનામાં ગયા, તે ઘણું લાંબુ પહોળું અને ભવ્ય હતું. અંદર હવા આવવા માટે બાજુની પત્થરની દીવાલોમાં ચાર પાંચ બાકાં રાખવામાં આવેલાં હતાં. તેમાંથી પ્રકાશ બિલકુલ આવતો નહોતો. તે બાંકાં ઉપર લાકડાની ચીપોની જાળી જડી દેવામાં આવી હતી. તેથી તેમાં થઇને બહારના લોકોથી અંદરનો પ્રકાર જોઇ શકાય તેમ નહોતું. તે સ્થળે ચાર મોટી દીવીઓ બળી રહી હતી, તેથી જ ચોતરફ પ્રકાશ વિસ્તરી રહેતો હતો.

આ સ્થળે પુષ્કર માણસો નિવાસ કરી શકે એવી સોઇ કરવામાં આવી હતી, તેને આઠ મોટા દરવાજા હતા. પરંતુ તે સઘળા હાલમાં બંધ રહેતા હતા, આટલી વિશાળ અને સુંદર જગ્યા નકામી પડી રહેલી જોઇને તેજસીંગ અને દાનસીંગને બહુ આશ્ચર્ય ઉત્પન્ન થયુ. વૃદ્ધ કારભારીએ તેમને નીચે બેસવાનું કહ્યું, તે પ્રમાણે તેઓ નીચે બેઠા. એટલામાં પૂર્વોક્ત ત્રણે મારાઓએ બાજુંનું દ્વાર ઉઘાડીને ખાવા-પીવા માટેના કેટલાક પદાર્થો ત્યાં આગળ લાવી મૂકયા અને પછી એક બીજે દરવાજે ઉઘાડીને તેઓ ચાલ્યા ગયા, એટલે હવે ત્યાં તેઓ બે જણા અને વૃદ્ધ કારભારી એ ત્રણ જ રહ્યા.

"છોકરાઓ ! આ ભોજન કરી લઇને હવે તાજામાજા બનો. આજથી હવે તમે તદ્દન નવી સૃષ્ટિમાં આવ્યા છો, અને એ સંબંધે જ બીજું કેટલુંક મારે તમને કહેવાનું છે." કારભારીના આ શબ્દો સાંભળીને તે બન્નેની એટલી તો ખાત્રી થઇ કે પોતાનો જીવ બચી ચૂકયો છે, તોપણ પોતે હજી તદ્દન છૂટા નથી એવું પણ તેમના મનમાં આવ્યું અને તેથી તેઓ એક બીજાની સામે જોવા લાગ્યા. તેઓ જ્યારે નાસ્તો કરવા લાગ્યા, ત્યારે કારભારી બોલ્યોઃ "ભાઇઓ ! તમે કેવા ભયંકર મૃત્યુના પંજામાંથી બચી ગયા છો. તે તો તમારા ધ્યાનમાં આવ્યું જ હશે તમારા પ્રાણ બચ્યા છે ખરા, પરન્તુ તમારી સ્વતંત્રતા તો નષ્ટ જ થઇ છે. જગત્‌ની દૃષ્ટિમાં તો તમે મરણ પામેલા જ છો ! ઇશ્વરની દયાથી જો હું જે સમયની રાહ જોઉ છું, તે સમય આવી પહોંચ્યો. તો–"

"હશે, ગમે ત્યારે પણ અહીંથી છૂટવાની તો હજી આશા છે ખરી !" તેજસીંગ બોલ્યો.

"કહો, કહો, વૃદ્ધ કાકા સાહેબ ! આપના શબ્દોથી અમારા

અંતઃકરણમાં આશાના અંકુરને ફુટવા દો, " દાનસીગ બોલ્યો:" જગતની દષ્ટિથી અમે મરણ પામેલા જ છીએ, પણ—"

કારભારી બોલ્યો: "હજી થોડી એક આશા છે ખરી! હાલનો સમય બદલાઈ જાય, રાજ્યમાં સર્વત્ર શાંતિ પ્રસરે અને આ શાક્તમતાનુયાયીઓની સત્તા નાશ પામે, ત્યારે તમને અને બીજા ત્રણ જણાઓને મુક્તતા મળી શકે તેમ છે!"

"અને તેવું ન થાય તો?" તેજસીંગે પુછ્યુ

"તો તમારે તમારી આખી જીંદગી અહીં જ ગાળવાની છે!" કારભારીએ ખેદ સાથે જણાવ્યુ.

દાનસીગ બોલ્યો: શું મૃત્યુસુધીનો બંદીવાસ! નહિ નહિ, તમે એટલા નિર્દય થશો નહિ! અમારા ઉપર દયા કરો!"

તેજસીગ બોલ્યો:"કારભારી સાહેબ! આપ વિચાર કરો અને અમારી યુવાન વય તરફ નજર કરો. હજી અમને વીસ વર્ષ પણ પૂરાં થયાં નથી!આટલી નાની વયમાં જ શું અમે જગતનો ત્યાગ કરી નાંખીએ? અમારાં માતપિતા હજી જીવતાં જ છે, તેમની અમને મળવાની ઉમેદ શુ નદન નષ્ટ હશે? કાંઈક તો વિચાર કરો, કાકાસાહેબ!"

આંખોમાં આંસુ આણીને કંપતિ સ્વરે તે વૃદ્ધ બોલ્યો: "છોકરાઓ! તમારી કરૂણાજનક વાણીથી તમે મને રડાવો છો, પરન્તુ મારા હાથમાં તેથી વિશેષ કશું પણ કરવાની શક્તિ નથી. મને દોષ દેવા પહેલાં તમે પોતે જ ખુલ્લા મનથી વિચાર કરો એવા ભયંકર મરણમાંથી મેં તમને બચાવ્યા છે, કે જે મરણની કલ્પના તમને સ્વપ્નમાં પણ આવી શકે નહિ! જ્યારે તમે તે મરણનો પ્રકાર સમજશો, ત્યાર તમે મને એક દેવના જેટલું માન આપશો; જીંદગીસુધીની

કેદ' આપ્તજનોનો વિયોગ, જગતની દૃષ્ટિમાં મૃત્યુ. એ સઘળું તમે સ્વીકારવા તૈયાર થશો, પણ તે પ્રકારના મોતને તો તમે નહિ જ ઇચ્છો ? આજસુધી શરીરને વેદના ઉપજાવનારાં અનેક ભયંકર શસ્ત્રો તમે જોયાં હશે, તે સઘળાં શસ્ત્રો એકત્ર થયાં હોય એવા એક શસ્ત્રથી કેટલી વેદના ઉત્પન્ન થાય તેનો તમે વિચાર કરો; તેના કરતાં પણ વધારે ભયંકર વેદનાને અન્તે તમારૂં મોત થયું હોત ! સર્વ શિક્ષાઓમાં ભયંકર એવી જે કાલિકાને બળિદાન દેવાની શિક્ષા છે તેમાંથી આજે તમે બચી ગયા છો, એટલું વિસરશો નહિ!"

તેજસીંગ બોલ્યોઃ "આપ તો અમને બહુ જ ભડકાવી મેલો છો!",

" તમારા ભાષણથી મારૂં મન તો કેવળ ભયભીત બની ગયું છે ! " દાનસીંગ બોલ્યો.

આ વેળાએ તે બન્ને જણનાં હૃદય એવા તો જોરથી ચાલતાં હતાં કે તેનો થડકારો તે શાંત ઓરડામાં સ્પષ્ટ રીતે સાંભળવામા આવતો હતો !

હનુમંતસીંગ કિંચિત્ કષ્ટ પામીને પણ નિશ્ચયપૂર્વક બાલ્યો : "હું તમને નકામો ભડકાવું છું એવું જો તમને લાગતું હોય,તોચાલો મારી સાથે. આખા જગત્માંના ભયંકર પદાર્થો કરતાં પણ વધારે ભયંકર પદાર્થ પ્રત્યક્ષ તમારી આંખોથી જ જોઇ લો ? એ કાલિકા કેટલી ભયંકર છે એ ત્યાર પછી તમારા સમજવામાં આવશે, ચાલો મારી સાથે."

કારભારી દીવો હાથમાં લઇને આગળ ચાલ્યો અને તે બન્ને જણા તેની પાછળ કાલિકાની મૂર્તિવાળા ભોંયરામાં દાખલ થયા.

* * * * *

થોડીએક ક્ષણોમાં તે ત્રણે જણા પુન: તે જ ઓરડામાં પાછા ફર્યા, તે વખતે તેમનાં મ્હોં કેવળ ફિક્કાં બની ગએલાં હતાં. તેઓ કેવળ ગભરાઇ ગયા હોય તેવા બની ગયા હતા !

તે દિવાનખાનામાં આવ્યા પછી હવે તેઓ શાન્ત થવા લાગ્યા. થોડી ક્ષણો પહેલાં જ તેમણે જે પ્રકાર જોયો હતો, તે હજીસુધી તેમની આંખો સમીપે તરવરી રહ્યો હતો. તે વૃદ્ધ કારભારી પણ તેમના જેવો જ ફિક્કો બની ગએલો હતો. તેનું આખું શરીર થરથર કંપી રહ્યું હતું.

થોડી વારે તેજસીંગ બોલ્યો:“આ સ્વપ્ન તો નહિ ! થોડી વાર પહેલાં મેં જે બનાવ જોયો તે શું ખરો હતો ? ભયંકર ! ખરેખર, અત્યંત ભયંકર ! આવો પ્રકાર તો આખી જીંદગીમાં ક્યાંય પણ જોવામાં આવે નહિ !”

દાનસીંગ બોલ્યો: “મને તો આ દેખાવ ઇંદ્રજાળ જેવો જ લાગે છે ! નહિતો જગત્માં શું આવું ખરેખર બનતું જ હશે ? આ તો ઘણી જ નવાઇની વાત ! કાકાસાહેબ !આપે હમણાં અમને જે ભયંકર મૃત્યુના મુખમાંથી બચાવ્યા છે, તે કરતાં તો જીંદગીસુધીનું બંદીખાનું કાંઇ ખરાબ ગણાય નહિ ! અમે આપના ગુલામ થઇને રહીએ,તોપણ આપના ઉપકારનું ઋણ ફેડી શકીએ નહિ. ”

“ કારભારી સાહેબ ! અમે સદૈવ આપની આજ્ઞામાંજ રહીશું! જગતની દૃષ્ટિએ અમે મરણ પામ્યા છીએ એવું જ અમે સમજી રહીશું ! હવે અમે જરા પણ આનાકાની વિના આપ કહેશો તે પ્રમાણે વર્તીશું, અમારી પ્રમાણે જ જે કાલિકાનાં બળિદાનોને આપે બચાવ્યા છે, તેમની સાથે અમે ભાઇ ભાંડુના સંબંધથી જ રહીશું” તેજસીંગ ગંભીરપણે બોલ્યો.

દાનસીંમ બોલ્યો: " અજ્ઞાતવાસમાં રહેવાની વાત અમને સંપૂર્ણપણે કબૂલ છે, પણ અમારા ખુશીખબર જો અમારા માતાપિતાને પહોંચી જાય તો તેમને વૃદ્ધ વયમાં કલેશ થવા પામે નહિ."

કારભારી બોલ્યો: " અરે ! એ વાત તો કેવળ અશક્ય જ છે ! આ જગતમાં તમારા અસ્તિત્વની શંકા કોઇ પણ વ્યક્તિને આવવી જોઇએ નહિ. તમે મરણ પામ્યા છો, એવું જ સૌ કોઇને જણાતું જોઇએ."

એટલામાં બાજુનો એક દરવાજો ઉઘડયો. પોતાપર કંઇક નવીન પ્રસંગ આવી પડયો કે શું, એવી ભીતિથી તે બન્ને જણ તે તરફ જોવા લાગ્યા, તો તેમના જોવામાં આવ્યું કે તે બાજુએથી એક શ્વેત આકૃતિ પોતા તરફ આવી રહી છે. તેનો ચહેરો કેવળ ફિક્કો માલૂમ પડતો હતો.

કારભારી બોલ્યો: " જે બાઇની કૃપાથી તમારા અને બીજાં બળિદાનોના પ્રાણ બચાવ્યા, તે જ આ બાઇ !"

આ શબ્દો સાંભળતાં જ તે બન્ને જણની ભીતિ દૂર થઇ અને તેઓ તેની તરફ સન્માનપૂર્વક જોવા લાગ્યા. પહેલાં તો તેમના મનમાં એવું આવ્યું હતું કે એ બાઇ જીવંત સ્થિતિમાં ન હોવી જોઇએ, પરંતુ પિશાચયોનિમાંની જ હોવી જોઇએ; પરન્તુ હવે તે સંશય દૂર થઇ ગયો. તે બાઈ દુ:ખી હતી ખરી, પરન્તુ મમતાળુ પણ દેખાતી હતી, તેના શરીરપરનો સફેદ પોશાક તો તેની ઉદાસીનતાને વધારે ખીલવતો જણાતો હતો. આવતાં આગળ આવતાં તે હળવેથી બોલી: તમે અહીં આવ્યા, તેથી મને કાંઇ બહુ આનંદ થતો નથી, ઉલટો ખેદ જ થાય છે; તોપણ તમને અહીં કોઇ પણ તરેહની અડચણ પડશે નહિ. મરણપર્યંત કિંવા તે શુભ દિવસ આવી પહોંચે ત્યાંસુધી."

એટલા શબ્દો બોલીને તે શ્વેત સ્ત્રી મુંગી રહી. તેનાથી આગળ બોલાયું નહિ. તે શોકથી–ગભરાટથી હીબકવા લાગી, તે જોઇને કારભારી બોલ્યો: " બાઇ ! દુઃખી ન થાઓ ! જે કામ કરવાને આપની લાડકી અલક સંગમપુર ગઇ છે, તે કામ–"

" કાકાસાહેબ ! હું પણ તે જ આશા ઉપર આધાર રાખી રહી છું. મારી ખાત્રી છે કે પરમેશ્વર આપણી સર્વ ઇચ્છાઓ પૂર્ણ કરશે ! આવી સંકટગ્રસ્ત સ્થિતિમાં જો આપણે પરમેશ્વરપર ભરોસો રાખીએ નહિ, તો આપણને કેટલું બધું દુઃખ થાય વારુ ?"

તેજસીંગ બોલ્યો: " બાઇસાહેબ ! દુઃખની વાર્તા હવે સમાપ્ત કરો. આપના ભાષણથી અમારા મનમાં આશા ઉત્પન્ન થઇ છે, તે કાયમ રહેવા દો. અમારૂં રક્ષણ કરવાને આપ અમારી પાસે જ રહેશો, એટલે અમને સર્વ પ્રકારનો આનંદ જ રહ્યા કરશે !"

" હા, માનવીની આશા તો ઘણી સ્વાભાવિક છે." તે સફેદ સ્ત્રી બોલી: " દરિઆઇ તોફાનમાંથી પાર ઉતરવાની આશા પણ રહે છે, ભૂલા પડેલા પ્રવાસીને માર્ગ જડવાની આશા પણ હોય છે, મોતની સજા પામેલા કેદીને મૃત્યુ આવતાંસુધી પણ બચવાની આશા રહ્યા કરે છે; તો પછી આપણે શામાટે નિરાશ થવું જોઇએ ?"

એ શબ્દો પુરા બોલાઇ રહ્યા, એટલામાં એક બીજો દરવાજો ઉઘાડીને ચાળીસેક માણસો ત્યાં આવ્યાં.

તે સર્વના પોષાક એક જ તરેહના હતા. તેઓમાં નાનાથી માંડીને વૃદ્ધસુધીની સર્વ અવસ્થાનાં માણસો હતાં, પણ તેઓ સઘળા વધુ–ઓછે અંશે ચિંતાગ્રસ્ત માલુમ પડતા હતા. તે સર્વ ઇશ્વરભક્ત હતા તેમણે અત્યંત આદરપૂર્વક તે શ્વેત સ્ત્રીને નમન કર્યું. તેણે થોડા જ શબ્દોમાં તેજસીંગ અને દાનસીંગની સૌ કોઇને ઓળખાણ કરાવી

દીધી. તે બંધુમંડળ માંહેના બે વૃદ્ધોએ તે બન્ને જણુને અતિ મમતાથી આલિંગન આપ્યું. એ જ મંડળમાં પેલા ત્રણ મારાઓ બળિદાન દેવાનું કામ કરનારા ત્રણ ભાઇઓ પણ હતા.

એટલામાં એક બીજો દરવાજો ઉઘડયો અને તેમાં થઇને વીસ-પચીસ સ્ત્રીઓ તે ઓરડામાં આવી. પછી સઘળાં પંક્તિબંધ બેસી ગયાં અને તેમને માટે ભોજનનાં ભાણું લાવવામાં આવ્યાં સઘળાં બેઠાં. તે શ્વેત સ્ત્રી સૌને અત્યંત મમતાથી પીરસતી હતી, ભોજનકાર્ય પૂરૂં થતાં આખું મંડળ પોતપોતાને ઠેકાણે બેસીને કાંઇ કાંઇ ધર્માભ્યાસ અને ધર્મક્રિયામાં મગ્ન થયું. કોઇ ગીતાપાઠ કરતું, કોઇ સ્તોત્રો ગોખીને મ્હોંએ કરતું તો, કોઈ માત્ર પ્રભુના નામની માળા ફેરવીને જ શાંત રહેતું. કેટલાકોને પુરાણુમાંની કથાઓ અને પાંડવોના ગુપ્ત નિવાસની હકીકત તે શ્વેત સ્ત્રીએ કહી સંભળાવી. આ સર્વ પ્રકાર જોઇને ત્યાંનાં સ્ત્રીપુરૂષો અને સંગમપુરના વિલાસભુવનમાંનાં સ્ત્રીપુરૂષો એ બન્નેનાં આચરણોમાં કેટલો મોટો તફાવત હતો, તે તેજસીંગ અને દાનસીંગના ધ્યાનમાં આવ્યા વિના રહ્યું નહિ.

પ્રકરણ ૪ થું.

લતિકા અને અલક.

હવે આપણે સંગમપુરમાં પાછા ફરીને બળવંતસિંહની સ્થિતિનું અવલોકન કરીએ. ચંડિકાનું ખૂન થયા પછી લતિકાની રજા લઇને તે ધીમે પગલે અનેક વિચાર કરતો શહેર તરફ પાછો ફરતો હતો. લતિકાએ એ દુષ્કર્મ જોકે આત્મરક્ષણાર્થે કર્યું હતું, તોપણ તેના

શરીર ઉપર જે લોહીના ડાઘ પડયા હતા, તે તેના સૌંદર્યને અને નાજુકાઇને કલંક લગાડનારા હતા. જમનીના કહેવા ઉપરથી બળવંતસિંહ તેના તરફ પોતાના મનને દોરતો હતો, પરંતુ તેના આ સાહસકર્મ ઉપરથી હવે તે બળવંતસિંહને કાંઇક અપ્રિય થઈ પડી હતી.

પછી તેને અલકકુમારીનું સ્મરણ થયું. તેના નૈસર્ગિક હાવભાવ અને લતિકાદેવીનાં કૃત્રિમ નખરાં તેની તેણે તુલના કરવા માંડી જેના હાથે કશું પણ દુષ્કૃત્ય થયું નહોતું એવી અલકકુમારી અને ખૂન જેવું ભયંકર કૃત્ય કરનારી લતિકાદેવી, એ બન્નેની વચ્ચે રહેલા ભેદ તે સમજી ગયો. એ પ્રમાણે તે પોતાના મનથી તુલના કરી રહ્યો હતો, એટલામાં તેને અલકકુમારી ઉપર આવી પડેલા પ્રસંગનું સ્મરણ થયું તેને કોઇએ નદીમાં પાડી દીધી હશે કે કોઇ આકસ્મિક કારણથી તે નદીમાં પડી હશે તેનો તે વિચાર કરવા લાગ્યો. ગઇ રાત્રે અલકકુમારીએ તેને જે હકીક્ત કહી હતી, તે ઉપરથી તેને એવું લાગ્યું કે કદાચ એ બનાવ સાથે કાલિકાપ્રસાદનો કાંઇ પણ સંબંધ હશે ખરો.

લતિકાદેવીના તે ભયંકર કૃત્યથી બળવંતસિંહ એટલો ગુંચવાઇ ગયો હતો કે, કાલિકાપ્રસાદ લતિકાનો નાશ કરવાને ટાંપી બેઠેલો હતો, એ વાત તેને જણાવવાનું તેના સ્મરણમાં જ આવ્યું નહિ. જેમજેમ તે પોતાના ઉતારાની નજીક આવવા લાગ્યો, તેમ તેમ તેને આ બાબતનું વિસ્મરણ વધારે દુઃખ આપવા લાગ્યું, હવે તે પોતાને છ દિવસ પછી મળવાની હતી અને તેટલા દિવસસુધી તેને રાહ જોઇને બેસી રહ્યા વિના ચાલે તેમ નહોતું; પરન્તુ તે દર્મિયાન જ કાલિકાપ્રસાદે કદાચ કાંઇ દગો કર્યો તો ? તેટલા માટે ઉતારે પહોચ્યો પછી એક પત્ર લખીને તેને ચેતાવી દેવી અને તે પત્ર પોતાના સેવકોની સાથે તેને પહોંચતો કરવો એવો તેણે નિશ્ચય કર્યો, કારણકે

હવે તો પોતાના સેવકો અવશ્ય પાછા આવ્યા જ હશે એવી તેની કલ્પના હતી.

ઉતારે જઇ પહોંચતાં જ પહેલાં તેણે પોતાના સેવકોની તપાસ કરી, પરન્તુ તેઓ હજી પાછા આવ્યા નહોતા, એ જાણીને તેને બહુ આશ્ચર્ય ઉત્પન્ન થયું. બે દિવસથી તે પોતાના સેવકોને મળ્યો નહોતો તેથી તેને બહુ ચિંતા થવા લાગી. ઘરધણીએ તેને કહ્યું કે ઘણું કરીને તેઓ આ શહેરમાં કોઇ પણ સ્થળે રંગરાગમાં ગુંચવાઇ ગયા હશે. પણ આ વાત બળવંતસિંહ માની શકયો નહિ, કારણ કે તે પોતાના સેવકોના સ્વભાવને સારી પેઠે જાણતો હતો. તેણે ધાર્યું કે તેઓએ રાજકન્યાનો પત્તો મેળવ્યો હશે અને તેથી તેઓ તેને લગતા જ કોઇ કાર્યમાં ગુંથાઇ ગયા હશે. એ પ્રમાણે પોતાના મનનું સમાધાન કરીને તે લતિકાને મળવાને તેની પાસે જવાને નીકળ્યો. પરન્તુ ત્યાં જતાં રસ્તામાં જ તેનો વિચાર બદલાયો. તેણે વીરોત્તમને મળવાનો વિચાર કરીને તેના નિવાસસ્થાનમાં પ્રવેશ કર્યો અને તેણે કાલિકાપ્રસાદ વિષે અલકકુમારીએ કહેલી સઘળી વાત તેને કહી સંભળાવી. તે સાંભળીને વીરોત્તમ એ અગત્યની ખબર પોતાને જણાવવા બદલ બળવંતસિંહનો આભાર માન્યો. પછી વીરોત્તમની રજા લઇને તે ત્યાંથી ચાલ્યો ગયો. પણ આ મુલાકાત દર્મિયાન વીરોત્તમે રાજપૂતસ્થાનમાં ચાલતાં રાજકારસ્થાનો સંબંધે બળવંતસિંહને એક પણ પ્રશ્ન પૂછ્યો નહિ અને બળવંતસિંહે પણ તે વિષય કાઢ્યો નહિ.

બળવંતસિંહ ચાલ્યા ગયા પછી વીરોત્તમ ઘોડાપર સ્વાર થઇને જ્યાં લતિકાદેવી હતી ત્યાં ગયો. વીરોત્તમને પોતાની પાસે આવતો જોઇને તેને બહુ આશ્ચર્ય ઉત્પન્ન થયું. પિતાને મળવાને માટે પુત્રી કિંવા ભાઇને મળવાને માટે બહેન જેમ ઉત્કંઠાથી દોડતી જાય છે,

તેમ તે તેની પાસે દોડતી ગઇ, પછી તે બન્ને જણાએ કેટલીક વારસુધી વાતચીત કરી અને છેલ્લે નક્કી થયા પ્રમાણે લલિકાદેવીએ છાવણીમાંનો પોતાનો તંબુ દોઢી નાંખીને શહેરમાં એકાદ ઉત્તમ ઘરમાં જઇને રહેવાનો નિશ્ચય કર્યો.

એ વખતે અલકકુમારી ઉંઘમાંથી જાગૃત થઇ હતી. તેની પાસે બેસીને લતિકાદેવીએ થોડી પ્રાસ્તવિક વાતો કરી. અલકમારીમાં હજી એકલા હરવા-ફરવાની શક્તિ આવી નહોતી. હું કિલ્લામાં રહેવા જવાની છું એવું જ્યારે લતિકાદેવીએ તેની પાસે જણાવ્યું, ત્યારે એકાએક તેનો ચહેરો પ્રફુલ્લિત દેખાવા લાગ્યો, કારણકે જે ત્રણ જણને તે મુક્ત કરવા ઇચ્છતી હતી, તે ત્રણે જણને એ જ કિલ્લામાં કેદી તરીકે રાખવામાં આવ્યા હતા. અત્યારસુધી અલકકુમારીને એજ ફીકર થયા કરતી હતી કે પોતે કિલ્લામાં કેવી રીતે પ્રવેશ કરી શકશે પરન્તુ એકાએક આ યોગ મળી આવ્યો, એ જોઇને તેનો સાશ્ચર્યાનંદ થાય એ સ્વાભાવિક હતું.

અલકકુમારીના ચહેરામાં થએલી ચળવળ લતિકાના જોવામાં આવ્યા વિના રહી નહિ, પણ તેનો અર્થ તેને એવો જણાયો કે ઘણું કરીને કિલ્લામાં ગોંધાઇ રહેવા માટે તેને બીક લાગતી હશે, એટલા માટે લતિકાએ તેને નિર્ભય બનાવવાને કહ્યું કે કિલ્લામાં ગયા પછી આપણને કાંઇ પણ અડચણ પડશે નહિ. લતિકાના એ શબ્દોથી પોતાના મનનું સમાધાન થએલું અલકે દર્શાવ્યું, કારણકે ખરી સ્થિતિ કોઇના લક્ષમાં ન આવવા દેવાનો તેનો હેતુ હતો. જો એ વાત કોઇ પણ જાણી જાય, તો શ્વેતસ્ત્રીના જે કામ માટે તે ખાસ સંગમપુરમાં આવી હતી તે બગડી જવાનો સંભવ હતો અને શ્વેત સ્ત્રીની આજ્ઞાનો લોપ થાય તેમ હતું.

બળવંતસિંહે લતિકાને પોતામાટે આટલી બધી ભલામણ કરી તેથી અલકકુમરીને બહુ જ આનંદ પ્રાપ્ત થયો હતો. વાત ઉપરથી વાત નીકળતાં અલકકુમારીએ ધર્મશાળામાં સાંભળેલું કાલિકાપ્રસાદ અને ચંડિકા વચ્ચેનું સંભાષણ લતિકાને કહી સંભળાવ્યું. એ જ હકીકત વીરોત્તમે થોડી વાર પહેલાં લતિકાને કહી હતી. એ બન્ને હકીકત વિલક્ષણ રીતે મળતી આવતી જોઇને લતિકાને બહુ જ આશ્ચર્ય લાગ્યુ જે વખતે વિલાસભુવનનું નામ નીકળ્યું. તે વખતે તેણે લજ્જાપૂર્વક માથું નીચું નમાવ્યું. કાલિકાનું નામ સાંભળવાથી તે ગભરાઇ ઉઠી. લતિકા અને રમણી એ બન્ને વ્યકિત એક જ છે એવું અલકકુમારી જાણતી નહિ હોવાથી લતિકાની આ જૂદી જૂદી વૃત્તિઓ તેના સમજવામાં આવી નહિ.

તેના આ સઘળા ભાષણનું પરિણામ એ થયું કે લતિકાના મનમાં અલકકુમારીને માટે જે ઇર્ષ્યા ઉત્પન્ન થઈ હતી, તે તદ્દન નાશ પામી, એટલું જ નહિ, પણ તે અલકકુમારીને એક મોટી સદ્‌ગુણી સ્ત્રી સમજવા લાગી

સાંજને વખતે તે બન્ને જણીઓ એક પાલખીમાં બેસીને પોતાનાં માણસો સાથે કિલ્લામાં જઇને રહી. કિલ્લામાં તેમને માટે ખાસ જગ્યા તૈયાર કરીને રાખવામાં આવી હતી. એ રીતે એક વાર અલકકુમારીનો પગ કિલ્લામાં તો પેસી ચૂકયો!

રાત્રિ સૂતાં સૂતાં તેને પાછલી વાતોનું સ્મરણ થવાં લાગ્યું. શ્યામગઢના ભોંયરામાં રહેનારી બાઇએ આપેલો આશીર્વાદ તેને સાંભર્યો. જેને ઘેર ઉછરીને પોતે મોટી થઇ હતી. તે સજ્જનસીંગનું તેને સ્મરણ થયું પછી તે લતિકાદેવીના સૌંદર્યનો વિચાર કરવા લાગી ત્યારબાદ તેની બન્ને સખીઓએ કરેલી પોતાની સેવા તેના

ધ્યાનમાં આવી અને છેલ્લે બળવંતસિંહની રમ્ય અને મનોહર મૂર્તિનું તેને દર્શન થયું ?

જો કોઇ અલકના મનમાં પ્રવેશ કરી શકે તો તે ત્યાં બળવંતસિંહની મૂર્તિ કોતરાએલી જોયા વિના રહે નહિ, તેનું શૌર્ય, સભ્યતા, સૌંદર્ય, શારીરિક બંધારણ ઇત્યાદિથી તે ચકિત બની ગઇ હતી. અલકકુમારી અને બળવંતસિંહની વયમાં કાંઇ બહુ ફેર ન હતો. તેઓનું જુગતે જોડું જણાયા વિના રહે નહિ, પરન્તુ કયાં બળવંતસિંહ જેવો મોટો સરદાર અને કયા એક ખેડૂતની જંગલમાં ઉચરેલી છોકરી? પોતાનું અને તેનું કુળ જો એકસરખી પંક્તિનું હોત તો કેવું સારૂં થાત, એવો વિચાર વારંવાર અલકકુમારીના મનમાં આવવા લાગ્યો હતો. એવા વિચારમાં લીન થતાં તેને ઉંઘ આવી ગઇ. બીજે દિવસે સ્હવારમાં તે જાગી ઉઠી, ત્યારે તેને સખ્ત તાવ આવ્યો હતો. એ જોઇને લતિકાએ એક હુશિયાર વૈદને બોલાવીને ઔષધોપચાર શરૂ કર્યો. તાવ દૂર થયો નહિ, ત્યાંસુધી તે બિચારીને પોતાનું મહત્ત્વનું કામ બાજુએ રાખીને બિછાનામાં જ ગોંધાઇ રહેવું પડયું ?

પ્રકરણ ૫ મું,

દેવી સરોજિનીનો સાક્ષાત્કાર.

વળી ચાર દિવસ ચાલ્યા ગયા, પણ હજી બળવંતસિંહના સેવકો ઉતારે પાછા ફર્યા નહોતા, તેથી હવે બળવંતસિંહને તેમની અત્યંત ચિંતા થવા લાગી. હવે તેમને શોધી કાઢવાને શું યત્નો કરવા તેનો તે વિચાર કરવા લાગ્યો. સંગમપુરમાં તે બે કરતાં વધારે દિવસ રહી

શકે તેમ નહોતું. કારણકે જમદેવે આપેલી આઠ દિવસની મુદત પૂરી થવાને હવે માત્ર બે જ દિવસ બાકી રહ્યા હતા અને તે બે દિવસ પૂરા થયે તેને રાજપૂતસ્થાન છોડી દેવું પડે તેમ હતું આ કારણથી હવે તેને તેજસીંગ અને દાનસીગની સ્થિતિ માટે મોટી ચિંતા થવા લાગ . તેને કશો પણ માર્ગ સૂઝ્યો નહિ, છેવટે પાચમા દિવસનું પ્રભાત થયું, તોપણ તે બે જણાનો કયાંય પત્તો જ ન મળે !

તે અત્યંત દિલગીર થઈને શો બનાવ બન્યો હશે તેને વિચાર કરવા લાગ્યો. જેમ જેમ તે વધારે વિચાર કરવા લાગ્યો, તેમ તેમ કેટલીક બાબતોનો પરસ્પર સંબંધ વધારે ને વધારે મળતો આવવા લાગ્યો. સંગમપુરમાં તે આવ્યો, તે જ દિવસે ઘરવાળાની સાથે જે સંભાષણ થયું તેનું તેને સ્મરણ થયું. ત્રણ મજુર ભાઈઓને મ્હોં ઉપર બુરખા પહેરેલા સ્વારો કયાંક લઇ ગયા હતા એ વાત તેને સાંભરી, જેવી રીતે તે ત્રણે ભાઇઓને બુરખાવાળા સ્વારો શ્યામગઢ તરફ લઈ જતા હતા, તેવી જ રીતનો પ્રસંગ એક વાર પોતાપર પણ આવી ચૂકયો હતો, એ પણ તેને મોટા મુદ્દાની વાત માલૂમ પડી. રાજકન્યાને જોવા માટે તે ગયો હતો, તે વખતે ભોંયરામાંનાં લોખંડના પીંજરામાં જ્યારે તે સપડાયો હતો, ત્યારે કાલિકાપ્રસાદે 'કાલિકાને બળિદાન' એવા જે શબ્દો ઉચ્ચાર્યા હતા, તેનો અર્થ તે શોધવા લાગ્યો. જ્યારે વીરોત્તમની છાવણી નજીકના દેવાલયમાં તેણે લતિકાદેવીને સાધુ–સાધ્વીઓના હાથમાંથી છોડાવી હતી ત્યારે પણ તેણે તેવા જ શબ્દો સાંભળ્યા હતા અને અલકકુમારીએ ચંડિકા અને કાલિકાપ્રસાદ વચ્ચે ચાલેલા સંભાષણની જે વાત તેને કહી હતી, તેમાં પણ તે જ વાતનો સંબંધ હતો.

ત્યારે એ બળિદાનનો શ્યામગઢની કાલિકાની મૂર્તિ સાથે તો

સંબંધ નહિ હોય ? બળવંતસિંહે તે દેવીનું પ્રત્યક્ષ દર્શન કર્યું હતું, શ્યામગઢના કિલ્લા સંબંધી ભયંકર વાર્તા તેને કાને આવી હતી અને તેમાંની ભયંકર યંત્રરચના પણ તેને જોઇ હતી. જો પૂર્વે તે મજુર ભાઇઓ શ્યામગઢના કિલ્લાની નજીકમાં કોઇ વટેમાર્ગુના જોવામાં આવ્યા હતા, તો પછી તેમનું તે જ દેવીને બળિદાન આપવામાં ન આવ્યું હોય, એ કેવી રીતે માની શકાય ? જો તે દિવસે શૂરસેન પોતાની મદદે આવ્યો ન હોત, તો પોતે પણ તે જ મતિને બળિ દેવાઇ ગયો હોત, એનું તેના મનમાં આવતાં તેણે રોમાંચ અનુભવ્યો.

જે સ્થળે પોતે રાજકન્યાને જોવાને ગયો હતો, તે 'પુણ્યમંદિર' જ હોવું જોઇએ, એવો તેણે તર્ક કર્યો, કારણકે દેવી સરોજિનીએ નિરાશ્રિત અને બીનવારસ સ્ત્રીઓના રક્ષણને માટે એ મંદિર બંધાવ્યુ હતું. એવું ઘરધણી પાસેથી તે જાણી શક્યો હતો. તો પછી રાજકન્યા ત્યાં જ ન હોય એમ કેવી રીતે કહી શકાય ? જ્યારે તે સંગમપુરમાં આવ્યો ત્યારે તેણે 'પુણ્યમંદિર'ને બહારથી લક્ષપૂર્વક જોયું હતું. તેની આસપાસનો ભાગ તેના ધ્યાનમાં હતો અને એ જ રસ્તે થઇને પોતાને મ્હોં ઉપર બુરખો નંખાવીને કાલિકાપ્રસાદ લઇ ગયો હતો. એ ઉપરથી પણ તે સ્થળ 'પુણ્યમંદર' જ હોવું જોઇએ એવું તેણે નક્કી માન્યું.

વળી એ વાતને પુષ્ટિ આપનારૂં એક બીજું પણ કારણ બન્યું હતું. જ્યારે અલકકુમારી ધર્મશાળામાં ઉતરી હતી, ત્યારે કાલિકાપ્રસાદે તેને એવું કહ્યું હતું કે, "સંગમપુરની નજીક એક ધર્મશીલ સ્ત્રી રહે છે અને તે ગરીબોનું પરિપાલન કરે છે, તેની પાસે હું તને લેઇ જઇશ." એ પ્રમાણે ગરીબોનું પરિપાલન કરનારી સ્ત્રી તરીકે તો દેવી સરોજિની જ જાણીતી થઇ હતી. જો કાલિકાપ્રસાદ અને દેવી

સરોજિનીનો પરસ્પર સંબંધ હોત. તો રાજકન્યા ત્યાં જ હોવી જોઇએ. આ ઉપરથી બળવંતસિંહના મગજમાં મુખ્ય પ્રશ્ન એ ઉપસ્થિત થયો કે, "" આ પ્રાંતમાંના શાક્ત પથાનુયાયીઓનું આગ્રસ્થાન એ પુણ્ય-મંદિર જ કેમ ન હોય ?"

એ પ્રમાણે વિચારસંકલના ચાલતાં બળવંતસિંહને એવી શંકા આવી કે પોતાના સેવકો કદાચ શાક્તોના હાથમાં સપડાઇને કાલિકાનો ભોગ તો નહિ થઇ પડયા હોય ? કદાચ એવું થયું હોય, તો, હવે પોતે શું કરવું ? થોડા દિવસમાં પોતાને પરાજીત કરનારને પોતે એવું વચન આપ્યું હતું કે આ પ્રાંતના રાજકસ્થાનમાં પોતે બિલ-કુલ ભાગ લેશે નહિ. તે વચનનો ભંગ થઇ જશે નાહ ને ? તેવી જ રીતે રાજકન્યાની શોધ કરવાને માટે પોતે કોઇ પણ આડી રીતે પ્રયત્ન કરશે નહિ એવી મતલબનું વચન પોતે કાલિકાપ્રસાદને આપ્યું હતું. તે વચનનો ભંગ તો પોતાના સેવકોને શોધી કાઢવાનો પ્રયત્ન કરતાં થશે નહિને ? એવા એવા વિચારો તેના મનમાં આવવા લાગ્યા. કાલિ-કાપ્રસાદ જેવા દુશ્મનની સાથે વર્તવામાં પણ પોતાનો ટેક જાય નહિ એવું એ ટેકીલા રજપૂતના મનમાં હમેશાં રહ્યા કરતું હતું.

જો બળવંતસિંહે પોતાની આ શંકાઓ વીરોત્તમને જણાવી દીધી હોતા, કિંવા તેના થોડા સિપાઇઓને સાથે લઇનિજો તેણે પુણ્ય-મંદિરની જડતી લીધી હોત. તો જરૂર રાજકન્યા વીરોત્તમના હાથમાં જ જઇ પડત. પરન્તુ રાજકન્યા વીરોત્તમના હાથમાં જાય એ વાત કેટલાંક કારણોને લીધે બળવંતસિંહને ગમતી નહોતી, તે કારણથી તેણે પોતે જ પોતાના. સેવકોની શોધ ચલાવવાનો વિચાર કર્યો. જમ-દેવ સાથેના યુદ્ધમાં તેને જે કાંઇ થોડી ઇજા થઇ હતી તેમાંથી તે હજીસુધી બરાબર સાજો થયો નહોતો, તોપણ એવી ક્ષુદ્ર ઇજા તરફ

ધ્યાન આપીને બેસી રહે એવો બળવંતસિંહ નહોતો એ વાચકો સારી પેઠે જાણે છે.

સેવકોની શોધ કરવાને 'પુણ્યમંદિર'માં જવું ખરૂં, પરન્તુ તે સીધી રીતે પરવાનગી માંગીને જવું, કે જોરજુલમથી જવું, એ પણ એક વિચાર કરવા જેવી બાબત હતીઃ કારણકે તે જ્યારે સંગમપુરમાં આવ્યો, ત્યારે તેણે સરોજિની દેવીને એક ચિઠ્ઠી લખીને પોતાનું નામ–ગામ જણાવ્યું હતું તથા મુલાકાતની ઇચ્છા દર્શાવી હતી.પરન્તુ એ ચિઠ્ઠીનો કશો જવાબ તેના તરફથી બળવંતસિંહને મળ્યો નહોતો એટલે કે એ ઉપરથી તે બળવંસિંહને મળવાને નાખૂશ માલૂમ પડતી હતી. તેની આ નાખુશી ઉપરથી કોઇ પણ આડો માર્ગ પકડીને 'પુણ્યમંદિર'માં દાખલ થવાની બળવંતસિંહને જરૂર પડે તેમ હતું. પણ એમ કરતાં કદાચ પોતાના સેવકોની પેઠે પોતાની પણ અવદશા થઇ જાય તો ? આવી પણ શંકા તેના મનમાં આવ્યા વિના રહી નહિ.

છેવટે. ભલે જે થવાનું હોય તે થાય, પણ એક વાર તો 'પુણ્ય-મંદિર' અવશ્ય જોઇ આવવું એવો તેણે પોતાના મનથી નિશ્ચય કર્યો. તેણે પોશાક પહેર્યો અને જેવો તે બહાર નીકળવા જતો હતો એટ-લામાં ઘરધણીએ તેને બોલાવ્યો, તે બોલ્યોઃ ' સરદાર સાહેબ ! આપ બહાર જવાને જ તૈયાર થઇ રહ્યા છો એવે વખતે હું આપને જરા અટકાવું છું, તે માટે મને માફ કરજો ! પણ જુઓ' પણે પેલી સ્ત્રી મોટા ઠાઠમાઠ અને નોકર–ચાકર સાથે રસ્તાપર જઈ રહી તે કોણ છે તે આપ જાણો છો કે ?" એમ કહીને તેણે રસ્તા તરફ હાથ કર્યો તે વખતે એક સ્ત્રી ઘણા નોકર ચાકરોની સાથે મોટા દબદબા-પૂર્વક રસ્તાપર ચાલી જતી હતી.

બળવંતસિંહે પૂછ્યું: "એ સ્ત્રી કોણ છે વારૂ ?"

"સાધ્વી સરોજિની દેવી !" ઘરધણીએ ઉત્તર આપ્યો.

"ઓ ઇશ્વર ! એ તો તેં મારા પર મોટો ઉપકાર કર્યો!" એ પ્રમાણે પોતાના મન સાથે બોલીને તે ઘરધણીની સામે કશી વધારે વાતચીત નહિ કરતાં એકદમ બહાર નીકળ્યો. ઉતાવળાં પગલાં ભરતો તે સરોજીની જતી હતી તે જ રસ્તે ચાલ્યો. પોતાની સાથેના સઘળા સેવકોની સાથે તે શહેરમાંથી બહાર નીકળી. તેનું મોહકસૌંદર્ય જોઇને બળવંતસિંહ મનમાં બોલ્યો: "આવી સુંદર સ્ત્રીનો સંબંધ શક્તોની સાથે કેવી રીતે હોઇ શકે ?"

બળવંતસિંહ એ વખતે એવી રીતે ચાલતો હતો, કે સહેજે સરોજિનીની નજર તેના ઉપર પડે. છેવટે તેની ધારણા પૂરી પડી, સરોજિનીના હાથમાંનું રૂપાનું વાસણ અકસ્માત્ નીચે પડી ગયું અને તે દડતું દડતું બળવંતસિંહના પગ આગળ આવ્યું. બળવંતસિંહે તે તુરત ઉચકી લીધું અને સરોજિનીની પાસે જઇને તે તેના હાથમાં મેલ્યું. તે લેતાં લેતાં સરોજિનીએ પૂછ્યું: "આપ કોણ છો વારૂ ?"

આ પ્રશ્ન પૂછતાં પૂછતાં તેણે બળવંતસિંહના સુંદર ચહેરા તરફ નજર કરી. તેનું સૌંદર્ય સરોજિનીના મનમાં વસી ગએલું હોવું જોઇએ, કારણકે તેણે જેટલી વાર તેના તરફ જોયું, તેટલી વાર તેણે લજ્જાપૂર્વક મ્હોં નીચું નમાવ્યું હતું.

સરોજિનીના પ્રશ્નનો ઉત્તર આપતાં તે બોલ્યો:"હું એક રાજપૂત સરદાર છું. પણ બાઇસાહેબ ! આપ કોણ છો, એવો પ્રશ્ન હું જો આપને પૂછું તો આપને ગુસ્સો તો નહિ ચડે ને ?"

"નહિ, નહિ, એમાં વળી ગુસ્સો શાનો !,' સરોજિની કિંચિત્ હાસ્ય કરીને બોલી: "આ ઉપરથી જણાય છે કે આપ સંગમપુરમાં હમણાં જ આવ્યા હોવા જોઇએ."

"હા, બાઈસાહેબ ! આપનું ધારવું બરાબર છે. હું હજી આજે જ આ નગરમાં આવ્યો." બળવંતસિંહ બોલ્યો.

"તમે અહીં કેટલાક દિવસ રહેશો ?" તેણે પૂછ્યું.

"ઘણું કરીને કાલે હું અહીંથી જઈશ? અને કદાચ એકાદ દિવસ વધારે પણ થઈ જાય." બળવંતસિંહ બોલ્યો: "પણ બાઈ-સાહેબ ! આપ રસ્તામાં ઊભાં રહીને મારી સાથે વાતચીત કરો એ મને ઠીક લાગતું નથી. આપની રજા હોય તો હું આપના મકાન સુધી આપની સાથે આવું."

હળવે હળવે આગળ ડગલાં ભરતી તે બોલી: "હું શહેરથી બહુ જ દૂર રહું છું."

"મને થોડે દૂર આવવું પડશે, તોપણ ફીકર નથી." બળવં-તસિંહ નમ્રતાથી બોલ્યો.

"તે ખરૂં, પરન્તુ મારા નિવાસસ્થાન સુધી જઈને શહેરમાં પાછા આવતાં રાત પડી જશે. હાલમાં તો રાત્રે શહેરની અંદર આવ-વાની કોઈને પણ પરવાનગી નથી. પછી તમે રાત્રિ ક્યાં આગળ ગાળશો ? સરોજિનીએ પૂછ્યું.

મોટી મુંચવણમાં પડયા. જેવું મ્હોં કરીને બોલ્યો: "એ તો મોટી અડચણ ખરી જ. ત્યારે હવે કેમ કરવું વારૂં? આપના સ્થાન-સુધી હું આપની સાથે આવું અને રાત પડી જાય, તો પછી રાત ક્યાં રહેવું, એ પણ એક મોટી પંચાત તો ખરી."

"ચાલો ત્યારે," સરોજિનીએ કહ્યું:"મારૂં ઘર આ પૃથ્વી ઉપરનું સ્વર્ગભુવન જ છે, એતું તમે જોઈ શકશો. ચાલો, હું તમને આજ મારે ત્યાં જ આતિથ્યને માટે તેડી જઈશ."

બળવંતસિંહે આનંદથી કહ્યું: "તો પછી હું અવશ્ય આવીશ.

આપનાં સરખાં માયાળુ સુન્નારીનું નિમંત્રણ સ્વીકારવાની કોણ ના કહી શકે ?"

"પણ મારે ત્યાં આવવા માટે આપને મારી એક શરત કબૂલ કરવી પડશે. મારા નિવાસસ્થાનનો રસ્તો જાણવાથી તમને કાંઇ જ ફાયદો થનાર નથી; તેટલા માટે પહેલેથી જ હું તમારી આંખો ઉપર બુરખો નાંખીને પછી મારી સાથે તેડી જઇશ." સરોજિનીએ તેની સામે પોતાની દૃષ્ટિને ટેકાવી રાખીને કહ્યું.

" બાઇસાહેબ ? આ સેવક આપની આજ્ઞા પ્રમાણે વર્તવાને હર પળે તૈયાર છે, પછી આપની મરજીમાં આવે તેવી આજ્ઞા કરો ! " બળવંતસિંહે નમ્રતાપૂર્વક કહ્યું.

"સરદાર સાહેબ ! આપના આ મીઠા શબ્દો સાંભળીને મને બહુ આનંદ થાય છે. મારા નિવાસસ્થાને આપ અવશ્ય ચાલો, ત્યાં આપને કાંઇ કાંઇ સુખો ભોગવવાનાં મળશે, તે માટે હું અત્યારે તો જેટલું કહું તેટલું થોડું જ ? આપ ત્યાં આવશો એટલે આપની મેળે જ સઘળુ જોઈ તથા અનુભવી શકશો." એમ કહીને સરોજિની દેવીએ આગળ ચાલવા માંડયું બળવંતસિંહ તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો પોતાના સેવકોની શોધને માટે તે આ સાહસ કરવાને તૈયાર થયો હતો. કાલિકાપ્રસાદ પહેલાં તેને જે શ્મશાનમાં થઇને દેવાલય પાસે લઇ ગયો હતો, ત્યાં જ તે સઘળાં જણ આવી પહોચ્યાં. ત્યાં પહોંચતાં કદાચ ત્યાંનો ઘોડાવાળો પોતાને ઓળખી કાઢશે અને પોતાનું નામ બોલી વાળશે તો મોટો ગોટાળો થઇ જશે, એવી શંકા બળવંતસિંહને રહેલી હતી, પરન્તુ ઘોડાવાળાએ તેને ઓળખ્યો હોય એમ બળવંતસિંહના જોવામાં આવ્યું નહિ. એટલે તેને નિરાંત વળી.

સરોજિનીના એક સેવકે બળવંતસિંહની આંખો ઉપર એક મોટો બુરખો પહેરાવ્યો, તેથી તે બહારનું કાંઇ પણ જોઇ શકયો નહિ. પછી તેને એક ઘોડાવાળાએ ઘોડા ઉપર બેસાડયો અને એ રીતે પુનઃ સઘળું મંડળ માર્ગે પડયું.

પ્રકરણ ૬ ઠું.

અલકકુમારીને શિખામણ.

જે દિવસે બળવંતસિંહને સરોજિનીનો સાક્ષાત્કાર થયો, તે જ દિવસે અલકકુમારી પુરી રીતે સાજી થઇ ગઇ હતી, તેથી પોતાની માંદગી દર્મિયાન લતિકાદેવી અને તેની દાસીઓએ તેની જ બરદાસ્ત કરી હતી, તે માટે લતિકાદેવીનો ઉપકાર માનીને તેની રજા લેવા માટે તે તેની પાસે આવી, તેને જોતાં જ લતિકાદેવી બોલીઃ " અલક-બ્હેન ? આવતી કાલે હું સંગમપુર છોડી જવાની છું, પછી તું અહીં એકલી પડીશ, નહિ વારૂ ? "

અલક બોલી;" લતિકાબ્હેન ! તમે મારા પર જે અગણિત ઉપકારો કર્યા છે, તેનું વર્ણન પણ હું કરી શકતી નથી, પછી હું તેનો બદલો તો કેવી રીતે વાળી શકું ? ",

"મેં તારા ઉપર ઘણા ઉપકારો કર્યા છે એમ તું માનીશનહિ. બીજું કોઇ કામ પણ જો હોય તો તું મને ખુશાથી કહે" લતિકા સુશીલતાપૂર્વક બોલીઃ "અને તેવું કામ જો મારાથી થાય તેવું હોય, તો તે હું કર્યા વિના રહીશ નહિ."

" આપે મારા માટે પહેલેથી જ આટલો બધો શ્રમ ઉઠાવ્યો છે અને વળી હું આપને વિશેષ તસ્દી શું જોઈને દઉ ?"અલક બોલી.

"વારૂ, પણ હવે તું અહીંથી ક્યાં જઇશ ? તું એમ ન સમજીશ કે હું તને આ વાત અમસ્થી પુછું છું. મારે તે જાણવાની બહુ જ જરૂર છે. જો તારા પર કાંઇ પણ સંકટ આવશે તો મારાથી બની શકતી સઘળી મદદ હું તને કરીશ, તેટલા માટે હું કહું છું કે, બોલ, હું તને કેવી મદદ કરૂં ?" લતિકાએ પૂછ્યું.

"બ્હેન ! તમે મારાપર અનેક ઉપકારો કર્યા છે. હવે વળી કેવું વિશેષ કામ તમને સોંપીને હું વિશેષ ઉપકારવશ થઉં, તે મને બિલકુલ સમજાતું નથી," અલક બોલી.

"આપણે બન્ને વયમાં સરખી જ છીએ, છતાં મને તારા કરતાં જગતનો વિશેષ અનુભવ છે. જગતની અનેક લીલી-સુકી મેં જોઇ છે અને અનુભવથી મારી ખાત્રી થઈ છે કે આ સંસારમાં રહેવું એ ઘણું વિકટ કાર્ય છે. તને જે કાંઈ વસ્તુની જરૂર હોય, તે તું મને જણાવ. તને ખર્ચ માટે ધન જોઇતું હોય તો તે પણ તારે માટે હાજર છે. તને કાંઇ સલાહની જરૂર હોય તો તે પણ હું તને આપીશ."

અલક બોલી: "બ્હેન ! મારી પાસે ખર્ચજોગા પૈસા છે અને જે કામ માટે હું અહીં આવી છું તે કામ સંબંધે પૂરતો વિચાર પણ કરેલો છે."

તેના હાથ પોતાના હાથમાં લઇને લતિકાદેવી બોલી: "ત્યારે શું તને કોઇ પણ બાબતમાં મારી મદદ જોઇતી નથી ? પણ એક વાત તો તને મારી મેળે જ કહ્યા વિના રહી શકતી નથી. તે વાત એ જ છે કે તને ધર્મશાળામાં જે કાલિકાપ્રસાદ મળ્યો હતો–" એ શબ્દ ઉચ્ચારતાં જ લતિકા એકદમ ગભરાઇ ગયા જેવી બની ગઈ. તે જોઇને અલક બોલી: બ્હેન ! આજ તમારી તબિયત ઠીક જણાતી નથી !"

"ના, ના, તેવું કશું જ નથી." લતિકા પુનઃ સ્વસ્થ બનીને બોલી: "તારા હિતને અર્થે હું તને જે વાત કહું છું, તે તું બરાબર ધ્યાનમાં રાખજે. તે કાલિકાપ્રસાદની શિખામણ પ્રમાણે તું બિલકુલ ચાલીશ નહિ અને કદાચ પ્રાણત્યાગ કરવાનો વખત આવે તોપણ જે ધર્મશીલ સ્ત્રીને ઘેર તને લઈ જઈને રાખવાનું તે કહેતો હતો, તેને ઘેર તું પગ મૂકીશ નહિ"

અલક બોલી: "બ્હેન ! એ તમારા ઉપદેશ પ્રમાણે જ હું વર્તીશ. મને પણ એ કાલિકાપ્રસાદ ઉપર બહુ જ વહેમ ઉત્પન્ન થયો હતો, કારણ કે લોકો જે શક્તિમતાનુયાયીઓની નિંદા કરે છે, તે જ મતમાં તે છે, એ હવે હું બરાબર સમજી ગઈ છું."

લતિકા બોલી: "ત્યારે તો તને પણ તે સંબંધી સારી પેઠે ખબર હોય એમ જણાય છે."

પોતે જોઈએ તે કરતાં વધારે બોલી ગઈ છે એમ જણાવાથી અલકકુમારીએ વાતચીતનો વિષય બદલાવ્યો. કદાચ પોતાના મુખમાંથી પેલી શ્વેત સ્ત્રી સંબંધે એકાદ શબ્દ પણ ભૂલચૂકે નીકળી ગયો, તો મોટો ગોટાળો વળી જશે, એવી આશંકાથી તે બોલી: "તે વિષે કાંઈ મને બહુ ઉંડી ખબર નથી; પણ તે સંબંધી ઉડતી લોકવાયકા મેં સાંભળી છે તે ઉપરથી હું કહું છું."

"વારૂ, તે ઠીક છે." લતિકા તદ્દન ધીમે સ્વરે બોલી: "મેં તને જે શિખામણ આપી છે, તે બરાબર ધ્યાનમાં રાખજે. કોઇ કુમારિકા કાળા સાપના દરમાં હાથ નાંખે, તોપણ તે ઠીક, પરન્તુ એ ધાર્મિકપણાનો ઢોંગ કરનારા અધમ મનુષ્યની પાસે ઊભા રહેવું એ ઠીક નથી. એથી વધારે તો હું તને શું કહું ? હવે જ્યાં જવાની તારી ઇચ્છા હોય, ત્યાં

તું ખુશીથી જા!" એ પ્રમાણે સંભાષણ થયા પછી બન્ને જણીએ એકબીજીની રજા લીધી અને અલકકુમારી કિલ્લામાંથી બહાર નીકળી.

પહેલાં તે બળવંતસિંહને ઉતારે ગઇ. ઘરધણીની પાસેથી તેણે એવી વાત સાંભળી કે બળવંતસિંહ આવતી કાલે સ્હવારે પોતાને દેશ જવા માટે નિકળનાર છે. આ સાંભળીને તેને બહુ જ ખરાબ લાગ્યું, પરન્તુ તેવું તેને કેમ લાગ્યું એ તે સમજી શકી નહિ. તે એક ક્ષણભર ઉંડા વિચારમાં નિમગ્ન બની ગઇ અને છેવટે તેણે ઘરધણીને કહ્યું: "એ સરદાર સાહેબને મળીને તેમની સાથે થોડીએક વાતચીત કરવાની મારી ઇચ્છા હતી, તે ઇચ્છા તો પૂરી થતી નથી, પરન્તુ હવે તેમને માત્ર એટલું જરૂર કહેજો કે, તેમણે મારો જીવ બચાવ્યો છે તે માટે તેમનો ઉપકાર માનવાને હું અહીં આવી હતી. હું સદૈવ તેમના કલ્યાણની વાંચ્છના કરતી રહીશ." એટલું બોલીને હવે પોતાને શું કરવાનું છે અને ક્યાં જવાનું છે તે વિષે ઘરધણીને કશું પણ કહ્યા વિના તે ત્યાંથી ચાલતી થઇ. એક પ્રહર રાત્રિ વ્યતીત થતાં તે નદીને કાંઠે આવી પહોંચી. ત્યાં કિનારાપર એક હોડી બાંધેલી હતી, તેના માલેક પાસે જઇને તેણે તે હોડી ભાડે માંગી, પણ તે આપવાની હોડીવાળાએ ચોખ્ખી ના કહી. એટલામાં તેણે બે સોનામહોરો કાઢીને તેના હાથમાં મૂકતાં જ તે હોડી આપવાને તૈયાર થયો. પછી અલકકુમારીએ તેની પાસેથી એક દીવો અને ચકમક માંગી લીધાં અને હોડીમાં બેસીને તે તેણે નદીમાં વહેતી મૂકી. થોડી જ વારમાં કિલ્લો દેખાવા લાગ્યો. માત્ર અધઘડીમાં તો તે કિલ્લાની દિવાલો પાસે પહોંચી ગઇ.

———:o:———

પ્રકરણ ૭ મું.

નીરમાળા.

કિલ્લાની દિવાલો પાસે આવ્યા પછી તેણે પોતાની હોડી હળવે હળવે ચલાવીને તેને એક લાકડાના દરવાજા પાસે થોભાવી અને દરવાજા પાસેના એક ઝાડના ઠુંઠા સાથે દોરડાવડે બાંધી દીધી. એ લાકડાનો દરવાજો બહુ જૂનો અને જીર્ણ થએલો હતો, તેમજ તે બહુ વપરાશમાં પણ આવતો નહોતો તેથી હલેસાંની મદદથી હાથવડે જ તેનાં થોડાંક દાંડા તથા પાટીયાં ઉખાડી નાંખતાં અલકકુમારીને બહુ શ્રમ વેઠવો પડયો નહિ. હવે અંદર પેસવાનો માર્ગ મોકળો થયો એટલે તે મોટા આનંદ સાથે અંદર પેઠી ત્યાં પત્થરથી બાંધેલાં પગથીયાં હતાં, તે ઉપર તે ઉતાવળે ચઢવા લાગી.

કિલ્લાની આ બાજુ સંબંધે લોકોમાં કાંઈ કાંઇ ચમત્કારિક વાતો ચાલતી હતી. પ્રાચીન વખતમાં રાજાઓ જેમનો ગુપ્ત રીતે ઘાત કરતા તેમનાં મુડદાં એ જ દ્વારેથી નદીમાં ફેંકી દેવામાં આવતાં; કેટલાકોને નદીમાં જીવતા જ ડુબાવી દેવામાં આવતા અને તેઓ સઘળા ભૂત થઇને અહીં તહીં ફરતા એવી વાતો લોકોમાં ચાલતી હતી. આ કારણથી બહુ અગત્યના કામ સિવાય કોઇ માણસ આ ભયાનક બાજુએ ફરકતું પણ નહિ. આ વાત એક રીતે અલકકુમારીના લાભની જ હતી.

પત્થરનો ઘાટ ચડી ગયા પછી અલકકુમારીને એક દરવાજો ઓળંગવાનો આવ્યો. તે દરવાજો પણ કાંઇ મજબૂત નહોતો માત્ર થોડા જ પ્રયત્નથી તે ઉઘડી શકયો, એટલે અલકકુમારી કિલ્લાની મુખ્ય ઇમારતમાં દાખલ થઇ શકી. ત્યાં આગળ એક જીનો જોવામાં આવ્યો,

તે ચડીને તે ઉપર ગઇ. એ સ્થળે પવન ભારે સુસવાટાથી વાઇ રહ્યો હતો, તેથી અલકકુમારી દીવાની આડે હાથ રાખીને ધીમે ધીમે આગળ ચાલી, એટલામાં તે એકાએક ચમકી ગઈ અને અચકાઇને ઊભી રહી.

તેને એવો ભાસ થયો કે જાણે તે બધી જગ્યા હથિયારબંધ સિપાઇઓથી ભરાઇ ગઇ છે ! તોપણ તે સ્થળે બિલકુલ ગરબડ જોવામાં આવતી નહોતી. એકાએક ચમકી જવાથી તેના મુખમાંથી જે ભયંકર ચીસ નીકળી ગઈ તેનો માત્ર પ્રતિધ્વનિ બે-ત્રણ વાર તેના સાંભળવામાં આવ્યો. તેણે એક વાર ચારે બાજુએ નજર કરી તો જણાયું કે કોઇ સિપાઇ હાથ હલાવી રહ્યો છે, કોઇ માથું ડોલાવી રહ્યો છે. તો કોઇ પોતાની સામે ભાલો ઉગામી રહ્યો છે ! આ જોઇને તો તે એકાએક બ્હી ગઇ ! તેણે એક વાર ફરીથી ચારે તરફ નજર કરી તો સર્વત્ર શૂન્યતા માલૂમ પડી. આ સર્વ શો પ્રકાર હશે તેનો તે પોતાના મનમાં વિચાર કરવા લાગી. તુરત જ તેના ધ્યાનમાં આવ્યું કે એ સ્થળે જીવતા સિપાઇઓ બિલકુલ નહોતા. ફક્ત બખ્તર અને ટોપ ધારણ કરીને ઊભેલાં અનેક પૂતળાંઓને ત્યાં વ્યવસ્થિત રીતે ઉભાં કરવામાં આવેલાં હતા અને પવનને લીધે દીવાની જ્યોત જેમ હાલતી તેમ પૂતળાંની છાયા પણ હાલતી–ચાલતી માલૂમ પડતી હતી ! આથી તે સઘળા જીવતા સિપાઇઓ જેવા માલૂમ પડતા હતા, પરન્તુ વસ્તુતઃ તેઓ માત્ર પૂતળાં જ હતાં. આ પ્રકાર ધ્યાનમાં આવતાં જ અલકના જીવને શાન્તિ વળી. તે ત્યાં આગળનાં સઘળાં બખ્તરો અને હથિયારો જોતી જોતી ચાલતી હતી, એટલામાં તેના મનમાં એક વિચાર આવ્યો. પોતાને સ્ત્રીના વેશ કરતાં પુરૂષના વેશથી પુષ્કળ લાભ થશે એવું સમજીને તેણે એક હલકું બખ્તર અને નાજુક ટોપ

જોઇને તે શરીરપર ધારણ કરી લેવાનો નિશ્ચય કર્યો. તેણે પહેલાં બખ્તર પહેરી લઇને પછી ટોપ પહેર્યો અને પછી બુરખાવડે મ્હોં ઢાંકી દીધું. એક પૂતળાના હાથમાંની એક તેજ તલવાર લઇને તેને પોતાની કમરે લટકાવી દીધી. એવી રીતે પોતાની સ્ત્રી જાતને ગુપ્ત બનાવી દેવાથી તેના મનનું સારી રીતે સમાધાન થયું. હથિયાર હાથમાં આવવાથી સ્ત્રી જાતિની નૈસર્ગિક નિર્બળતા દૂર થઇ જઇને હવે તેનામાં પુરૂષના જેવું ધૈર્ય આવ્યું. એટલામાં તેને એકાએક ભગવંતસિંહનું સ્મરણ થઇ આવ્યું. આજ વેશમાં પોતે તેની સાથે રહી શકે તો ઘણું સારૂં, એવી ઇચ્છા તેના મનમાં ઉત્પન્ન થઇ.

પછી તેણે પોતાના હાથમાંનો દીવો પવન ન આવે એવી એક જગ્યાએ રાખીને તે વચ્ચેના ચોકમાં આવી. જેમને કેદમાંથી મુક્ત કરવાના હતા, તે ત્રણ સરદારોને કઇ જગ્યાએ કેદ કરવામાં આવ્યા હતા તે તે જાણતી હતી. ચાર–પાંચ દિવસ કિલ્લામાં રહીને તેટલા વખતમાં તેણે એ વિષેની માહિતી મેળવી લીધી હતી. તેનો ખરેખરો ઉપયોગ કરવાનો વખત હવે આવ્યો હતો. લતિકાદેવીના અતિથિ તરીકે રહીને તેણે જે કાંઇ જાણી લીધું હતું, તેનો આવો ઉપયોગ પોતાને કરવો પડતો હોવા માટે તેને ખરાબ લાગતું હતું, પણ તે બિચારી શું કરે ? શ્યામગઢની શ્વેતવસ્ત્રધારિણી સ્ત્રીના કથનનું પરિણામ તેના મન ઉપર કાંઇ વિલક્ષણ જ નીવડયું હતું, તેથી તેણે હાથમાં લીધેલું કામ પાર પાડયા વિના હવે બીજો કશો ઉપાય જ રહ્યો નહોતો.

વચ્ચેના ચોકમાં કેટલેક આગળ જઇને તે ઠેઠ પહેરેગીરના દરવાજા પાસે ઊભી રહી અને બની શકયો તેટલા પ્રમાણમાં પ્રયત્ન કરીને પુરૂષના જેવો અવાજ કાઢી તે બોલી: "ઓ પેહેરેગીર ! જલ્દી દરવાજો ઉઘાડ !"

પેહેરેગીર બોલ્યો: "બહાર કોણ છે ? કોને માટે દરવાજો ઉઘા-ડવાનો છે ? સંકેતશબ્દ કહ્યા વિના દરવાજો ઉઘડી શકશે નહિ."

"અરે ! શું હું સંકેતશબ્દ જાણ્યા વિના અહીં આવ્યો હોઇશ ? જલ્દી દરવાજો ઉઘાડ એટલે સંકેતશબ્દ હું તારા કાનમાં કહું છું." અલક ધીમેથી બોલી.

તોપણ પેહેરેગીરે દરવાજો નહિ ઉઘાડતાં માત્ર બારી જ ઉઘાડી અને તેમાંથી ડોકું બહાર કાઢીને તે બોલ્યો: "કહે જોઇએ, એ સંકેતશબ્દ !"

"વિધર્મીઓનો વિનાશક વીરોત્તમ." અલક બોલી.

પહેરેગીરે વધારે એક પણ શબ્દ બોલ્યા વિના દરવાજો ઉઘા-ડયો અને અલકકુમારી અંદર પેઠી, તેને અંદર આવેલી જોતાં જ પેહેરેગીરે તેને પ્રમાણ કરીને કહ્યું: "મહારાજ ! આપ કોણ છો ? આપની આજ્ઞા શી છે ! અને આપને કયાં જવાનું છે ?"

"હું વીરોત્તમ મહારાજાની પાસેથી આવું છું." અલક બોલી: "કેદ કરવામાં આવેલા ત્રણે સરદારોને કાંઇ ગુપ્ત વાત કહેવાની છે."

"વારુ, સાહેબ ! લ્યો આ કુંચી. આ સામેના રસ્તે જ સીધા ચાલ્યા જાઓ અને જમણી બાજુએ આવેલી ત્રણ ઓરડીઓમાં તેમને અલગ અલગ પૂરવામાં આવ્યા છે તે ઉઘાડજો. પણ બરાબર સાવધ રહેજો. જો ત્રણમાંથી એક જણ પણ છૂટો થયો, તો આપણા બેથી પણ તેને પાછો પકડી શકાશે નહિ." પહેરેગીર બોલ્યો.

"તેની તારે કશી ચિંતા રાખવી નહિ." અલકકુમારી આનંદ-પૂર્વક બોલી: "તે સઘળું હું જોઇ લઇશ."

એ પ્રમાણે પ્રત્યેક કામમાં પોતાને એકસરખો વિજય મળતો રહેલો જોઇને તેને બહુ જ આનંદ થયો. જે સ્થળે એ ત્રણે કેદીઓને

રાખેલા હતા, તે સ્થળ અત્યંત ભયાનક હતું, તોપણ અલકને તે વખતે તે રમ્ય જ લાગ્યું. જો પોતે આ કામ કરતાં ફસી પડી, તો અત્યારસુધી કરેલી સઘળી મહેનત વ્યર્થ જઈને પોતાને પણ એ ઓરડીએ પૈકીની એકાદ ઓરડીમાં કેદ રહેવાનો પ્રસંગ આવશે, એવું જો કે એકાદ વખત તેના મનમાં આવ્યું, તોપણ અત્યારે તેનામાં એટલું ધૈર્ય આવ્યું હતું કે તેને બિલકુલ ભય લાગતો નહોતો.

પછી તેણે પહેલી ઓરડીનું તાળું ઉઘાડયું. તે તુરંગનો બહારનો દેખાવ જેટલો ભયંકર હતો, તેટલો અંદરથી નહોતો. તેઓ રાજકીય કેદી હોવાથી તેમને ત્યાં આગળ સ્વતંત્રતા સિવાય બીજી કોઈ પણ વસ્તુની ખામી પડવા દેવામાં આવતી નહિ. આવે સાધારણ વખતે દરવાજો ઉઘડેલો જોતાં જ અંદરના કેદી સરદારે એકદમ ત્રાડ મારીઃ " કોણ છે એ ?"

" હું એક મિત્ર છું; પણ આપનું નામ શું ? " અલકે ધીમે સ્વરે પ્રશ્ન કર્યો.

" મારૂં નામ વિજયસિંહ, પણ તારૂં નામ શું ?" વિજયસિંહ બોલ્યો.

" મારા નામનું તમારે શું કામ છે ? હું એક મિત્ર છું અને આપને અહીંથી મુકત કરવાને માટે આવ્યો છું." અલક બોલીઃ અત્યારે હું એથી કશો વધારે ખુલાસો કરી શકું તેમ નથી."

" પણ આ ખરી વાત છે કે ખોટી વાત છે ? તું તારૂં નામ કહેતો. તેથી મને સંશય આવે છે." વિજયસિંહ બોલ્યો.

" જો એમ હોય તો, સાંભળો." અલકકુમારી બોલીઃ " મારૂં નામ ગણેશસીંગ સજ્જનસીંગ. અત્યારે આગળના દરવાજા પાસે માત્ર

એક પેહેગીરે છે. તેને માત્ર બાંધી રાખીશું એટલે આપણે અહીંથી બહાર નીકળી જઇ શકીશું. પછી જેવી આપની મરજી!"

"હું મોટા આનંદથી આવીશ; અને તારે માટે મેં પહેલાં સંશય દર્શાવ્યો, તે માટે મને ક્ષમા કરજે." વિજયસિંહ બોલ્યો.

"તો પછી સત્વર તૈયાર થાઓ! અત્યારે વાતચીતમાં વખત ગાળવાનો નથી." તે આગળ બોલીઃ "તમારા સોતીઓને પણ હજી મારે મુકત કરવાના છે."

પછી તે ભભૂતમલની ઓરડીમાં ગઇ. તેને પણ એવું જ કહીને પછી તે શૂરસેનને મુકત કરવાને ગઇ. તેની ઓરડીમાં ગયા પછી તે બોલીઃ "મહારાજ! હું આપને આપના સોબતીઓની સાથે મુકત કરવાને આવ્યો છું"

એ શબ્દો સાંભળતાં જ શૂરસેન બોલ્યોઃ "વીર પુરૂષ! તું મારી પિછાણવાળો હોય એમ મને તારા સ્વર ઉપરથી જણાય છે, પરન્તુ અત્યારે મને તારી ઓળખાણ પડતી નથી."

"આપે મને પ્રત્યક્ષ જોયો નથી, પરન્તુ મારી બ્હેન અલકકુમારીને આપે ઘણી વાર જોઈ છે. આપની સુશીલતા સંબંધે તેણે મને ઘણી વાતો કહી છે." અલક બોલી.

"શું તું અલકનો ભાઇ થાય?" શૂરસેન આશ્ચર્યથી બોલ્યોઃ "અલકને એક ભાઈ છે, એવું તો કોઇ વાર પણ મારા સાંભળવામાં આવ્યું નથી."

"મારૂં નામ ગણેસશીંગ છે અને હું તેનો ભાઇ થાઉં છું. મેં આપને-ત્રણે સરદારોને મુક્ત કરવાના સોગંદ લીધા છે. આ કામમાં મોત થાય તો પણ મને તેની પરવા નથી." અલક જુસ્સાથી બોલી.

શૂરસેન તેનો હાથ પકડીને બોલ્યોઃ "ગણેશ: તું ખરેખરો

શૂરવીર છે! તારી આ હિંમત જોઇને હું સાશ્ચર્યાનંદ પામું છું."

"આપ મારા પિતા અને બ્હેન ઉપર જે પ્રેમ દર્શાવો છો, તેને શોભે એવા જ આપના શબ્દો છે." અલકકુમારી બોલી: "ત્યારે હવે ચાલો: અત્યારે આપણા માટે વાતચીત કરવાનો અવકાશ નથી-"

એટલા વખતમાં ભભૂતમલ અને વિજયસિંહ પણ તે સ્થળે આવી પહોંચ્યા હતા. તેમણે તેણે પોતાનો હવે પછીનો કાર્યક્રમ જણાવ્યો. પછી ઓરડીનાં બારણાં બંધ કરીને તેને તાળાં લગાવી દીધાં અને તે એકલી જ પહેરેગીરની પાસે આવી.

પહેરેગીરે તેને કહ્યું: "સરદાર સાહેબ! આપને કાંઇ બહુ વાર લાગી નહિ."

"થોડી જ વારમાં કામ પતી ગયુ!" અલક બોલી: "લે આ કુંચીઓ, બરાબર સંભાળીને રાખજે.' પહેરેગીરે પોતાનો ભાલો દિવાલને ટેકાવીને મેલ્યો અને તે કુંચીઓ પોતાના કમરપટ્ટામાં ભરાવવા લાગ્યો, એટલામાં અલકકુમારીએ ચિત્તાની પેઠે તરાપ મારીને પહેરેગીરનું ગળું પકડયું અને તેને જમીનપર પાડી દીધો! તે સાથે જ તેની છાતીપર ચડી બેસીને પોતાનું ખંજર તેના મસ્તક સામે ઉગામી તે બોલી: "ખબરદાર જો બૂમ પાડી છે તો! નહિતો હમણાં જ પ્રાણ ગુમાવી બેસીશ!"

પહેરેગીર નીચે પડયો, તે વેળાએ થએલો અવાજ સાભળતાં જ તે ત્રણે સરદારો એકદમ આગળ ધસી આવ્યા. આ પ્રમાણે દગો થએલો જોતાં જ પહેરેગીરે પુખ્ત વિચાર કરીને કશી ગરબડ નહિ કરવાનો નિશ્ચય કર્યો. પછી અલકકુમારીએ તેને પોતાની સાથે લઇને એક ઓરડીમાં પૂરી દીધો અને તે ચારે જણાં પાછાં વચ્ચેના ચોકમાં આવ્યાં સઘળાં પગનો અવાજ થવા દીધા વિના આગળ ચાલ્યાં અને

પૂર્વે અલકે જ્યાં દીવો મેલી રાખ્યો હતો, ત્યાં-હથિયારોના ઓરડામાં તેઓ આવ્યા. પછી તે ત્રણે જણાએ પોતપોતાને પસંદ પડતાં હથિયારો અને બખ્તરો ધારણ કરી લીધાં અને ત્યાંથી આગળ વધી ઘાટનાં પગથીયાં ઓળંગીને ચારે જણાં હોડીની પાસે આવી પહોંચ્યા તુરત જ હોડીમાં બેસીને તેમણે તેને હંકારી મેલી અને એ રીતે અલકકુમારીના સાહસથી તથા ડહાપણથી તે ત્રણે સરદારો કેદમાંથી મુક્ત થયા !

" આપણે મુક્ત થયા તે માટે આપણે આ બખ્તરીયા વીર પુરૂષનો આભાર—" એમ વિજયસિંહ બોલવા જતો હતો, એટલામાં અલક વચમાં બોલી ઊઠી : " નહિ, નહિ. એમાં આભાર માનવાનું કાંઇ જ કારણ નથી. ખરેખરી બ્હીક તો હજી હવે રહેલી છે. પ્રભાત થતાંની સાથે જ વીરોત્તમને આ બનાવની ખબર પડશે અને તે આપણને શોધવાને માણુસોને દોડાવશે. આપણે જો નજીકમાં જ ક્યાંય હોઈશું, તો પકડાયા વિના રહીશું નહિ, તેટલા માટે ભવિષ્યનો વિચાર સૌથી પહેલાં કરી વાળવો જોઈએ ! "

આ શબ્દો સાંભળતાં જ વિજયસિંહ અને ભભૂતમલે એક બીજાની તરફ સંકેતસૂચક દૃષ્ટિ કરી. તેમને તે નેત્રસંકેત ધ્યાનમાં આવતાં શૂરસેન બોલ્યો: " મને લાગે છે કે મને કાંઇક યુક્તિ સૂઝી આવી છે; પરન્તુ આપણને આટલામાં ક્યાંયથી ઘોડા મળી શકશે ખરા ? "

" અમને બન્નેને અહીં રહેતી એક ઉદાર અને ધાર્મિક સ્ત્રી સાથે ઓળખાણ છે. ત્યાં જો આપણે જઈ પહોંચીએ, તો આપણું રક્ષણ થાય. તે સ્ત્રીનું નામ કદાચ તમારા સાંભળવામાં આવ્યું પણ હશે. " ભભૂતમલ બોલ્યો.

"તે કોણ વારૂ?" શૂરસેને પૂછ્યું.

"દેવી સરોજિની." ભભૂતમલ બોલ્યો: "ત્યાં જતાં જ આપણને જોઇએ તેવા સારા ઘોડા મળી શકશે, એટલું જ નહિ પણ રક્ષણને માટે જોઇતા ઘોડેસ્વારો પણ ત્યાંથી આપણે મેળવી શકીશું."

"એ બાઇની કીર્તિ મારા સાંભળવામાં પણ આવી છે ખરી." શૂરસેન બોલ્યો.

"ચાલો ત્યારે આપણે હવે 'પુણ્ય–મંદિર' તરફ જ વિદાય થઇએ." વિજયસિંહ બોલ્યો: "વળી આ શૂરવીર પુરૂષને પણ આપણે આપણી સાથે લઇ લો; નહિ તો કદાચ આપણા ઉપરનો ક્રોધ એ કાણીઓ એના ઉપર કાઢશે."

અલકકુમારીને પણ એ જ જોઇતું હતું. તેને સંગમપુરમાં રહેવાનું કશું કારણ રહ્યું નહોતું. તે શ્વેત સ્ત્રીને મળવાને તે હવે બહુ જ આતુર બની ગઇ હતી. યોગ સ્થળે હોડી પહોંચી ગયા પછી સર્વે જણ નીચે ઉતર્યાં અને તેમણે 'પુણ્ય–મંદિર'નો રસ્તો લીધો.

પ્રકરણ ૮ મું.

'પુણ્ય–મંદિર' કે 'પિશાચ–મંદિર?'

હવે આપણે દેવી સરોજિનીની સાથે જતા બળવંતસિંહની ખબર લઇશું. આંખોપર બુરખો ઢાંકેલી સ્થિતિમાં બળવંતસિંહ સરોજિનીની સાથે મુંગો મુંગો ચાલતો હતો. પૂર્વે તે કાલિકાપ્રસાદની સાથે એવી જ રીતે ગયો હતો અને તે વખતે જે પ્રકાર બન્યો હતો, તેનો

જ પ્રકાર આ વખતે પણ થયો. રસ્તો વધારે લાંબો બનાવવાને ઘો-ડાને નકામો આરોઅવળો ચલાવવો એ જ એ પ્રકાર હતો અને તે બળવંતસિંહના ધ્યાનમાં આવી ગયો. તોપણ પહેલી વાર તેને મુસાફરી કરતાં ત્રણ ઘડી લાગી હતી, તેટલો વખત આ વાર લાગ્યો નહિ. માત્ર ઘડી–સવા ઘડીમાં જ તેનો પ્રવાસ પૂરો થઇ ગયો !

પહેલાંની પેઠે જ આ વખતે પણ એક દરવાજો ઉઘાડયો અને અંદર જતાંની સાથે જ તે દરવાજો બંધ થઇ ગયો. નીચેની ફરસબંધી ઉપર ઘોડાના ડાબલાના અવાજ થવા લાગ્યા. થોડેક આગળ ગયા પછી બળવંતસિંહને પહેલાંની પેઠે જ સેવકોએ ઘોડાપરથી નીચે ઉતાર્યો; પછી તેની આંખોપરથી બુરખો કાઢી નાંખવામાં આવ્યો કે તુરત જ તેના ધ્યાનમાં આવ્યું કે પહેલી વાર પોતે રાજકન્યાને જોવાને જે સ્થળે આવ્યો હતો, તે જ આ સ્થળ હતું અને તે વિષે તેણે કરેલો તર્ક ખરો માલુમ પડયો.

પરન્તુ સરોજિની બળવંતસિંહને ઓળખતી નહોતી. તે તો એમ જ સમજતી હતી કે આજે બળવંતસિંહ પહેલી જ વાર આ સ્થળે આવ્યો છે. તેની એવી ખાત્રી હતી કે બળવંતસિંહ પોતાને ઓળખતો નથી. બળવંતસિંહ પણ તેની સાથે તેવી જ રીતે વર્તતો હતો. આ મહાલય જોઇને પોતાને બહુ જ આશ્ચર્ય ઉત્પન્ન થતું હોવાનું પણ તેને સરોજિનીને જણાવ્યું.

સરોજિની તેને એક વિશાળ ઓરડામાં લઇ ગઇ અને તેણે તેની સેવામાં બે ચાકરો સોંપ્યા. ચાકરોએ તેને એક બીજા ઓરડામાં લઇ જઇને, તે ' ના ' ' ના ' કહેતો રહ્યો તો પણ ઉત્તમ વસ્ત્રાલંકારો પહેરાવ્યા.

બીજી બાજુએ સરોજિની પોતાના ખાસ દિવાનખાંનામાં ગઇ.

તેની પાસે ચાર દાસીઓ હતી, તેમણે પોતાના બહાર ફરવાના વસ્ત્રો કાઢી નાંખીને ઘરમાં પહેરવાનાં વસ્ત્રો પરિધાન કર્યા. એક દાસીએ ઘરેણાંની પેટી સરોજિનીની પાસે મૂકી અને તે તેમાંના અલંકારો કાઢીને પોતાના શરીર ઉપર ધારણ કરવા લાગી. બીજી એક દાસી તેને અલંકારો પહેરવામાં મદદ કરવા લાગી. બહારથી ધાર્મિક વિધવા દેખાનારી એ સરદારપત્ની ઘરમાં આવતાં જ વસ્ત્રાલંકારો ધારણ કરીને ટાપટીપ કરી તૈયાર થઇ. તે અંગવર્ણમાં પણ સુંદર જ હોવાથી એ વસ્ત્રાલંકારોને લીધે વધારે રમણીય દેખાવા લાગી.

એટલામાં કોઇએ દ્વાર ખખડાવ્યું અને એક ચાકરે તેને ખબર આપી કે 'મહારાજ કાલિકાપ્રસાદ મળવાને આવ્યા છે.' કાલિકાપ્રસાદ તેજસીંગ અને દાનસીંગને બળિદાન આપવા માટે શ્યામગઢ તરફ ગયો હતો, તે ત્યાંથી આટલો ઉતાવળો પાછો આવ્યો, તે તેને મોટું આશ્ચર્ય પેદા કરનારૂં થઇ પડયું. તે તુરત જ તેને મળવાને માટે ઓરડામાંથી એવી જ સ્થિતિમાં બહાર નીકળી. જે ઓરડામાં કાલિકાપ્રસાદ બેઠો હતો, તે ઓરડામાં તે આવી, તો તેને માલૂમ પડયું કે કાલિકાપ્રસાદ બહુ જ ગભરાએલો માલૂમ પડતો હતો. તેને જોઇને સરોજિની બોલી: "કેમ ગુરૂજી! આપ આટલા ઉતાવળા કેવી રીતે પાછા ફર્યા? આપે રાતદહાડો પ્રવાસ કરીને કામ જલ્દી પૂરૂં કર્યું હોય એમ લાગે છે, પરન્તુ આપની મુખમુદ્રા આટલી ભયભીત કેમ જણાય છે વારૂ?"

"બાઇસાહેબ!" કાલિકાપ્રસાદ ક્રોધ દર્શાવતો બોલ્યો: "આ સઘળો આપનો પ્રતાપ અમને આડે આવે છે. પેલા બળવંતસિંહના નોકરોને બીજી વાર અહીં દાખલ કર્યા, તેનું જ આ સઘળું પરિણામ આવ્યું!"

સરોજિની બોલી: "પણ તેનું હવે અત્યારે શું છે? તેમને તો કાલિકામાતાને ચડાવી દીધા ને? કે પછી તેઓ તમારા હાથમાંથી નાસી છૂટયા?"

કાલિકાપ્રસાદ બોલ્યો: "એમ તે કયાંથી નાસી છૂટવાના હતા? તેઓ તો અત્યારે સ્વધામ પહોંચી ચૂકયા હશે; તે સંબંધી કશો ભય નથી. પણ તેમનો માલેક પેલો બળવંતસિંહ—"

"તેનો વળી આટલો બધો ભય શામાટે રાખવો?" સરોજિની ભ્રકુટી ચડાવીને બોલી.

"તેનો જ હવે ખરો ભય છે તો! તે જો આપણી પાછળ ન પડયો હોય તો આજ અહી તે કેવી રીતે દાખલ થયો હોત?" કાલિકાપ્રસાદે પૂછ્યુ.

"હેં! એ આપ શું કહો છો?" સરોજિની બોલી: "મને તેણે જે પત્ર મોકલ્યો હતો, તેનો તો મેં જવાબ જ આપ્યો નહોતો; અને ત્યારપછી તેણે મને કાંઇ પૂછાવ્યું નહોતું કે તે અહીં આવી શકે!"

"તેણે પૂછાવ્યું નહિ હોય, પણ તે કરતાં વધારે કામ કર્યું છે." કાલિકાપ્રસાદ બોલ્યો: "બળવંતસિંહ તરીકે ઓળખાતો પુરૂષ અત્યારે 'પુણ્ય-મંદિર' માં છે."

સરોજિની હવે સમજી ગઇ. તે બોલી: "એમ? ત્યારે એ તો એવું જ બન્યું કે શું?"

"હા, એવું જ બન્યુ." કાલિકાપ્રસાદ ગ્હીડાઇને બોલ્યો: "શ્મશાનમાંના દેવાલય પાસેના ઘોડાવાળાએ તેને તુરત જ ઓળખી લીધો હતો. તેણે જ મને અત્યારે કહ્યું કે તે આજે અહીં આવી ચૂકયો

છે, પણ મને આશ્ચર્ય ઉત્પન્ન થાય છે કે છે ઘોડાવાળાએ આ વાત તમને તે ને તે વખતે જ કેમ કહી નહિ?"

"હું પોતે જ સાથે હતી, એટલે કદાચ તે બોલ્યો નહિ હોય તે એમ સમજ્યો હશે કે હું તેને ખાસ અપવાદ તરીક લઇ જઉં છું. આજસુધીમાં અહીં એવી રીતે આપણો નિયમ છોડીને પણ ઘણા માણસોને બબ્બે વાર લાવામાં આવ્યા છે." સરોજિની બોલી.

"દાખલા તરીકે, બળવંતસિંહના જ બે સેવકો." કાલિકાપ્રસાદ કરડાકીથી બોલ્યો: "પણ મારે હજી પણી મહત્ત્વની વાતો તને કહેવાની છે."

"કહો, હું તે બરાબર ધ્યાન આપીને સાંભળીશ." સરોજિની બોલી.

"પહેલાં એ કહે કે બે ત્રણ દિવસથી તારી પાસેથી કોઇ માણસ અદ્દશ્ય થયું છે?' કાલિકાપ્રસાદે પૂછયું.

"હા, પેલી ચંડિકા કયાંય ગઇ છે, તેનો પત્તો નથી." સરોજિની બોલી: "તે દિવસે તેને વેશ બદલાવીને તમને મળવા માટે ધર્મશાળામાં મોકલાવી હતી, ત્યારપછી તે મારા જોવામાં આવી નથી."

"તેણે તે દિવસે મને ઘણી મહત્ત્વની બાતમી પૂરી પાડી હતી અને તેથી જ હું તે દિવસે જલ્દી આવ્યો હતો. તે દિવસે હું વેળાસર જ આવી પહોંચ્યો અને તેથી જ રાજકન્યા આપણા હાથમાંથી છટકી જતાં રહી ગઇ, એ કાંઇ નાનોસૂનો લાભ કહેવાય નહિ." કાલિકાપ્રસાદ બોલ્યો.

"ત્યારપછી અત્યારસુધી મેં તેને જોઇ નથી.' સરોજિની બોલી.

"ત્યારપછી પેલા બે હરામખોરોને લઇને શ્યામગઢ તરફ જતાં મેં તેને નદીના પાણીમાં ડુબાઇ ગએલી જોઇ!" કાલિકાપ્રસાદ બોલ્યો.

" હેં ! એ વળી શું ?" સરોજિનીએ આશ્ચર્યથી પૂછ્યું."

" કોઇએ તેનું ખૂન કરીને તેને નદીમાં ફેંકી દીધી હતી." કાલિકાપ્રસાદે કહ્યું.

" શું ? ખૂન ! મને લાગે છે કે તે કદાચ નદીમાં ડૂબી ગઇ હશે." સરોજિની ભયચકિત થઇને બોલી.

" તેનું ખૂન જ થયું છે. તેને કોઇએ દગાથી ઠાર મારી છે." કાલિકાપ્રસાદ દ્વેષપૂર્વક બોલ્યો.

" પણ આ કામ કોણે કર્યું હશે વારૂ ?" સરોજિનીએ પૂછ્યું.

" પેલી રમણી—જેને હાલમાં લતિકાદેવી કહે છે, તેનું જ એ કામ છે !" એમ કહીને કાલિકાપ્રસાદે ચંડિકાના કાળજામાંથી કાઢી લીધેલું ખંજર તેને બતાવ્યું.

સરોજિનીએ એ ખંજર હાથમાં લઇને બરાબર તપાસી જોયું અને તે પાછું કાલિકાપ્રસાદના હાથમાં આપીને તે બોલી: " આ તો રમણીનું જ ખંજર ! તે આપણી સાથે આ પ્રકારનું વૈર ધરાવતી બની છે શું ? એવું હોય તો–" એટલું બોલીને તે અચકાઇ: તેનાથી વધારે બોલાયું નહિ.

" તેણે જો પોતે લીધેલા સોગંદનો ભંગ કરીને સઘળી વાતો વીરોત્તમને કહી દીધી હશે તો પછી હવે શું થશે ?" કાલિકાપ્રસાદ બોલ્યો : " એ સંબંધે કાંઇ વિચાર કર્યો છે કે ?"

" ઓ પ્રભુ ! એ તો મોટી મુશ્કેલીનો પ્રસંગ ! તો પછી એકદમ પોતાનું બધું લશ્કર લાવીને તે મારા મકાનને ઘેરો ઘાલવાનો; અને એમ થાય તો આપણાથી નાસી જઇ શકાય પણ નહિ !" તે ગભરાટ દર્શાવતી બોલી: " વાઘના પંજામાં સપડાવું સારૂં પણ તેના હાથમાં પડવું સારૂં નહિ !"

" એટલું બધું ગભરાવાનું કશું કારણ નથી. ચંડિકાનું ખૂન થયાને આજ પાંચ દિવસ થઈ ગયા. એટલા વખતમાં તો રમણીએ કશું કર્યું નથી, એ ઉપરથી તે સોગંદ ભાંગશે એમ નક્કી કહી શકાય નહિ. ગમે તેમ, પણ કાંઈક ગોટાળો થવાથી તેનું ખૂન થયુ હોવું જોઈએ. " કાલિકાપ્રસાદ બોલ્યો: "તેનું મુડદું આપણા જોવામાં આવ્યું, તે આપણને ચેતવણી આપવા માટે જોવામાં આવ્યું કે આપણા નાશનો પ્રારંભ સુચવવા માટે જોવામાં આવ્યું, તેની મને સમજ પડતી નથી !"

" પણ ચંડિકાને તમે જ તમારા કાંઇ કામ માટે મોકલી હતી, એવું મને બરાબર સાંભરે છે." સરોજિની પોતાનો કશો દોષ નથી એવું દર્શાવવાને બોલી.

" હા, મેં જ તેને મોકલી હતી. જે દિવસે મને તે ધર્મશાળામા મળી હતી, તે જ દિવસે ત્યાં અલકકુમારી નામની એક ખૂબસુરત છોકરી મારા જોવામાં આવી હતી. વિષયમલ તેના ઉપર આશક થયો છે, એટલું જ નહિ, પણ તે કોઇ એક ખેડૂતની છોકરી હોવા છતાં વિષયમલ તેની સાથે લગ્ન કરવાને તૈયાર થયો છે ! તે મને પહેલાં એક દેવાલયમાં મળી હતી, તે વખતે તેણે મને એ હકીકત કહી હતી. પછી વિષયમલે તેને પકડી લાવીને શ્યામગઢમાં કેદ કરી રાખી હતી. ત્યાં પણ મેં તેને જોઇ હતી. ફરી છ-સાત દિવસ પહેલાં જ્યારે તે ધર્મશાળામાં મારા જોવામાં આવી ત્યારે હું સમજી ગયો કે તે વિષયમલ પાસેથી નાસીને આવી હોવી જોઇએ. એ ઉપરથી મેં ધાર્યું કે વિષયમલ ઉપર તેનો પ્રેમ નહિ જ હોય."

સરોજિની વચમાં અધીરી થઇને બોલી: " પણ તમારે તેનું શું કામ હતું ?"

" સાંભળ. મતલબ વિના હું કોઇની તરફ જોતો જ નથી." કાલિકાપ્રસાદ બોલ્યો: " તે સુંદર છે, એવું જોતાંજ મેં ધાર્યું કે તેને 'પુણ્ય-મંદિર' માં દાખલ કરવી જોઇએ. વળી જે ભિખારડી ઉપર વિષયમલની નજર બેઠી હતી. તેને આપણે આવી રીતે ગુંચવી નાંખી, એવું જાણવાથી ભભૂતમલ પણ આપણા ઉપર ખુશ થશે એવી મેં આશા રાખી હતી. એ પ્રમાણે બેવડા હેતુથી મેં અલક-કુમારીને આશ્વાસન આપ્યું હતુ અને કહ્યું હતું કે મારી ઓળખાણવાળી એક ઉદાર સ્ત્રીની પાસે લઇ જઇને હુ તને રાખીશ પરન્તુ એટલામા ચંડિકા ત્યાં આવી પહોંચવાથી અમારી વાતચીત બંધ પડી. હું ચંડિકાની સાથે જરા એક બાજુએ જઇને વાતચીત કરવા લાગ્યો. અમારી પાછળ દિવાલ આવેલી નહોતી, પરન્તુ ફક્ત લાકડાની ચીપો જડી લીધેલી હતી, એટલે અમારી વાતચીત બીજી બાજુએ સંભળાવાનો સંભવ હતો. મેં ધર્મશાળાના રખેવાળને પૂછ્યુ કે "બીજી બાજુએ કોણ છે?" તેણે જવાબ આપ્યો કે " પહેલાં ત્યાં એક છોકરી સૂતી હતી, પણ હવે તે ત્યાં નથી." એ જાણીને મને બહુ જ ખરાબ લાગ્યું. અમારી કેટલીક ગુપ્ત વાતો ઘણી મહત્ત્વની હતી, તે તેણે સાંભળી લીધી હશે કે કેમ, એ સંબધે મને ચિંતા થવા લાગી ! તે છોકરી ત્યાંથી એકદમ ચાલી ગઇ એટલા ઉપરથી મારી ખાત્રી થઇ છે કે તે છોકરીએ અમારી વાતો સાંભળી હોવી જોઇએ. પછી મે નિશ્ચય કર્યો કે ગમે તેમ થાય પણ તેને કેદ કરીને એક વાર તો આ મહાલયમાં પહોંચાડી દેવી. કોઈ પણ યુક્તિથી કિલ્લામાં પ્રવેશ કરીને કેદ થએલા સરદરોને છોડાવવાની મેં જે ગોઠવણ કરી હતી, તે બાજુએ મેલીને મેં તે અલકકુમારીને શોધવાને ચંડિકાને મોકલી, અને તેની પાછળ બીજાં થોડાંક માણસોને પણ રવાના કરવાના

હેતુથી હું અહીં આવ્યો. પરન્તુ એટલામાં તો રાજકન્યા નાસી જતી માલૂમ પડી અને તેને નસાડી લઇ જનારને શિક્ષા કરવાના કામમાં મારે રોકાવું પડયું."

"ત્યાર પછી આપને તે અલકકુમારી સંબંધે કશી ખબર નથી મળી શું ?" સરોજિનીએ પૂછ્યું.

"કેવી રીતે મળે ? તુરત જ હું તે હરામખોરોને લઇને શ્યામગઢ તરફ ચાલ્યો, પરન્તુ નદીમાં વહેતું આવતું ચંડિકાનું મુડદું જોતાં જ હું અર્ધેથી પાછો વળ્યો. એક રીતે એ પણ સારૂ થયું, કારણે કે હું દેવાલય પાસે આવ્યો, એટલે ઘોડાવાળાએ તારી સાથે આવેલા સરદારનું વર્ણન મને કહ્યું અને તે ઉપરથી તે સરદાર બીજો કોઇ નહિ, પણ બળવંતસિંહ પોતે જ છે એવી મારી ખાત્રી થઇ !" કાલિકાપ્રસાદ બોલ્યો.

"મધરાત થવાને હજી અધઘડીની વાર છે." સરોજિની અધીરાઇ દર્શાવતી બોલી: ", તે સરદાર હજી નીચેના વસ્ત્રાગારમાં બેઠો છે; તો કહો, હવે તેનું શું કરવું છે ?"

"તારો ને તેનો મેળાપ કેવી રીતે થયો ?" કાલિકાપ્રસાદે પૂછ્યું.

"હું શહેરમાંથી બહાર નીકળતી હતી, એટલામાં તે રસ્તામાં મારા જોવામાં આવ્યો." સરોજિની જરા પણ લજ્જિત ન થતાં સ્પષ્ટ રીતે બોલી: "તેનો ચહેરો મારી નજરમાં બેસી ગયો; એટલે મેં ખાસ જાણી કરીને હાથમાંનું રૂપાનું વાસણ તેની પાસે પહોંચતાં જ પાડી નાખ્યું; એટલે તેને નજીક લાવવાની તક મેં મેળવી લીધી. ત્યાર પછી શું બન્યું તે તો આપના જાણુવામાં જ છે !"

"તેણે તને તારૂં નામ આપીને બોલાવી હતી ?" કાલિકાપ્રસાદે પૂછ્યું.

"ના. તે મને બીલકુલ ઓળખતો નહોતો.મેં તેને પૂછ્યું કે તમે કોણ છો, તે ઉપરથી તેણે પોતે એક રાજપૂત સરદાર હોવાનું કહ્યું: પણ પોતાનું નામ આપ્યું નહિ." સરોજિની બોલી.

"એ ઉપરથી જણાય છે કે તે તને નક્કી ઓળખે છે. તે ખાસ જાણી જોઇને તારા માર્ગમાં આવીને તને મળ્યો હોવો જોઇએ, એમ હું તેની ચાણાક્ષતા ઉપરથી કહું છું." કાલિકાપ્રસાદ બોલ્યો: "આજના જેટલી ગુંચવણમાં હું મારી જીંદગીમાં કોઇ પણ વાર પડયો નહોતો."

" સરોજિની એ પરવાઇથી બોલી: "તેમાં આટલી બધી ગુંચવણમાં પડવા જેવું શું છે વળી? અત્યારે તે આપણા તાબામાં જ છે ને? આપણે તેને કડકમાં કડક શિક્ષા કર્યા વિના રહીશું નહિ. આપણા હાથમાં આવેલા ગુન્હેગારને કેવી શિક્ષા કરવી તે તો આપણે સારી પેઠે જાણીએ છીએ; કાલિકા માતા તેનું બળિદાન લેવાને તૈયાર જ છે. પછી આટલા બધા ગભરાઓ છો શાને? તેમનાં નામમાં કાંઈ જાદુ છે કે શું? તેને જો આપણે શિક્ષા કરીશું, તો કોઇ તેના બદલામાં વૈર વાળે એવો ભય છે? જો કાંઇ પણ દગો કરવાના ઉદ્દેશથી આજ તે અહીં આવ્યો હોય, તો તે નક્કી હરામખોર જ હોવો જોઇએ. ગુજરાતમાં તેના સંબંધી ખબર મેળવવાને માટે જે માણસને મોકલવામાં આવ્યો હતો, તેણે બરાબર ખબર કાઢીને જે વિગત મેળવી હતી, તે ઉપરથી ભભૂતમલે ભરદરબારમા તેની ફજેતી પણ કરેલી હતી, એ તમને સાંભરતું જ હશે."

"પણ દેવી!" કાલિકાપ્રસાદ બોલ્યો: "એટલું તું ભૂલી જાય છે. કે એ બળવંતસિંહ નામની વ્યક્તિ પાસે વીરધવળ મહારાજની સહી-સિક્કા સાથેનો પરવાનો હતો. સભાની અંદર એ સહી-સિક્કો

જોવામાં આવ્યો નહિ તેનું કારણ એ હતું કે **ભભૂતમલે** દગો કરીને તે ઉપર કાંઇક પદાર્થ ચોપડી તેટલા અક્ષરો છેકી નાંખ્યા હતા, હવે સમજી ? ”

“ત્યારે તો એ પરવાનો ખરો હોવો જોઇએ!” સરોજિનીએ પૂછ્યુ: “ પણ આપણા માણસને તેના સંબંધે પાટણમાં કેમ કાંઇ ખબર મળી શકી નહિ હોય ? ”

કાલિકાપ્રસાદ બોલ્યો: “ જે વખતે સભા ભરવામાં આવી: તે વખતે અમારી કલ્પના એવી હતી કે એ પરવાનો બનાવટી હોવો જોઇએ અને તેથી જ બરાબર વેળાસર તેમાંનો સહી–સીક્કો કાઢી નાંખવાની વ્યવસ્થા કરીને તેની ગેરઆબરૂ કરી તેને સભામાંથી હાંકી કાઢવાનું અમે કાવતરૂ રચી રાખ્યું હતું. પરન્તુ એ વખતે જ **વીરોત્તમ** આવી પહોંચ્યો એટલે એ ગોઠવણમાં મોટો વાંધો આવી પડયો. ”

“ પણ તે વખતે તમને તેના ઉપર એટલો બધો ક્રોધ કરવાનાં શાં કારણો મળ્યાં હતાં, તે મારાથી સમજાતું નથી. ” સરોજની બોલી.

“ તેના ઉપર ક્રોધ કરવાનાં અમને ઘણાં કારણો મળ્યાં હતાં ” કાલિકાપ્રસાદ બોલ્યો: “ વિષયમલે તેની સાથે જે પત્ર મોકલ્યો હતો તે કપટથી ભરેલો હતો, તેની તને ખબર છે? તે કાગળ ઉપરથી અમને અનેક પ્રકારનો સંશય આવ્યો, તેટલા માટે સાવધ રહેવા સારૂ—”

સરોજની બોલી: “ ત્યારે એકંદરે એ કોઇ હરામખોર તો ન હોવો જોઇએ. ”

“એ કોઇ હરામખોર નથી, એટલું જ નહિ, પણ તે ખરેખરો સરદાર છે. તેમજ તેણે પોતાનું નામ ન આપ્યું તેમાં પણ ભેદ રહેલો છે. તેનો પરવાનો ખરો છે, તેમાંનાં સહી–સીક્કો ખરાં છે અને સઘળું ખરૂં છે; શ્યામગઢ તરફ જતાં તેના નોકરોએ મારા

કાનમાં જે ગુપ્ત વાત કહી છે તે ઉપરથી તો તેના સંબંધે મારી પૂરતી ખાત્રી થઇ છે." કાલિકાપ્રસાદે જણાવ્યું.

"એવી ગુપ્ત વાત તેમણે શું કહી?" સરોજિનીએ ઉત્સુકતાથી પૂછ્યું.

"તે સઘળું આમ ખુલ્લે ખુલ્લું કહી દેવાય તેમ નથી." કાલિકાપ્રસાદે કહ્યું.

"મારી પાસે એવો ઢાંકપિછોડો ચાલશે નહિ. એ સરદાર કોણ છે અને તેનું બળિદાન દેવામાં તમે આનાકાની કેમ કરો છો, તેનું કારણ મારે જાણવું જ જોઇએ." સરોજિનીએ ક્રોધ દર્શાવતાં કહ્યું.

કાલિકાપ્રસાદે ઠેઠ તેના કાનસુધી પોતાનું મ્હોં લઇ જઇને તેને કાંઇક કહ્યું, તે સાંભળતાં જ તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેને એ વાત ખરી નહિ જણાઇ હોય, એમ સમજીને કાલિકાપ્રસાદ બોલ્યો: "હું કદી મશ્કરી કરતો નથી, એ તો તું જાણે છે જ."

"જો એ ખરૂં હોય, તો હવે હું સમજી કે તમે શા કારણથી આટલી ગુંચવણમાં પડી ગયા છો." તે બોલી.

"પણ રૂપાનો ઘંટ વાગવાને હવે બહુ જ થોડી વાર છે." કાલિકાપ્રસાદ બોલ્યો.

"હું અત્યારે તદ્દન ગભરાઈ ગઇ છું. મને અત્યારે કોઇ પણ સુખોપભોગ સારો લાગશે નહિ. તે જે આટલો બધો યત્ન કરીને આ મહાલયમાં આવ્યો હશે, તે કાંઇ અમસ્થો નહિ આવ્યો હોય. તેણે પોતાના રક્ષણની યોગ્ય વ્યવસ્થા પણ કરી જ હશે. તેના ગુપ્ત માણસો ચારે તરફ ફરતાં હશે. ઓ ઇશ્વર! કોણ જાણે હવે આપણી શી સ્થિતિ થશે!" સરોજિની કેવળ રડવા જેવી થઇ જઇને બોલી.

કાલિકાપ્રસાદ ગુસ્સે થઇને બોલ્યો: "એમાં આટલી ગભરાય છે શાની? કદાચ તે ચંદ્રપ્રભાને અહીંથી છોડાવી જવાને આવ્યો હશે, કિંવા તેના સેવકો અહીં આવ્યા હતા તે તેના જાણુવામાં આવ્યું હશે અને તેથી તેમની ખબર કાઢવાને આવ્યો હશે. પણ તે વિષે કાંઇ ચિંતા કરવાનું કારણ નથી. તોપણ તેની સાથે કેવી રીતે વર્તવું તેનો જ મને મોટો વિચાર થઇ પડ્યો છે. તેને શત્રુ સમજવો કે મિત્ર?"

"વારૂ, પણ હવે કરવું શું?" સરોજિનીએ પુછ્યું.

"તેનો તારાં સ્ત્રીચરિત્રો ઉપર આધાર છે!" કાલિકાપ્રસાદ બોલ્યો: "આ બાબતમાં હું કોઇ બીજા ઉપર ભરોસો રાખવા ઇચ્છતો નથી. તું પોતે જ તેને મળ અને તેને ભુલાવામાં નાંખીને તેની પાસેથી સઘળો ભેદ કાઢી લે."

થોડો વિચાર કરીને તે બોલી: "તો પછી જરા મારૂં કહેવું સાંભળો. હું મારી પેલી બાજુંની બેઠકમાં તેની મુલાકાત લઇશ. મધરાત થયા પછી બરાબર એક ઘડી સુધી મારી રાહ જોવી; ત્યાં સુધીમાં જો હું પાછી ન ફરૂં, તો કાંઇ પણ દગો છે એમ સમજીને તમારે મારી મદદે આવવું."

"ઠીક છે." એમ બોલીને કાલિકાપ્રસાદ બહાર નીકળ્યો અને ત્યાં ઊભેલા એક ચાકરને કહ્યું: "ઉમેદ! આજે જે નવો પરોણો અહીં આવ્યો છે, તેને આપણા પુજાવિધિના દિવાનખાનામાં નહિ લઇ જતાં પેલી બાજુની દેવીની બેઠકમાં લઇ જજે. જોજે. ભૂલતો નહિ હોં!"

"જેવી આજ્ઞા." એમ કહી ઉમેદ નેમન કરીને ત્યાંથી ચાલ્યો ગયો અને સરોજિની પોતાની નક્કી કરેલી બેઠકમાં જઇને બેઠી.

પ્રકરણ ૯ મું.

દેવી સરોજિની અને બળવંતસિંહ.

જે બેઠકના ઓરડામાં સરોજિની અને બળવંતસિંહનો મેળાપ થવાનો હતો, તે ઓરડો બહુ મોટો ન હતો, તોપણ અનેક ઉત્તમોત્તમ વસ્તુઓવડે તેને શોભાવવામાં આવ્યો હતો. ઉત્તમ બિલોરી હાંડીઓ તેમા ટાંગેલી હતી અને સુગંધી તેલના દીવા બળી રહ્યા હતા. સ્થળે સ્થળે તાજા પુષ્પોના ગુચ્છક મુકવામાં આવેલા હતા. જે વખતે સરોજિની એ બેઠકમાં આવીને એક આસનપર બેઠી હતી, તે વખતે બળવંતસિંહ બીજા એક ઓરડામાં શુ કરી રહ્યો હતો. તે હવે આપણે જોઈએ.

પોશાક ધારણ કરી રહ્યા પછી, સરોજિનાની પાસે શુ બોલવું, કેવી રીતે વર્તવું, તેનો વિચાર કરતો બળવંતસિંહ તેના બોલવાનો જ રાહ જોતો ઉત્સુકતાથી બેઠો હતો. એટલામાં ઉમેદ ત્યાં આવીને બોલ્યો: " મહારાજ ! અમારાં બાઈસાહેબે આપને મળવાને બોલાવ્યા છે. "

" ઠીક છે. હું તૈયાર થઈને જ બેઠો છું; પરન્તુ પહેલાં મારે તારી સાથે કેટલીક વાતચીત કરવાની છે." બળવંતસિંહ માયાળુપણે બોલ્યો.

ઉમેદ આશ્ચર્યથી બોલી ઉઠયો: " શું મહારાજ ? મારી સાથે ?"

બળવંતસિંહ સસ્મિત વદને અને પ્રેમાળપણે બોલ્યો: " હા, તારી સાથે. તું મને બહુ જ સારો માણુસ દેખાય છે. હું માણુસને જોતાં વાત જ તેની પરીક્ષા કરી લઉં છું. તું બહુ જ પ્રમાણિક માણુ-

સ છે—અને હું ખાત્રીથી કહું છું કે—હું મારી કલ્પનામાં જરા પણ ભૂલ કરતો નથી. પણ અરે, આ શું ? તું રડે છે—"

" હા મહારાજ ! " ઉમેદ ગળગળો થઇને બોલ્યો: " તમારા આ પ્રેમભર્યા શબ્દોથી મારૂં હૃદય ભરાઈ આવ્યું—" ઉમેદથી આગળ બોલી શકાયું નહિ.

" તારા માટે હું શું કરૂં ? " બળવંતસિંહ વિશ્વાસયુક્ત વાણીથી બોલ્યો: " જરા શાન્ત થા અને ખુલ્લા મનથી મને જે કહેવું હોય તે કહે."

" મને આપની સાથે લઇ જશો ! " ઉમેદ બન્ને હાથ જોડીને બોલ્યો: " મને આ 'પુણ્ય–મંદિર'માં—અરે નહિ—'પિશાચ–મંદિર'માંથી કૃપા કરીને છોડાવો."

" વારૂ, એટલું જ ને ? " બળવંતસિંહ મમતાથી તેની પીઠ થાબડીને બોલ્યો: " હું તને જરૂર મારી સાથે લઇ જઇશ, પછી છે કાંઇ ? પણ હું જે કાંઈ પૂછું તેના મને બરાબર જવાબ દે."

" ખુશીથી પૂછો. હું જે કાંઇ જાણતો હોઇશ, તે આપને કહીશ." ઉમેદ આંખો લુછતો બોલ્યો.

" હું જતી વખતે તને મારી સાથે લઇ જઇશ. તું બરાબર તૈયાર થઇને રહેજે. " બળવંતસિંહ બારીક દૃષ્ટિથી તેના અંતઃકરણ-માંનો ભેદ જાણવાને માટે તેની તરફ જોતો પુનઃ બોલ્યો.

" મહારાજ ! આપ મને જ કાંઇ પુછવાના હો, તો હવે જલ્દીથી પુછો. " ઉમેદ આતુરતાથી બોલ્યો: " મને આપની સાથે વાતચીત કરવાનો હુકમ નથી. આપની સાથે વાતચીત કરતાં હું કોઇના જો-વામાં આવી જઇશ, તો મારી ઘડીઓ ભરાઇ ચૂકી સમજવી ! "

" મારે તો માત્ર એક જ વાત પુછવાની છે. ફક્ત એટલું જ

પુછું છું કે, ચાર–પાંચ દિવસ પહેલાં તારી જ વયના, દેખાવડા, કોઇ બે જુવાના અહીં આવ્યા હતા ?" બળવંતસિંહે પુછયું.

"હા, આવ્યા હતા. તેઓ કપડાં બદલવાને આ જ વસ્ત્રાગારમાં આવ્યા હતા. જુઓ, આ રહ્યાં તેમનાં જૂનાં કપડાં !" ઉમેદે તેજસીંગ તથા દાનસીંગે કાઢી નાંખેલાં કપડાં તરફ આંગળી કરીને કહ્યું.

"હા, બરાબર, એ જ તેમનાં કપડાં છે." બળવંતસિંહે તે કપડાં જોતાં વાંત જ કહ્યું : "પણ હવે મને એટલું કહે કે—"

ઉમેદ વચમાં બોલ્યો : "તેઓની શી સ્થિતિ થઇ તે આપ મને પૂછશો, પરન્તુ તે કહેવાને હું અશક્ત છું, કારણ કે તેઓ એકાએક અદશ્ય થઇ ગયા, એટલું જ માત્ર હું જાણું છું. પરન્તુ તેઓ કયાં ગયા અને કેવી રીતે ગયા તે વિષે મને જરા પણ ખબર નથી. પણ મહારાજ હવે ઉતાવળ કરો. વખત બહુ જ થોડો રહ્યો છે. ચાલો, હવે જલદી ઉઠો." એમ કહેતાં ઉમેદ કંપવા લાગ્યો.

"કાલિકાપ્રસાદને તું ઓળખે છે ? તે અત્યારે અહીં છે ?" બળવંતસિંહે પૂછયું.

"હા, તે અહીં છે. તે અહીં આવ્યાને માત્ર એકાદ ઘડી થઇ હશે. તે આવ્યો છે ત્યારથી બાઇસાહેબ અને તેની વચ્ચે કાંઇ ગુપ્ત વાતચીત ચાલી રહી છે અને તે પૂરી થતાં જ બાઇસાહેબે આપને બોલાવી લાવવા કહ્યું." ઉમેદ બોલ્યો.

"એમ ત્યારે તો એ હરામખોર અત્યારે અહીં જ છે એમ કે ? તો પછી મારે હવે કેવળ જૂદી જ રીતે વર્તવું પડશે. વારૂ, ઠીક; છોકરા ! મેં તને એક વાર મારો પોતાનો કહ્યો છે. હવે હું તને અળગો કરીશ નહિ. હું હવે થોડી જ વારમાં પાછો ફરીશ. ઘણું કરીને મારે લડાઇ કરીને જ અહીંથી બહાર નીકળવું પડશે, સમજ્યો ?"

"ઠીક છે. મારૂં હવે અહીં કશું કામ નથી, એટલે હું પેલી બાજુના દિવાનખાનામાં બેસી રહીશ. તમારી મુલાકાત પૂરી થાય એટલે તમે ત્યાં આવજો; પછી હું તમને ત્યાંથી જરા પણ અડચણ આવવા દીધા વિના બહાર લઇ જઈશ." ઉમેદ બોલ્યો.

"ઘણુ જ સારૂં, તારા આ ઉમદા ચહેરા પરથી જ તારા પર મારો પૂરો પૂરો વિશ્વાસ બેઠો છે. પછી જો તું જ મને ફસાવીશ, તો આ જગતમાંના કોઇ પણ મનુષ્ય ઉપર હું ફરી વિશ્વાસ રાખીશ નહિ." બળવંતસિંહ તેના મન ઉપર પોતાના સ્વભાવનું ઉમદાપણું ઠસાવતો બોલ્યો.

"મને લુચ્ચાઇ ઉપર બહુ જ કંટાળો છે." ઉમેદ અભિમાનપૂર્વક બોલ્યો: "પણ મહારાજ, હવે વધારે મોડું ન કરો. જલદી ચાલો. મારા પર એટલી દયા કરો."

"ચાલ ત્યારે." બળવંતસિંહ બોલ્યો: "આગળ ચાલીને મને રસ્તો બતાવ."

પછી ઉમેદ તેને લઇને સરોજિનીની બેઠકમાં ગયો. તેને અંદર મૂકીને ઉમેદ બહાર નીકળી દ્વારા બંધ કરતો હતો, તે જ ક્ષણે ઉભયનો નેત્રસંકેત થયો અને બળવંતસિંહને તેના ઉપર વધારે વિશ્વાસ બેઠો.

અહો! આ વખતના દેવી સરોજિનીના ઠાઠ--માઠનું શું વર્ણન કરીએ? તે પ્રૌઢા સુંદરીમાં અત્યારે કેવળ નવું તારૂણ્ય આવ્યું હોય, પરણી આવીને પહેલી જ રાત્રિએ સ્વામીના શય્યાગૃહમાં પ્રવેશ કરતાં જ્ઞાતયૌવના મુગ્ધાના વદન ઉપર જે લજ્જાવિર્ભાવ પ્રસરી રહે, તેના જેવી જ મુગ્ધતા, લજ્જા અને સુકોમળતાની જાણે કે સાક્ષાત્ મૂર્તિ હોય અને નંદનવનમાં નિવાસ કરતી અપ્સરા ઉપર જ્યારે ઇંદ્રદેવની અતુલ કૃપા ઉતરે ત્યારે તેનું હૃદય આનંદથી જેવું આંદોલિત થઈ રહ્યું હોય તેવો સંપૂર્ણ આનંદ અત્યારે તેના હૃદયમાં સમાતો ન

હોય, તેવી રીતે–સર્વાંગસુંદર, અલંકારભૂષિત, પ્રેમપ્રમુદિત નવયૌવના મુગ્ધા બાળા બનીને અત્યારે તે એક સુવર્ણાસનપર વિરાજમાન થઈ રહી હતી. બળવંતસિંહ તે ઓરડામાં પ્રવેશ કરતાં જ તે આસન ઉપરથી વિનયપૂર્વક ઊભી થઇ ગઇ, પછી તેણે જરા આડું વદન કરીને મસ્તકપરથી ખસી ગએલી સાડી સમી કરી લજ્જાતુરતાનું દર્શન કરાવ્યું અને પછી કિંચિત આડી નજર કરીને મંદ સ્મિત સાથે તે બોલી: "સરદાર સાહેબ! હું અત્યાર-સુધી અત્યંત આતુરતાથી આપની રાહ જોઇ હતી અને તમે તો નિર્દય બનીને મોડા પધાર્યા!"

"હું શું કરૂં? સુંદર વસ્ત્રો પસંદ કરીને તે ધારણ કરતાં મને બહુ વિલંબ થયો." બળવંતસિંહે પણ વખત જોઇને જ જવાબ આપ્યો.

"સરદાર સાહેબ! આપ બહુ જ ઉદાર હૃદયના છો, તેથીજ તમેં આજે આપની મુલાકાતની ઇચ્છા કરી છે. પણુ વારૂ, આપ કાંઇક ચિંતાતુર કેમ જણાઓ છો? કાંઇ ચિંતા હોય, તો મને જણાવો. મારાથી બની શકતો પ્રયત્ન કરીને હું તે દૂર કરવાનો યત્ન કરીશ."

"બાઇસાહેબ! આપની અને મારી બહુ થોડી ઓળખાણ હોવા છતાં–" પોતાને આશ્ચર્ય લાગ્યું હોય તેવું વદન કરીને બળવં-તસિંહ બોલ્યો.

"એમ કહીને તો આપ મારૂં અપમાન કરવા જેવું કરો છો! જો એવું હતું, તો પછી આપ અહીં શામાટે આવ્યા? મને મારી આશામાં ફસાવવાનો જ આપનો વિચાર છે કે શું?" પોતાનાં કટાક્ષોનો બળવંતસિંહ ઉપર વર્ષાદ વર્ષાવતી સરોજની બોલી.

"હું અહીં આવ્યો છું તેમાં તેવું કાંઈ બીજું જ કારણ હોય તો ?" બળવંતસિંહ બોલ્યો.

"તો તે કારણ મને કહો. મારથી જે કાંઇ કાર્ય બની શકે તેવું હશે, તે કરવામાં હું કદાપિ આનાકાની કરીશ નહિ. આપ મને હજી બરાબર ઓળખી શકયા હો તેમ લાગતું નથી. જો ઓળખી શકયા હોત તો આપ એવું બોલ્યા જ ન હોત. તમે મારા પર વિશ્વાસ રાખો. મારા પર વિશ્વાસ રાખવાથી તમને જરા પણ અસંતોષ મળશે નહિ. કહો વારૂ, આપ શા કામ માટે અહીં પધાર્યા છો ?" સરોજિનીએ પૂછ્યું.

તેની તરફ તીક્ષ્ણ દૃષ્ટિથી જોઇ રહીને બળવંતસિંહ બોલ્યોઃ "અહો ! શબ્દોમાં કેવી મિઠાશ છે ? પણ પેટમાં કેવડું મોટું કપટ છે ? **विषकुम्भं पयोमुखम्** "

સરોજિની આશ્ચર્યચકિત થઇને બોલીઃ "સરદાર સાહેબ ! બબ્બું, એવું તે શું બોલતા હશો વળી ? એમ કહીને તમે મારા હૃદયને વિદીર્ણ કરતાં જરાએ દયા લાવતા નથી ! તમારા એવા શબ્દો મારા કાળજામાં તીરની પેઠે ચોંટી જાય છે ! કોમળ હૃદયની સ્ત્રીઓને વચન બાણુથી સતાવનાર પુરૂષો કઠોર હૃદયના જ કહેવાય !" એમ કહીને સરોજિનીએ કટાક્ષની સાથે મંદ સ્મિત કર્યું.

"બાઇસાહેબ ! તમે મૂળથી જ આવાં ઠગવિદ્યાવિશારદ છો કે કોઇ હરામખોરોએ તમને ફસાવ્યાં છે ?" બળવંતસિંહે પૂછ્યું.

"નહિ, નહિ, હું તદ્દન ભોળી છું !" સરોજિની આંખો લૂછતી બોલીઃ "હું કપટપાશમાં બંધાઇ ગએલી છું !"

"જો તમે ખરેખર ભોળાં જ હો, તો હું પૂછું છું તેના

સીધે સીધા જવાબ દો જોઇએ." બળવંતસિંહ અવાજને કિંચિત્ કઠોર બનાવીને બોલ્યો.

"ભલે, આપને જે કાંઇ પૂછવુ હોય તે ખુશીથી પૂછો." સરોજિની આતુરતાથી બોલી.

"સરોજિનીબાઇ! વધારે વાતચીતમાં વખત ગાળવાની કશી જરૂર નથી. હું પોતે સરદાર બળવંતસિંહ છું. મારા બે નોકરોનું શું થયુ તે મને ઝટ કહી દો!" બળવંતસિંહ બોલ્યો.

તે બારણા તરફ નજર કરીને બોલી: "શું? તમારા બે નોકરો!"

"હા, મારા બે નોકરો જ." ભેઠમાંથી કટાર ખેંચી કાઢીને બળવંતસિંહ બોલ્યો: "તેઓ તારા આ મહાલયમાં જ આવ્યા હતા, એવી મને ખબર મળી છે. બોલ જલ્દી, નહિતો પ્રાણ ગુમાવવો પડશે!"

સરોજિની ભયચકિત થઇને જમીનપર પડી ગઇ અને ગભરાતી બે હાથ જોડીને બોલી: "મહારાજ! દયા કરો! મારા પર દયા કરો!"

"દયા!" બળવંતસિંહ ગુસ્સે થઇને બોલ્યો: "ખૂની રંડા ઉપર દયા?"

દ્વાર તરફ નજર કરતી સરોજિની બોલી: "મહારાજ! આ દીન સ્ત્રી ઉપર દયા કરો!"

એ જ ક્ષણે આ મુલાકાતના પ્રસંગની એક ઘડી પૂરી થઇ ગઇ.

બળવંતસિંહ બોલ્યો: "ચાંડાળણી! રાક્ષસી! તેં તેમનું ખૂન કર્યું હોવું જોઇએ, પછી હું તારા પર દયા કેવી રીતે કરૂં?"

તેણે ઉગામેલા ખંજર તરફ જોઇ રહીને સરોજિની ગભરાટથી

બૂમ મારી ઉઠી: "અરે, દોડો, દોડો, મને જલ્દી બચાવો !"

બળવંતસિંહ ત્રાડ મારીને બોલ્યો: "સઘળી વાત કબૂલ કરી દે, નહિ તો—"

તેના એ શબ્દો પૂરા થાય નહિ, એટલામાં તે ઓરડામાં બખ્તર અને બુરખાથી ઢંકાએલા ત્રણ સિપાઇઓ આવી પહોંચ્યા. સરોજિની આનંદઘોષ કરીને સત્વર ઉઠીને ઊભી થઇ. એટલી વારમાં તે સિપાઇઓએ બળવંતસિંહ ઉપર એકદમ હલ્લો કરીને તેને પકડયો હવે તે શાકતમંડળના હાથમાં બરાબર રીતે સપડાઈ ગયો !

આ સઘળો બનાવ બનવામાં એક ક્ષણ જેટલો સમય પણ ભાગ્યે જ લાગ્યો હશે. તે સિપાઇઓ બળવંતસિંહને પૂરેપૂરો કબજામાં લેતા હતા, એટલામાં તો એક બખ્તરમાં સજ્જ થએલો વીર પુરૂષ એ સ્થળે આવી પહોંચ્યો !

પ્રકરણ ૧૦ મું.

કાલિકાપ્રસાદ અને અલકકુમારી.

હવે આપણે અલકકુમારી અને તુરંગમાંથી મુક્ત થએલા ત્રણ સરદારોની ખબર લઇએ. તેઓ અલકકુમારીની સાથે હોડીમાંથી ઉતરી પડીને 'પુણ્ય-મંદિર' તરફ જવાને નીકળ્યા હતા.

મધરાત વીતી ગયાને એકાદ ઘટિકા જેટલો સમય થયો હશે, તે વખતે તેઓ સઘળા પુણ્ય મંદિરના દરવાજા પાસે આવીને દાખલ થયા. દરવાજાની સાંકળ ખખડાવતાં જ ચોકીદારે બારી ઉઘાડી અને બહાર જોયું, તો ભભૂતમલ અને વિજયસિંહ એ બે જણા તેની

દૃષ્ટિએ પડયા. તેમને આવે સમયે એકલા જોઇને તે ચોકીદારને બહુ આનંદ થએલો જણાયો, કારણકે વીરોત્તમે તેમને કેદમાં નાંખ્યા હતા તે તે જાણતો હતો.

વિજયસિંહ બોલ્યો: "કેમ અલ્યા! દેવી સરોજિની મહાલયમાં છે કે નહિ?"

"હા મહારાજ! આપને સુખરૂપ પાછા ફરેલા જોઇને તેમને બહુ જ આનંદ થશે." એમ બોલતાં બોલતાં તેણે શુરસેન અને અલકકુમારી તરફ જોયું, કારણકે એ બે જણને તે ઓળખતો નહોતો. તોપણ એ પેહેરેગીરની શંકાની દરકાર કર્યા વિના વિજયસિંહ એ બે જણને પણ સાથે લઇને અંદર પેઠો. ચોક વટાવીને અંદર જતાં ત્રણ–ચાર નોકરો બેઠેલા તેનો જોવામાં આવ્યા. તેમની તરફ દૃષ્ટિ પડતાં જ વિજયસિંહે કહ્યું: "અમારે માટે ઉત્તમ ઘોડા તૈયાર કરીને લાવો."

ભભૂતમલ બોલ્યો: "અને અમારી સાથે આવવા માટે આઠ ઘોડેસ્વારોને તૈયાર થવાની વરદી આપી દો."

એટલામાં એક નોકર બોલ્યો: "આજ ગુરૂ મહારાજ પણ અહીં જ છે."

"વાહ વાહ! આજે તો આપણા નસીબનો યોગ જ કાંઇ વિલક્ષણ જોવામાં આવે છે. ચાલો ત્યારે સૌથી પહેલાં આપણે તેમને જ મળીએ." ભભૂતમલ બોલ્યો: "ચાલ, છોકરા! અમે જઇને મોટા દિવાનખાનમાં બેસીએ છીએ, ત્યાંસુધીમાં તું ઉપર જઇને ગુરૂ મહારાજને અને બાઇસાહેબને ખબર આપ અને ત્યાં તેમને લઇને આવ. જા, જલ્દી કર."

" બાઇસાહેબ અને ગુરૂમહારાજ અત્યારે ખાનગી દિવાનખાનામાં એકાન્તમાં કાંઇ વાતચીત કરતાં બેઠાં છે અને—" એક નોકર બોલ્યો.

બીજો નોકર વચમાં બોલી ઉઠયો: " ના, ના, એમ નથી. ગુરૂમહારાજ પેલી બાજુના એક ઓરડામાં બેઠા છે અને બાઇસાહેબ એક નવા આવેલા ગૃહસ્થની સાથે ખાનગી દિવાનખાનામાં કાંઇ વાતચીત કરતાં બેઠાં છે. "

" તો પછી કાલિકાપ્રસાદ મહારાજ પાસે જ અમને લઇ જાઓ. સરોજિની દેવી જો કાંઇ મહત્વના કામમાં ગુંથાયા હોય, તો અત્યારે તેમને ખોટી કરવાની આપણને કાંઇ જરૂર નથી. " વિજયસિંહ બોલ્યો.

એક નોકર તેમને કાલિકાપ્રસાદ પાસે લઇ ચાલ્યો અને બીજો પોતાના કામપર ચાલ્યો ગયો. પરન્તુ બળવંતસિંહને આપેલા વચન પ્રમાણે ઉમેદ તો ત્યાં ને ત્યાં જ રહ્યો.

કાલિકાપ્રસાદનું નામ સાંભળીને અલકકુમારી આશ્ચર્યચકિત થઇ ગઇ. લતિકાદેવીએ તેને આપેલા ઉપદેશ ઉપરથી તેના સમજવામાં આવ્યું કે આ સ્થળે પોતે રહેવું એ મોટા જોખમનું કામ છે, કારણકે જે ધાર્મિક સ્ત્રી પાસે કાલિકાપ્રસાદ તેને લઇ જઇને રાખવાનો હતો, તે સ્ત્રી સરોજિની જ હોવી જોઇએ એવો તેને ભાસ થતો હતો અને તે મહાલયમાં આવતાં જ તેને આજે કાંઇ પણ નવીન પ્રકાર બનશે એવા ભણકારા વાગવા માંડયા હતા. તોપણ શૂરસેન બહુ ઉદાર હૃદયનો અને સત્યનિષ્ઠ છે એવી તેની ખાત્રી હતી, તેથી તેને આશા હતી કે કદાચ કાંઇ જોખમનો પ્રસંગ આવી પડશે તો તે પોતાને ઉપયોગી થઇ પડશે. વળી આ મહાલય સાથે કે કાલિકાપ્રસાદની સાથે શૂરસેનનો કશો પૂર્વપરિચય નહોતો, એવું પણ તેમની

વાતચીત ઉપરથી અલકકુમારી સમજી શકી હતી, તેથી તેના ઉપર વિશ્વાસ રાખીને થોડી વાર અહીં રહેવું એવો તેણે નિશ્ચય કર્યો.

અત્યારસુધી તેણે પોતાના ચહેરા ઉપરથી માથાપરના ટોપ સાથેના બુરખો જરા બાજુએ કર્યો હતો, પણ હવે તે તેણે પાછો બરાબર મ્હોંપર ગોઠવી દઇને મ્હોંને ઢાંકી દીધું. ચહેરો ખુલ્લો રાખવાથી કદાચ પોતાને કાલિકાપ્રસાદ ઓળખી કાઢે એવો ભય તેના ચિત્તમાં વસી ગયો હતો; પરન્તુ એટલામાં તેનો વિચાર બદલાયો. તેને એવી શંકા આવી કે જો કદાચ સજ્જનસીંગનું નામ લઇને પોતાને તેના છોકરા તરીકે એ સરદારો કાલિકાપ્રસાદની સમક્ષ બોલાવશે, તો તે ચાણાક્ષ કાલિકાપ્રસાદ પોતાને તુરત ઓળખી લેશે. એવું ધારીને તેણે પોતાનો ચહેરો પાછો ખુલ્લો કરી નાંખ્યો. ગમે તેમ થાય, પણ પોતાનો ચહેરો ખુલ્લો જ રાખવો એવો તેણે પોતાના મન સાથે નિશ્ચય કર્યો. તેનો એ વિચાર નક્કી થયો એટલી વારમાં તેઓ સઘળાં કાલિકાપ્રસાદ જ્યાં બેઠો હતો તે ઓરડાનાં બારણાં પાસે આવી પહોંચ્યાં.

તે ત્રણે સરદારોએ ઓરડામાં પગ મેલતાં જ કાલિકાપ્રસાદની નજર તેમના પર પડી. તે ત્રણેને ત્યાં એકાએક આવેલા જોતાં જ તે ચમકયો અને બોલ્યો: "આજ રાત્રે તો કાંઇ એક પછી એક વિલક્ષણ બનાવો જ બની રહ્યા છે!"

વિજયસિંહ અલકકુમારી તરફ હાથ કરીને બોલ્યો: "અમને આ જુવાન પુરૂષે કેદમાંથી છોડાવ્યા."

કાલિકાપ્રસાદ તેની નજીકમાં જઇને બોલ્યો: "મારી આંખો ભુલાવામાં તો નહિ પડતી હોય! પણ એમ થાય કેવી રીતે?"

આશ્ચર્યચકિત થવા જેવું વદન કરીને અલકકુમારી બોલી: "મ-

હારાજ ! આપની મુખમુદ્રાપરથી આપ મને ઓળખતા હો તેમ જ-ણાય છે, પરન્તુ પૂર્વે મારો અને આપનો મેળાપ ક્યાં થયો હશે, તે મને સાંભરતું નથી.”

તેની તદ્દન નજીક જઇને કાલિકાપ્રસાદ ધીમેથી બોલ્યો; “ જો તારે તારી ખરી ઓળખાણ કોઇને ન આપવી હોય તો ન આપીશ અને હું તારૂં ખરૂં નામ ફુટવા દઇશ નહિ.” પછી તે સરદારો ભણી નજર કરીને બોલ્યો: “ આપને મુક્ત કરવાનું સાહસિક કામ આ જ જુવાને કર્યું એમ કહો-છો ? ધન્ય છે તેની હિંમતને !”

“ એ સજ્જનસીંગના છોકરાનો જેટલો આભાર માનીએ એટલો થોડો છે.” શૂરસેન બોલ્યો: “હુ તેની બ્હેનને ઘણા વર્ષોથી ઓળખું છું. તેના સદ્‌ગુણોને શોભે એવું જ તેના ભાઇનું શૌર્ય છે.”

“ ત્યારે તારી એક બ્હેન પણ છે એમ કે ?” એમ કહીને કાલિકાપ્રસાદે એવી જ કાંઇ ચમત્કારિક નજરથી તેની તરફ જોયું કે અલકકુમારીની ખાત્રી થઇ ગઇ કે પોતાને કાલિકાપ્રસાદે સંપૂર્ણ રીતે ઓળખી લીધી છે.

“ તમે સઘળા મારા સંબંધે જ બોલ્યા કરશો કે બીજો કાંઇ વિષય કાઢશો ?” ચાલુ વિષયને બદલાવવાની ઇચ્છાથી તે બોલી: “ હજી આપણે કેટલાં કામો કરવાનાં છે, તેની તમને કલ્પના આવે છે કે નહિ ? વીરોત્તમ મારી પાછળ લાગવાનો છે. આપણે અહીંથી જેટલા વધારે દૂર નાસી જઇ શકીએ તેટલા દૂર જતાં રહેવું જોઇએ. અત્યારે જ આપણને શોધવાને માટે લોકો છૂટી ચૂક્યા હશે કારણકે દરપહોરે પહેરેગીર બદલાય છે, એટલે પહેલો જ પહેરેગીર વીરોત્તમને આ બાતમી પહોંચાડશે.”

“ આપણે હમણાં જ અહીંથી બહાર નીકળી રવાના થઇશું.”

વિજયસિંહ બોલ્યો: " પણ તે પહેલાં મારે એક વાર સરોજિનીને મળવું જોઇએ."

કાલિકાપ્રસાદ બોલ્યો: "અત્યારે તેનો મેળાપ થઇ શકે તેમ નથી, કારણકે તે કેટલાક મહત્ત્વના કામમાં ગુંથાએલી છે. શૂરસેન આપણા જ પક્ષના છે અને આ જુવાન પુરૂષે તમને મુક્ત કર્યા છે એટલે તેમને પણ આપણા જ પક્ષના સમજીને હું સ્પષ્ટ રીતે કહી દઉં છું કે દેવી સરોજિની અત્યારે બળવંતસિંહ સાથે કેટલીક મહત્ત્વની વાતચીત કરી રહી છે."

" શું શું?" વાઘની પેઠે ચમકીને ભભૂતમલ બોલી ઉઠયો: " તે લુચ્ચાનું સરોજિની પાસે વળી શું કામ હોય?"

" મારે પણ એ વાત સ્પષ્ટ રીતે જાણવી જોઇએ." વિજયસિંહ પણ ગંભીર બનતો બોલ્યો.

શૂરસેન કશું પણ બોલ્યો નહિ. જાણે કે પોતાને આ વાતચીત સાથે કશો જ સંબંધ નથી એમ દર્શાવતી અલકકુમારી એક ઉત્તમ ચિત્ર તરફ એકીટશે જોઈ રહી હતી.

કાલિકાપ્રસાદ બોલ્યો: " અત્યારે હું કશો ખુલાસો કરી શકું તેમ નથી, પરન્તુ એટલું માત્ર હું ખાત્રીથી કહું છું કે અત્યારે સરોજિની અને બળવંતસિંહ વચ્ચે જે કાંઇ વાતચીત ચાલી રહી છે. તે આપણા જ લાભની છે. તેમજ એ બળવંતસિંહ લુચ્ચો નથી, એવી મારી ખાત્રી થઇ છે."

" તો પછી. શું તે ગુર્જરેશ્વરને સમજાવીને તેને વીરોત્તમની સામે યુદ્ધમાં દોરશે એમ તમે કહી શકો છો?"

" હા, હા, તેમ પણ તે કરશે. અત્યારે જે કાંઇ નવી વાતો મારા જાણવામાં આવી છે, તે ઉપરથી હું કહું છું કે આપણને ફરીથી

એકાદ મોટી સભા ભરવી પડશે; અને તે સભા શ્યામગઢમાં જ બોલાવવી, એવો મારો મત છે. હું જે સભા વિષે બોલું છું, તે સભા ભરવાને હજી કેટલાક દિવસની વાર લાગશે, પરન્તુ તે સઘળુ આજની તેમની મુલાકાત ઉપર જ અવલંબી રહ્યું છે !" કાલિકાપ્રસાદ બોલ્યો.

એટલામાં એક ચાકર કેટલાક ભોજનના પદાર્થો લઇને ત્યાં આવ્યો. તે જ વખતે સરોજિની અને બળવંતસિંહની મુલાકાતની શરૂઆતને એક ઘડી પૂરી થઇ ગઇ, એટલે કાલિકાપ્રસાદે તે ચાકરનો હાથ પકડીને તેને ધીમેથી કાનમાં કહ્યું; "નીચે ત્રણ સિપાઇઓ હાથચારબંધ ઊભા છે, તેમને સરોજિનીના ખાનગી દિવાનખાનામાં જવાનું કહીને મારા હુકમથી ત્યાં રહેલા એક માણસને કેદ કર; જા, ઉતાવળ કર !" એમ કહીને તે પાછો ત્રણે સરદારો પાસે આવ્યો તે ક્ષણે અલકકુમારી તે ઓરડામાંથી આસ્તેથી બહાર નીકળી ગઇ. તેને ત્યાંથી જતી રહેલી જોઇને કાલિકાપ્રસાદે એ ત્રણે જણને કહ્યું: "તમારો પેલો ચોથો સ્નેહી અહીંથી કયાં જતો રહ્યો ?" કાલિકાપ્રસાદને થોડો સંશય આવ્યો કે બળવંતસિંહને કેદ કરવાની જે વાત તેણે ચાકરને કહી હતી તે કદાચ અલકકુમારીએ સાંભળી હશે. આ સંશય આવતાં જ તે બારણા તરફ દોડયો, તો તેનો સંશય ખરો પડયો ! બારણાં બહારથી બંધ કરવામાં આવેલાં હતાં !

બળવંતસિંહને કેદ કરવાનો કાલિકાપ્રસાદે કરેલો હુકમ સાંભળતાં જ વિચાર કરવામાં વખત નહિ ગાળતાં અલકકુમારી એકદમ ઓરડામાંથી બહાર નીકળી અને તેણે બારણાંને બહારથી સાંકળ વાસી દીધી ! ભારે સાવધાનતાથી તે પેલા ચાકરના માર્ગમાં જઇને ઊભી રહી. એટલામાં પેલા ત્રણ હથિયારબંધ સિપાઇઓ ઉપર જતા તેની દૃષ્ટિએ પડયા. તેમની પાછળ પાછળ તે ઉપર ગઇ અને

એક દ્વાર ઉઘાડીને તેઓ અંદર પેઠા તે તેણે બરાબર જોયું. સિપાઇઓ અંદર જઇને બળવંતસિંહને બરાબર રીતે પકડી લે, તે પહેલાં તો તે પોતાનો ચહેરો બુરખા હેઠળ છુપાવીને અને હાથમાં ઉગામેલી ખુલ્લી તલવાર રાખીને અંદર ગઈ, જે વાત આગલા પ્રકરણમાં કહેવાઇ ગઇ છે.

પ્રકરણ ૧૧ મું.

ઝપાઝપી.

જ્યારે અલકકુમારીએ અંદર પ્રવેશ કર્યો, ત્યારે બળવંતસિંહ તે સિપાઇઓના હાથમાં આવી ગયો હતો. સરોજિની અત્યંત આનંદિત થઇ ત્યાં જ ઊભી હતી; પણ એકાએક કોઇ બખ્તરવાળો વીર પુરૂષ તલવાર ઉગામીને પોતાના ઉપર ધસી આવે છે, એવું જોઇને તે સિપાઇઓ જરા ગભરાયા અને બળવંતસિંહ ઉપરના તેમના હાથ જરા ઢીલા પડયા. લાગ જોઇને બળવંતસિંહ એકદમ જોર કરીને તેમના હાથમાંથી છટકી ગયો અને એકદમ તલવાર ઉંચકીને અલકકુમારી પાસે આવીને ઉભો રહ્યો, કારણકે એ બખ્તરવાળી વ્યક્તિ પોતાના રક્ષણને માટે આવી હોવી જોઇએ, એવુ તે તેજ ક્ષણે સમજી ગયો હતો. જે નોકર તે હથિયારબંધ સિપાઇઓને લઇને આવ્યો હતો તેણે એ પ્રકાર જોયો કે તુરત જ તે મદદ કરવા માટે અંદર પેઠો. એ પ્રમાણે એક બાજુએ બે અને બીજી બાજુએ ચાર યોદ્ધાઓ ઉભા રહ્યા.

બળવંતસિંહ ગર્જના કરીને બોલ્યો: "હરામખોરો! ચાલો

પાછા હઠો અને અમને જવા દો, નહિતો તમને પ્રાણ ગુમાવ્યા વિના ચાલશે નહિ."

સરોજિની પોતાનાં માણસોને ધૈર્ય આપતી બોલી: "ડરશો નહિ, ગભરાશો નહિ, હમણાં જ હું તમને મદદ મોકલી આપું છું."

"કાંઇ ફીકર નહિ, અમે કાંઈ એવી ડરામણીથી બ્હી જવાના નથી." અલકકુમારી સિંહનાદ કરતી બોલી: "ખબરદાર! જો એક પણ ડગલું ભરીશ તો જાન ગુમાવીશ!"

તુરત જ ઝપાઝપી શરૂ થઇ. તે વીરકન્યાએ એક જ ફટકા સાથે પોતાના પ્રતિસ્પર્ધીને જખમી કરીને જમીન ઉપર પછાડી દીધો, એટલામાં બળવંતસિંહની તલવાર બીજાની છાતીમાં પેઠી અને તે પણ ભોંયે પછડાયો. અલકકુમારીની સામે થએલો બીજો માણસ પણ જખમી થઇને નીચે પડયો, એટલામાં ચોથાને બળવંતસિંહે ઠાર કરી નાંખ્યો.

એ પ્રમાણે પોતાના પક્ષનો પરાજય થએલો જોતાં જ સરોજિની મોટેથી બૂમો પાડવા લાગી અને ભયથી ત્રસ્ત થતી બેસુદ્ધ થઈ નીચે પડી. બળવંતસિંહે જખમી થએલા સિપાઇઓના હાથપગ બાંધી વાળ્યા અને તે સરોજિનીને સાવધ કરવા લાગ્યો કારણ કે જોરજુલમથી પણ તેના મુખમાંથી પોતાના સેવકો વિષેની ખબર કઢાવી લેવી એવો તેનો વિચાર હતો. તે આંખો મટમટાવતી હતી અને હાથ પગ હલાવતી–ચલાવતી હતી, એ ઉપરથી તે જીવતી તો જણાતી હતી પરન્તુ તે ઉતાવળે શુદ્ધિમાં આવી શકી નહિ. પછી જખમી થયેલા એક સિપાઇની પાસે જઇને તેની પાસેથી તે વિષેની માહિતી મેળવવા તે તજવીજ કરવા લાગ્યો. એટલામાં બીજા છ હથિયારબંધ સિપાઇઓ ત્યાં આવી પહોંચ્યા! પૂર્વે થયેલી ઝપાઝપીથી થયેલા

હથિયારોના ખણખણાટથી અને સરોજિનીએ બૂમાબૂમ કરી મેલી હોવાથી નીચે ઊભેલા બીજા સિપાઇઓનું ધ્યાન આકર્ષાયું હતું અને તેઓ તુરત ત્યાં દોડતા આવ્યા હતા.

"મારા અજાણ્યા મિત્ર!" બળવંતસિંહ બોલ્યો: "આપણને બીજો થોડો એક પરિશ્રમ હજી કરવો પડશે. ચાલો, આપણે એક વાર અહિંથી નાસી છૂટીએ.નીચે ગયા પછી જરા જગ્યા તો ખુલ્લી મળશે!" આ વખતે ઉમેદ સાથે થએલી વાતચીત તેને સાંભરતી હતી.

એ નવા આવેલા સિપાઇઓ પહેલાંના સિપાઇઓની કેવી સ્થિતિ થઇ હતી તે તુરત જ સમજી ગયા. તેમાંનો મુખ્ય સિપાઇ બોલ્યો: "ચાલો, સઘળા એકી સાથે હલ્લો કરો, તે વિના શત્રુ આપણા હાથમાં આવી શકશે નહિ."

આ વખતે તે બન્ને જણને છ સિપાઇઓની સાથે લડવાનું હતું પરન્તુ તેમને તેમની જરાએ ભીતિ નહોતી. પહેલાંના વિજયથી અલકકુમારીની વીરશ્રી વૃદ્ધિગંત થઇ હતી. તેને બળવંતસિંહે કહ્યું: "ચાલો આપણે બારણા તરફ જઇએ!"

ચારે બાજુથી તેમના પર તલવારો પડવા લાગી. અલકકુમારીને શરીરે બખ્તર હોવાથી તેના શરીરને બીલકુલ ઇજા થઇ નહિ. બળવંતસિંહની તલવાર ચક્રની પેઠે ફરી રહી હતી. તેણે શત્રુની એક પણ તલવારનો સ્પર્શ પોતાના શરીરે થવા દીધો નહિ. અલકકુમારીનું હસ્તકૌશલ્ય જોઇને બળવંતસિંહની ખાત્રી થઇ કે પોતા તરફથી લડનારો એ એક ખરો લડવૈયો છે, પણ તે એક સ્ત્રી હતી તે તેના લક્ષમાં આવ્યું નહિ—આવી શકે તેમ હતું જ નહિ.

પહેલાં તો અલકકુમારી ભારે બળ વાપરીને બારણામાંથી બહાર

નીકળી એ જોઈને બળવંતસિંહ પણ પોતાની તલવાર ફેરવતો એકેક ડગલું આગળ વધીને લાગ જોઇને બારણાંની બહાર નીકળી ગયો અને તેણે ભારે ચપળતાથી તથા જોરથી બારણાં બંધ કરી દીધાં. એ રીતે સઘળા સિપાઈઓ અંદર પુરાઇ રહ્યા. પછી તે બન્ને જણાં દાદરવડે નીચે ઉતરવા લાગ્યાં. રસ્તામાં પેલા ત્રણે સરદારો અને કાલિકાપ્રસાદ એક ઓરડાના બારણા સાથે અંદરથી અફાળઝીક કરતા હતા એ અલકકુમારીના ધ્યાનમાં આવ્યું, પરન્તુ તે તરફ લક્ષ ન આપતાં તે બન્ને જણ એકદમ દરવાજા તરફ ગયાં. પણ ત્યાં જુએ છે તો આઠ હથિઆરબંધ સિપાઇઓ તૈયાર ઊભા હતા! તેઓ દૃષ્ટિએ પડતાં જ બળવંતસિંહને લાગ્યું કે હવે લોહીની છોળો ઉડાડયા વિના ચાલવાનું નથી. પરન્તુ એ સિપાઇઓ, ભભૂતમલે કહ્યા પ્રમાણે કેદમાંથી છૂટેલા ત્રણે સરદારોની સાથે જવાને તૈયાર થઇ રહ્યા હતા, એવું અલકકુમારી તુરત સમજી ગઇ. તોપણ એ બન્નેના હાથમાં નાગી તલવારો અને શરીરપર લોહીના ડાઘ પડેલા જોતાંજ તે સિપાઇઓના નાયકને શંકા આવી અને તેણે જુસ્સાભેર પૂછ્યું: "તમે કોણ છો અને તમારા શરીરપર લોહીના ડાઘ કયાંથીપડયા?"

"તમારે જો લડવું હોય તો સામે થાઓ!" બળવંતસિંહ બૂમ મારીને બોલ્યો: "તે વિના અમે બીજો કાંઈ જવાબ આપવાના નથી."

નાયકે પોતાના સિપાઇઓને હાક મારીને કહ્યું: "હાં જલ્દી કરો! દરવાજો બંધ કરો. તેમને બહાર જવા દેવાના નથી!"

એ હુકમ પ્રમાણે પાંચ સિપાઇઓ દરવાજા તરફ ગયા અને ત્રણ સિપાઇઓ બીજા માર્ગ તરફ ગયા. આ તરફથી કાલિકાપ્રસાદ પણ ઓરડાનું દ્વાર ઉઘાડીને બહાર નીકળી ત્યાં આવી પહોંચ્યો.

તેણે સિપાઇઓને કહ્યું: "જોજો, તેમને ફક્ત કેદ કરજો! ઠાર મારશો નહિ."

એટલામાં ઉમેદ પણ ત્યાં આવીને દાખલ થયો અને એક ક્ષણનો પણ વિલંબ નહિ કરતાં તેણે ત્યાં આવેલું એક બીજું દ્વાર ઉઘાડી બળવંતસિંહને કહ્યું: "ચાલો, અંદર પેસો! મારી પાછળ પાછળ જલ્દી ચાલ્યા આવો!"

એ દ્વાર ભોંયરાની અંદર જવા માટેનું હતું તે બળવંતસિંહ ઓળખી ગયો. એ ભોંયરૂં તેટલું ભયંકર હતું તેનો તેણે અનુભવ લીધો જ હતો, પરન્તુ ઉમેદની ભલમનસાઇનો તેને વિશ્વાસ હોવાથી અલકકુમારીની સાથે તે તેમાં પેઠો. પાછળથી ઉમેદે પેસીને તુરત દ્વાર અંદરથી બંધ કરી વાસ્યું. તે બોલ્યો: "ચાલો, આપણે હવે અહીંથી જલ્દી રસ્તે પડીએ. આ ભોંયરૂં એક કેટલેક દૂર આવેલા મકાનસુધી સળંગ જાય છે, ત્યાં જો આપણે જલ્દી પહોંચી જઇશું તો અવશ્ય આપણે સહીસલામત છટકી જઇશું. જો મોડું થશે તો આપણો શત્રુ આપણી પહેલાં ત્યાં જઇ પહોંચીને આપણને અટકાવશે. પણ હવે આપણને બહુ બ્હીવાનું કારણ નથી. જો આપણો શત્રુ ઘોડા ઉપર બેસીને પણ ત્યાં જશે તોપણ તેને લાંબે રસ્તે થઇને જવું પડશે અને પગ રસ્તે જશે, તો આપણે જ તેની પહેલાં પહોંચી જઇશું."

બળવંતસિંહ આશ્ચર્યથી બોલ્યો:"પણ અત્યારે તે દૂર આવેલા મકાનમાં જે કોઇ હશે, તે આપણને અટકાવશે નહિ?"

"ના, તે ભય રાખવાની જરૂર નથી, કારણકે અત્યારે ત્યાં કોઇ પણ માણસ હશે જ નહિ." ઉમેદ બોલ્યો.

પછી ભોંયરામાંના બન્ને દરવાજા ઓળંગીને અને પગથીઆં

ચઢીને તે ત્રણે જણ બીજી બાજુના મકાનમાં જઈ પહોંચ્યાં. ઉમેદ બોલ્યો: "હવે આપણે ભયમાંથી મુક્ત થયા છીએ. અત્યારે કદાચ આપણા શત્રુઓ આપણને શોધવાને બહાર નીકળી પડયા હશે, તો પણ તેઓ અહીં આવી પહોંચે તે પહેલાં આપણે અહીંથી ઘોડાપર સ્વાર થઈને પોબારા ગણી જઈશું."

બળવંતસિંહ બોલ્યો: "ચાલો ત્યારે, એમ જ કરીએ" તે નિરાશ થતો મનમાં બોલ્યો: "હવે મને મારા સેવકોની ખબર કયાંથી મળી શકવાની હતી?"

ઉમેદ આગળ ચાલ્યો અને તેણે ત્યાંના અશ્વપાલોને ત્રણ ઘોડા તૈયાર કરવાનું કહ્યું. પણ ઘોડા ઉપર સામાન નાંખતાં જરા વાર લાગી, ઘોડા તૈયાર થતાં તે ત્રણે જણાં તે ઉપર બેસવાં જતાં હતાં, એટલામાં પાસેની ઝાડીમાંથી છ માણસો તેમના પર તૂટી પડયા!

આ સંકટનો ખ્યાલ આવતાં જ અલકકુમારી અને બળવંતસિંહની તલ્વારો મ્યાનમાંથી બહાર નીકળી પરંતુ પોતાની તલવાર ઉંચી કરતાં ઉમેદનો પગ જરા લચકાયો અને તે નીચે પડયો. એ જોઈને કાલિકાપ્રસાદે પોતાનું ખંજર ઉગામ્યું અને તેને ઠાર મારવાને આગળ ધસી આવ્યો. એ જ ક્ષણે બળવંતસિંહે સાવધાન બનીને તલવારના એક જ ફટકા સાથે કાલિકાપ્રસાદના ખંજરને નીચે પાડી દીધું. આ ઝપાઝપીમાં કાલિકાપ્રસાદને હાથે મોટો જખમ વાગ્યો. જખમી થતાં જ કાલિકાપ્રસાદે દુઃખથી ચીસ નાંખતો જમીનપર પડયો અને એ જોઈને તેના માણસો એ ત્રણેને છોડીને તેની સારવાર કરવાને તેની તરફ વળ્યા. કાલિકાપ્રસાદે પણ તેમને લડવાનો હુકમ આપ્યો નહિ. આટલા વખતમાં ઉમેદ પણ સારી રીતે તૈયાર થઈ ગયો હતો. પોતાપર હલ્લો કરનારા સિપાઈઓને કાલિકાપ્રસાદની આસપાસ એકઠા

થએલા જોતાં જ એ ત્રણે જણાંએ ઘોડાપર સ્વાર થઇને પવનવેગે ઘોડાને દોડાવી મેલ્યા.

પ્રકરણ ૧૨ મું.

ત્રિપુટી.

ગત પ્રકરણમાં વર્ણવેલી મારામારી અને કાપાકાપી એટલી ઉતાવળે થઇ હતી કે, પોતાને મદદ કરનાર કોણ છે એ જોઇને તેનો આભાર માનવાનો અવકાશ પણ બળવંતસિંહને હજુ મળી શકયો નહોતો. પરન્તુ જ્યારે તેઓ ત્યાંથી કેટલેક દૂર ચાલ્યાં ગયાં અને તેમને લાગ્યું કે હવે પોતાને શત્રુ તરફનો કશો ભય રહ્યો નથી, ત્યારે બળવંતસિંહ બોલ્યો: "અહો, વીરશ્રેષ્ઠ મિત્ર! આપણે હવે અહીં જરા વિશ્રાન્તિ લઇએ. તું કોણ છે તે જાણવાની મને બહુ જ ઉત્કંઠા થઇ રહી છે."

અલકકુમારી કાંઇ ઉત્તર આપે તે પહેલાં ઉમેદ બોલ્યો: "આપ બન્ને જણ શૂર પુરષો છો એ નિઃસંશય છે. તોપણ આપણે અહીં રહીશું તો શત્રુના હાથમાં પડવાનો ભય રહે છે, માટે કોઇક વધારે નિર્ભય સ્થળે જઇને પછી જે કાંઇ વાતચીત કરવી હોય તે કરવી, એ મને વધારે ઠીક લાગે છે."

"ચાલો ત્યારે, બનતી ઉતાવળે અપણે શહેર તરફ જ જઇએ." બળવંતસિંહ બોલ્યો.

અલકકુમારી બોલી: "પણ હું શહેરની અંદર તો આવી શકીશ નહિ. મેં આ બખ્તર કિલ્લામાંથી આણ્યું છે. વળી વીરોત્તમના મનની

વિરૂદ્ધનું એકાદ કામ મેં કર્યું છે, એટલે હું જો તેના હાથમાં આવીશ તો તે મને જીવતો છોડશે નહિ."

"તો આપણે અહીં જ જરા થોભીને ક્યાં જવું તેનો વિચાર કરીએ તો ઠીક." બળવંતસિંહ બોલ્યો.

આ વિચાર તે બન્ને જણના મનમાં આવ્યો. રાજમાર્ગ છોડીને એક બાજુએ આવેલી ઝાડી તરફ તેઓ ચાલ્યાં. તે ઝાડીની બીજી બાજુએ આવેલી ખુલ્લી જગ્યામાં જઇને તેમણે પોતાના ઘોડાને થોભાવ્યા. પછી બળવંતસિંહ અલકકુમારીને ઉદ્દેશીને બોલ્યો: "હે શૂરવીર નર! તેં મને બરાબર ખરે વખતે જે મદદ કરી છે, તે માટે હું તારો અત્યંત આભારી છું. મારૂં નામ સરદાર બળવંતસિંહ છે. જ્યાંસુધી મારા જીવમાં જીવ છે, ત્યાંસુધી હું તને મારો જીવજાન દોસ્ત સમજીશ. ગુજરાતના દરબારમાં મારૂં સારૂં વજન છે જો તારે તે રાજ્યમાં કાંઇ કામ હોય તો મને કહે, એટલે હું તારૂં તે કામ કરી આપીશ. મેં મ્હોંમાંથી કાઢેલું વચન વીરધવળ મહારાજ કદી પણ હેઠું પડવા દેશે નહિ, એવો મને વિશ્વાસ છે. હું કોણ છું, એ તો મેં તને કહ્યું, પણ હવે તુ કોણ છે તે મને કહે જોઇએ વારૂ!"

અલકકુમારી બળવંતસિંહનું આ ભાષણ સાંભળી જ રહી! અત્યારસુધી તેના અંગમાં વીરપુરૂષના જેવું જે શૌર્ય હતું તે દૂર થઇને સ્ત્રીજાતિની સ્વાભાવિક લજ્જાએ પોતાનો ભાવ ભજવવા માંડયો! થોડીવાર સ્વસ્થ રહીને તે બોલી: "સરદાર સાહેબ! આપ મારો ઉપકાર માનો છો એનુ કારણ તો સ્પષ્ટ જ છે, પરંતુ મેં જે કાંઇ મોટું કામ કર્યું છે, તે આટલો ઉપકાર માનવા જેવું છું કેવળ મારા મનની—"

"અરે વીર પુરૂષ!" તેની પીઠ થાબડીને બળવંતસિંહ બો-

હ્યો: "તારૂં સઘળું પરાક્રમ મેં જોયું છે. એ તારા શૌર્યથી હું અત્યંત ખુશ થયો છું. તું જુવાન પુરૂષ છે અને તારો સ્વર પણ ઘણો મધુર છે. તારૂં ભાષણ એક શૂરા સરદારને-અમીરને શોભે તેવું છે; તારાપર મને અત્યંત સ્નેહ-અનુરાગ ઉત્પન્ન થયો છે. વારૂ, પરન્તુ પહેલાં મને એટલું કહે કે હું ત્યાં સંકટમાં આવી પડ્યો હતો એ વાતની તને કેવી રીતે ખબર પડી?"

"મારી સઘળી હકીકત બહુ મોટી છે," અલકકુમારી બોલી: "જો આપનો અને મારો ફરીથી કોઇ વાર મેળાપ થશે તો બનેલી સઘળી હકીકત હું આપને કહીશ. અત્યારે તો માત્ર એટલું જ જણાવું છું કે કાંઇક મહત્ત્વના કારણથી મને 'પુણ્ય-મંદિર' માં જવાની જરૂર પડી હતી. ત્યાં આવતાં જ મને ખબર મળી કે આપના ઉપર કાંઇક સંકટ આવવાનું છે. મારૂં ભાગ્ય અતિબળવાન હશે કે હું આપને બરાબર વેળાસર જ મદદ કરવાની તક મેળવી શક્યો."

"તું આવી પહોંચ્યો, તેથી જ આજે હું ટકી શક્યો છું નહિ-તો મારૂં શું થયું હોત તે હું કહી શકતો નથી.' બળવંતસિંહ બોલ્યો.

ઉમેદ વચમાં બોલ્યો: "આ વીર પોતાના શૌર્યની કેટલીક વાતો ખુલ્લી રીતે કહી શકશે નહિ. જો આપની પરવાનગી હોય, તો તે વાતો હું આપને કહી સંભળાવું."

"ખુશીથી કહે." બળવંતસિંહ બોલ્યો: "તેં પણ મારા પર કાંઇ થોડો ઉપકાર કર્યો નથી."

"તે વાત જો આપ સાંભળશો તો આપને બહુ જ આશ્ચર્ય લાગશે. આ બખ્તરવાળા ગૃહસ્થ મોટા શૂરવીર છે ખરા, તોપણ અત્યારે તેમનો જીવ મોટા જોખમમાં પડેલો છે, કારણકે વીરોત્તમની

મરજી વિરૂદ્ધ તેમણે ત્રણ રાજકીય કેદી સરદારોને મુક્ત કર્યા છે." ઉમેદે જણાવ્યું.

"હેં! એ શું કહે છે?" બળવંતસિંહ આશ્ચર્યચકિત થઇને બોલ્યો: "વિજયસિંહ શૂરસેન અને ભણુતમલ શું આજે છૂટા થાય છે?"

"તેઓ છૂટા છે, એટલું જ નહિ, પણ તેમને આ જ તરૂણ વીરે છોડાવ્યા છે. તે ત્રણ સરદારો મુક્ત થયાની હકીકત પુણ્યમંદિરમાંના લોકોના જાણવામાં આવતાં જ સર્વને અત્યંત આનંદ થયો." ઉમેદ બોલ્યો.

"આ કહે છે તે શું ખરૂં છે?" અલકકુમારી તરફ જોતો બળવંતસિંહ બોલ્યો: "તરૂણ વીર! તું કોણ છે તે હવે મને જલ્દી કહે! તારા મ્હોંપર હવે આ બુરખો શામાટે જોઇએ?"

અલકકુમારી બોલી: "મહેરબાની કરીને અત્યારે એ વિષે મને કાંઇ પૂછશો નહિ."

તે સાંભળીને બળવંતસિંહ બોલ્યો: "શામાટે? મને તેનું કારણ તો કહે. તોપણ જો તારી ઇચ્છા ન હોય તો તે માટે હું આગ્રહ કરી શકતો નથી. કોઇ પણ પ્રકારે હું તને નારાજ કરવા ઇચ્છતો નથી, પણ તેથી મારા મનને કેટલું દુ:ખ થશે, એ તું જાણે છે વારૂ?"

"હજી માત્ર ત્રણ દિવસસુધી મને આપ મારા સંબંધે કશું પૂછશો નહિ." અલકુમારી બોલી.

"શું ત્રણ દિવસ સુધી?" બળવંતસિંહ આશ્ચર્યથી બોલ્યો: "આજ સૂર્યોદય થયા પહેલા તો મારે અહીંથી પ્રસ્થાન કરવાનું છે. કારણકે એક સ્ત્રીને સાથે લઇને આજે જ ગુજરાત તરફ જવાનું મેં તેને વચન આપ્યું છે."

આ શબ્દો સાંભળીને અલકના મનમાં ઇર્ષ્યા ઉત્પન્ન થઇ. તે બૂમ મારીને બોલી: "શું ? એક સ્ત્રી ?" પણ તુરત જ પોતાની ઇર્ષ્યા બહાર ન કળાવા દેવાને શાંતિ ધારણ કરીને તે બોલી: "સરદાર સાહેબ ! મને એટલું આશ્ચર્ય ઉત્પન્ન થયું, તે માટે મને ક્ષમા કરો."

"એટલે ? તું શું કહેવા માંગે છે ?" બળવંતસિંહે ઉત્સાહથી પ્રશ્ન કર્યો.

"એટલે મારો વિચાર એવો હતો કે તમે પહેલાં જ્યારે પ્રવાસ કરવાની વાત કહી, ત્યારે મારા મનમાં એમ હતું કે હું પણ આપની સાથે આવું. આપ ગુજરાત તરફ જાઓ છો અને મારો પણ તે જ માર્ગ છે. મારૂં ગામ અહીંથી ત્રણ દિવસની મુસાફરી જેટલું દૂર આવેલું છે." અલકકુમારી બોલી.

"શું ? ત્રણ દિવસની મુસાફરી જેટલું દૂર છે ? ત્યારે તો તું શ્યામગઢની આસપાસ જ ક્યાંક રહેતો હોઈશ." બળવંતસિંહે તર્ક કર્યો.

"હા." તેણે ટુંકામાં જ ઉત્તર આપી દીધો.

"તો તું ખુશીથી અમારી સાથે ચાલ. તારે તારો વિચાર ફેરવવાનું કાંઇ જ કારણ નથી." બળવંતસિંહ બોલ્યો.

કેટલીક વાર સ્તબ્ધ રહીને તે બોલી: "મહારાજ ! આપ તો મોટા લોક કહેવાઓ. વળી આપની સાથે બાઇસાહેબ આવવાનાં, તે પણ કોઇ ઉંચા ખાનદાનમાં હશે. તો હું એક ગરીબ મનુષ્ય આપની સાથે કેવી રીતે આવું ? તદ્દન ગરીબ કુળમાં મારો જન્મ થયો છે."

બળવંતસિંહ પ્રેમપૂર્વક બોલ્યો: "મિત્ર ! તારૂં કુળ કદાચ ગરીબ હશે, તોપણ તારા શૌર્યથી તેં મારૂં નામ આ રાજપૂતસ્થાનમાં અજરામર કરી દીધું છે. તેં તારા શૌર્યથી મને મદદ કરી છે.

જો તારી સઘળી હકીકત કહેવાની તારી મરજી ન હોય તો ભલે કહીશ નહિ, તે માટે મારો આગ્રહ નથી, પરંતુ હું જીવતો રહીશ; ત્યાંસુધી તને વિસરીશ નહિ. જોકે તારૂં કુળ ઉચ્ચું નહિ હોય તો-પણ તારૂં શૌર્ય તો ઉંચા પ્રકારનું છે. તને હું મારી આખી જીંદગીમાં વિસરીશ નહિ એવું હું તને ફરીથી પણ કહું છું. હું તને મારો ઇષ્ટ મિત્ર સમજું છું. મારી સાથે ચાલ. ગામ જવાને બદલે જો તું મારી સાથે ગુજરાતમાં આવીશ તોપણ કશી હરકત નથી. વીરધવળ મહારાજ પાસેથી હું તને મોટી જાગીર અપાવીશ."

"અહાહા! મહારાજ! આપ તો અત્યંત ઉદાર જણાઓ છો!" અલકકુમારી ગદ્‌ગદ્ કંઠે બોલી: "હું ગરીબ ઉપર આપ આટલો બધો પ્રેમ દર્શાવો છો!"

"મિત્ર! તેં મા ા પર જે ઉપકાર કર્યો છે, તેમાંના અલ્પનો પણ બદલો હું વાળી શકું તેટલા માટે હું તને આ કહું છું; તો પછી તું શામાટે તે નાકબુલ કરે છે? તારા માટે મારા મનમાં જે પ્રેમ ઉત્પન્ન થયો છે તે હું કેવી રીતે બોલી બતાવું? જોકે હજી મેં તારૂં મુખ પણ જોયું નથી, તોપણ તારા સબંધે મારા મનમાં અ-ત્યંત મિત્રભાવ ઉત્પન્ન થયો છે. તેમજ તારી રીતભાત પણ મને બહુ પસંદ પડી છે."

કંપિત સ્વરે તે બોલી: "પણ મહારાજ! આપે મારી રીતભાત જોઇ ક્યારે?"

"તે ગમે તેમ હો!" બળવંતસિંહ ગંભીરપણે બોલ્યો: "આજ રાત્રિના પ્રસંગ ઉપરથી તો મને એવું લાગવા માંડયું છે કે જાણે આપણે બાળમિત્રો જ હોઇએની! તેમ જ તારી સાથે આજે જોડાએલો મિત્રભાવ કદી તુટશે એવું પણ મને લાગતું નથી. જોકે

હું એક જુવાન છું, તોપણ આજસુધીમા જગતનો મને પુષ્કળ અનુભવ મળ્યો છે. મારા આજસુધીના અનુભવથી મને એટલી ખબર છે કે શૌર્ય બે પ્રકારનું હોય છે, એક આત્મરણ કિંવા પચાર લેવા માટે જોવામાં આવતું અને બીજું નિરપેક્ષ બુદ્ધિથી બીજાને સહાય કરતાં જોવામાં આવતું. તારૂં શૌર્ય એમાંના બીજા પ્રકારનું છે બદલાની કોઇ પણ પ્રકારની ઇચ્છા નહિ કરતાં તેં વીરોત્તમના ત્રણ કેદીઓને મુક્ત કર્યા અને તું મારી મદદે આવ્યો, એ તારૂં શૌર્ય જોઇને મને બહુ આનંદ થયો છે અને તેથી જ મારૂં મન તારી તરફ આકર્ષાયું છે. આજથી તું મને તારા આપ્તજન સરખો જ સમજજે અને હું પણ તને તેવો જ માનીશ."

અલકકુમારી ધીમેથી બોલીઃ "પણ મેં આપની જે કાંઇ થોડી સેવા કરી છે. તે કાંઇ એટલા મોટા ઇનામને લાયકની નથી."

"તરૂણ વીર! જોકે તને તારી મદદની કીમત જણાતી નથી, તોપણ મારા મનથી તો હું એવુ જ માનું છુ કે તેં મને અમૂલ્ય મદદ કરી છે. વારૂ, પણ મને કહે કે તુ મારી સાથે પાટણ આવશે કે નહિ? જો આવીશ તો ખુદ મહારાજાને તારે માટે ભલામણ કરીને તેમને હાથે હું તને ઈનામ અપાવીશ, બોલ, હવે તારી શી મરજી છે?"

જો આપની મરજી હોય, તો હું ફક્ત શ્યાયમગઢસુધી આપની સાથે આવીશ. જો મેં કિલ્લામાં કેદીઓને નસાડી મેલ્યા એવો કોઇને સંશય આવશે તો—"

બળવંતસિંહ વચમાં બોલ્યોઃ "જો આ બખ્તર તેં કિલ્લામાંથી આણ્યું છે એમ તું કહે છે તો હવે તે શરીર ઉપર કેમ રહેવા દે છે! એ કાઢી નાંખ એટલે તને કોઇ જ જાતનો ભય રહેશે નહિ."

" આ બખ્તર કાઢી નાંખ્યા વિના પણ મને વીરોત્તમનો તો ભય જ નથી." અલકકુમારી નિશ્ચયપૂર્વક બોલી.

" મિત્ર ! તારૂં શૌર્ય હું સારી પેઠે જાણું છું. " બળવંતસિંહ ગંભીર સ્વરે બોલ્યો: " અંતે તે શૌર્યથી આખા રાજપૂતસ્થાનમાં તારી કીર્તિ થશે. પણ રહે મારા મનમાં વળી એક બીજો જ વિચાર આવ્યો છે. "

" શું મારે માટે આપ આપની પહેલાંની ગોઠવણ બદલવા ઇચ્છો છો ? મારા આવવાથી જો આપને કાંઇ અડચણ પડે તેમ હોય, તું હું મારી મેળે એકલો જ પ્રવાસ કરીશ. " અલકકુમારીએ કહ્યું.

"નહિ, નહિ, એમ સમજવામાં તું ભૂલ કરે છે. " બળવંતસિંહ બોલ્યો: " મારી સાથે તું શ્યામગઢસુધી ખુશીથી ચાલ. હું જે કાંઇ કહેવાનો હતો તે આ બખ્તર સંબંધે જ હતું. "

" શું વારૂ ? "

" આ બખ્તર પોતાની પાસે રાખવું, એવી જ તારી મરજી જણાય છે. "

અલકકુમારીને પોતાની સ્ત્રીજાતિ છુપાવવા સારૂ બખ્તરની તો ખાસ જરૂર હતી: તેથી તે બોલી: " મહારાજ ! પહેલેથી આપ મારા સંબધે જ વિચાર કર્યા કરો છો ! "

" પરન્તુ મારી કલ્પના કાંઇ ખોટી નથી. " બળવંતસિંહ બોલ્યો: " પણ એક બીજી યુક્તિ એવી છે કે—"

" કઈ યુક્તિ વારૂ ? " અલકકુમારી આશ્ચર્યથી બોલી.

" તું આ બખ્તર કાઢીને મને આપ. મારા અને મારી સાથે આવનારી સ્ત્રીના સામાનમાં એ બખ્તર આપણે સાથે લઇ જઇશું. તને એમ લાગશે કે મારીસાથે આવનારી સ્ત્રી કદાચ તનેઓળખી જશે."

" પણ એ તમારી સાથે આવનારી સ્ત્રી કોણ છે વારૂ ? વીરોત્તમની છાવણીમાંની જ કોઈ સ્ત્રી હશે એમ મને લાગે છે. "

જે શરત મુજબ બળવંતસિંહ લતિકાદેવીને પોતાની સાથે લઇ જવાનો હતો, તે શરતનું સ્મરણ થવાથી તે કાંઇક અચકાતો બોલ્યો: " પણ વીરોત્તમની છાવણીમાંની જ કોઇ સ્ત્રી મારી સાથે આવવાની હોય, તોપણ શું થઈ ગયું ? મારી સાથે આવનારી સ્ત્રી વીરોત્તમની છાવણીમાંની જ છે અને તે પોતાની સાથે બે સખીઓ લઇને આવતી કાલે સ્હવારે જ સંગમપુરના દક્ષિણ દિશાના દરવાજા પાસે આવીને મને મળનાર છે. હવે માત્ર થોડા જ વખત બાકી રહ્યો છે. સૂર્યોદય થવાને એક પ્રહર જેટલી વાર હવે માત્ર હશે."

અલકકુમારીનો સંશય ખરો હતો, તોપણ પોતાની પાકી ખાત્રી કરી લેવાને માટે તેણે પુછ્યું: " પણ તે સ્ત્રી કઇ વારૂ ? તેનું નામ શું ? "

" તે એક વિલક્ષણ સ્ત્રી છે. તેનું નામ લતિકાદેવી છે. " બળવંતસિંહે ઉત્તર આપ્યો.

થોડી વાર અટકીને તે ધીમેથી બોલી: " તે સ્ત્રીને હું ઓળખું છું. તે અતિ ઉદાર અને ઉંચા કુળની છે. પણ મને હવે એટલી જ શંકા રહે છે કે જો કદાચ તે મને ઓળખશે અને રાજકેદીઓને છોડાવામાં મારો હાથ છે એવો તેને સંશય આવશે તો મારા પર તેવું તહોમત—"

" તે બાબતની તારે કશી ચિન્તા રાખવી નહિ. છતાં કદાચ તને ઓળખાઈ જવાની બીક લાગતી હોય તો તને હું બખ્તર કાઢી નાંખવાને બિલકુલ આગ્રહ કરતો નથી. અત્યારસુધી મેં તને જે કાંઈ કહ્યું છે તે તારા લાભ માટે જ કહ્યું છે. તારા શરીરના શૌર્ય

પ્રમાણે જ તારૂં મન પણ મોટું છે એ જોઇને મને બહુ આનંદ થાય છે. તને ફરીથી એક વાર કહું છું કે તું તારે ગામ ન જતાં મારી સાથે જ ગુજરાતમાં આવીશ, તો મહારાજા તરફથી હું તારૂં એટલું સન્માન કરાવીશ કે આજસુધી કોઇનું પણ એટલું સન્માન થયું ન હોય."

"મહારાજ!" અલકકુમારી ધીમેથી બોલી: "આપની લાગણી મારા ઉપર એટલી બધી છે એ જોઇને મને અત્યાનંદ થાય છે. પણ હું પુનઃ આપને એટલું જણાવું છું કે જ્યારે શ્યામગઢ આપણી નજરે પડશે ત્યારે હું આપની રજા લેતી વખતે હું કોણ છું તે આપને કહીશ."

"ઠીક છે." પોતાના ઘોડાની લગામ હાથમાં લેતાં બળવતસિંહ બોલ્યો: "ચાલો ત્યારે, હવે આપણે શહેર તરફ જઇએ."

"પણ આ બખ્તર શરીર ઉપર છે, એટલે હું વીરોત્તમની છાવણી પાસે આવી શકીશ નહિ." અલકકુમારી બોલી: "સહવાર થતાં જ હું આપને દિશાના દરવાજા પાસે આવીને મળીશ."

અલકકુમારીનો હાથ પોતાના હાથમાં લઇને બળવંતસિંહ બોલ્યો: "તારા સહવાસથી મને બહુ જ આનંદ થશે. પણ તારે શહેરમાં કાંઈ કામ નથી શું? તારા કોઇ મિત્રને કાંઇ કહેવા કરવાનું નથી શું? હું ચારેક ઘડી શહેરમાં રહીશ, ત્યાંસુધીમાં થઇ શકે તેવું તારૂં કાંઈ કામ જો હોય તો કહે, એટલે હું તે કરી નાંખીશ. પણ આ તારો ઘોડો—"

"શહેરમાં મારે કશું કામ નથી." અલકકુમારી બોલી: "આ ઘોડો મને ઉપયોગનો નથી અને શહેરમાં પણ મારો ઘોડો નથી, તેથી—"

બળવંતસિંહ વચમાં બોલ્યો: "તે માટે તું કાંઈ જ ચિંતા

ફરીશ નહિ. હું તારા માટે એવો ઉત્તમ ઘોડો લેતો આવીશ કે તું તેના તરફ એ ઘડી જોઇ રહીશ."

એ પ્રમાણે વાતચીત થયા પછી ઉમેદની સાથે બળવંતસિંહ શહેરમાં જવાને નીકળ્યો અને અલકકુમારી પાસેની જ એક ઝાડીમાં જઇને રહી.

પ્રકરણ ૧૩ મું.

દરવાજા પાસે મેળાપ.

સૂર્યોદય થઇ ગયો. લોકો નિવૃત્તિને ત્યાગીને પ્રવૃત્તિમાં પડવા લાગ્યા. એ સમયે ચાર ઘોડેસ્વાર સંગમપુરના દક્ષિણ દિશાના દરવાજે થઇને નગર બહાર નીકળ્યા. સૌને મોખરે બળવંતસિંહ હતો. તેણે અત્યારે મુસાફરીનો પોષાક ધારણ કર્યો હતો, તોપણ તેનું તેજ જરા પણ ન્યૂન થયું નહોતું. ઉલટો એ પોષાકમાં તે વધારે શોભતો હતો. તેની પાછળ તેજસીંગના ઘોડાપર ઉમેદ બેઠો હતો અને તેણે દાનસીંગના ઘોડાની લગામ પોતાના હાથમાં લીધી હતી. બીજા બે ઘોડા ઉપર બળવંતસિંહના પ્રવાસનો સામાન લઇને બે માણસો બેઠેલા હતા. તે બે માણસો બળવંતસિંહ સંગમપુરમાં આવી પહોંચ્યા પછી બે દિવસે ત્યાં આવી પહોંચ્યા હતા, પરન્તુ આ કથાનક સાથે તેઓનો કશો સંબંધ નહિ હોવાથી તેઓનો ઉલ્લેખ અત્યારસુધી કરવામાં આવ્યો નથી. દરવાજામાંથી બહાર નીકળતાં જ થોડે અંતરે બળવંતસિંહે પોતાનો ઘોડો ઊભો રાખ્યો, એટલે તે ત્રણે જણાઓએ પણ પોતાના ઘોડા થોભાવ્યા. થોડી વાર પછી નાના પણ ઉમદા ટટ્ટુઓ

પર સ્વાર થએલી ત્રણ સ્ત્રીઓ ત્યાં આવી પહોંચી. એ ત્રણે સ્ત્રીઓએ પોતપોતાનાં મ્હોં ઉપર બુરખા પહેરેલા હતા સૌને મોખરે લતિકા-દેવી ચાલતી હતી. તેમની પાછળ રેવા અને રાધા હતી. તે ત્રણેને બળવંતસિંહે તુરત જ ઓળખી લીધી.

તે ત્રણે દષ્ટિએ પડતાં જ બળવંતસિંહે પોતાનો ઘોડો તેમની તરફ ફેરવીને તેમનુ સ્વાગત કર્યુ. તોપણ આ પ્રસંગે બળવંતસિંહનું વદન ઉદાસ છે એવું લતિકાદેવીના ધ્યાનમા આવ્યા વિના રહ્યું નહિ.

જોકે બળવંતસિંહે લતિકાદેવીને પાટણ લઇ જવાનું કબૂલ કર્યુ હતું, તોપણ તે વાત તેને ગમતી નહોતી. લતિકાદેવીનુ ચિત્ત બળવંતસિંહમાં ચોંટયું હતુ, પરન્તુ બળવંતસિંહનું ચિત્ત લતિકા-દેવીમાં લાગ્યું નહોતું. આ સ્થિતિ લતિકાદેવીના ધ્યાનમાં પણ આવી ગઇ હતી, તોપણ પોતે એ સમજી ગઇ છે એવું તેણે બિલકુલ દર્શાવ્યું નહિ. તે માત્ર વખત ઉપર આધાર રાખીને રહી હતી. કદાચ પાટણમાં પહોંચ્યા પછી પણ તેનું મન જીતી લઇ શકાય એવી તેને આશા હતી. પણ બળવંતસિંહનો નિશ્ચયી સ્વભાવ તે બિચારી જાણતી નહોતી !

લતિકાદેવીને પોતાના સૌન્દર્ય ઉપર અતિશય વિશ્વાસ હતો અને ખરેખર તે અત્યંત સુંદર પણ હતી. તેનો માત્ર એક કટાક્ષ જ હર-કોઇ તરૂણને મોહપાશમાં ગુંથી લેવાને બસ હતો. વળી અત્યારે તે એક નાજુક ઘોડાપર સ્વાર થઇ હોવાથી બહુ જ શોભાયમાન દેખાતી હતી.

તોપણ બળવંતસિંહે તો તેને પૂરેપૂરી ઓળખી લીધી હતી. વૃદ્ધ ચંડિકાનું તેણે ખૂન કર્યું હતું તે સમયની વિકરાળ મુખમુદ્રાને તે હજી વિસરી ગયો નહોતો. એ કારણથી જ બળવંતસિંહને તે ગમતી

નહોતી. તોપણ લતિકાદેવીને તો પોતાનો વિજય જ દેખાતો હતો અને તે મનમાં વિચારતી હતી કે: " કાંઇ ફીકર નહિ, છેવટે તો હું તેને મારી તરફ વાળીશ—અવશ્ય વાળીશ ! "

પ્રકરણ ૧૪ મું.

એક ભયંકર વિષય વિષે વાતચીત.

જે વખતે બળવંતસિંહ અને લતિકાદેવીએ પોતાના પ્રવાસનો આરંભ કર્યો તે વખતે તે બન્નેના વિચારો આગલા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે હતા. તે જ પ્રમાણે લતિકાદેવીને જોઇને ઉમેદને પણ ઘણું આશ્ચર્ય ઉત્પન્ન થયું હતું. જ્યારે લતિકાદેવીએ પોતાના ચહેરા પરથી બુરખો દૂર કર્યો, ત્યારે તો તે આશ્ચર્યથી ચમકીને બૂમ પાડી ઉઠયો હતો, પરન્તુ તેના આશ્ચર્યનો એ પ્રકાર કોઇના ધ્યાનમાં આવ્યો નહિ. જ્યારે તેમના પ્રવાસનો પ્રારંભ થયો, ત્યારે બળવંતસિંહ અને લતિકાદેવી તદ્દન આગળ ચાલતાં હતાં. તેમની પાછળ રેવા અને રાધા હતી, તેમની પાછળ ઉમેદ અને બળવંતસિંહના બે ચાકરો. એ પ્રમાણે સ્વારી ચાલતી હતી. લતિકાદેવીએ હજીસુધી ઉમેદ તરફ જોયું નહોતું. માત્ર રેવા અને રાધાએ તેજસીંગ અને દાનસીંગને શોધી કાઢવાને ચોમેર દૃષ્ટિ કરી, પરન્તુ તેઓ જોવામાં આવ્યા નહિ એટલે નિરાશ થઇને તેમણે એક બીજાની સામે જોયાં કર્યું. ખરેખર, એ નિરાશાએ તેમનાં મનને ખિન્ન કર્યાં હતાં.

કેટલીક વારસુધી બળવંતસિંહે પોતાના ઘોડાને જરા ઉતાવળે ચલાવ્યો, એવા હેતુથી કે પોતાના બખ્તરવાળા મિત્રની રાહ જોવાને તે

વખત મેળવી શકે; પરન્તુ ઘણો વખત વ્યતીત થયા છતાં તે જોવામાં આવ્યો નહિ, એટલે તેણે લતિકાદેવી સાથે વાતચીત કરવાનું શરૂ કર્યું. બળવંતસિંહની સાથે સાથે જ પ્રવાસ કરવાની લતિકાદેવીની મરજી હતી, પરન્તુ તેણે તે નહિ દર્શાવતાં કહ્યું: " આપણો મિત્ર આપણી સાથે પ્રવાસે આવનાર છે એ જાણીને મને બહુ આનંદ થાય છે. આપના એ મિત્રનું નામ શું વારૂ ? "

" લતિકા ! તારા એ પ્રશ્નનો ઉત્તર હું આપી શકું તેમ નથી." બળવંતસિંહે કહ્યું.

" એમાં કાંઇ રહસ્ય હોય તો તે જાણવાનો મારો આગ્રહ નથી." લતિકાએ કહ્યું.

" નહિ, તેમ નથી. તારા પ્રશ્નનો ઉત્તર હું પોતે પણ જાણતો નથી. તેનો અને મારો મેળાપ કોઇ વિલક્ષણ રીતે જ થઇ ગયો છે, તેથી હજી હું તેનું નામ-ઠામ કશું જાણતો નથી. ગઇ રાતે હું બિલકુલ ઉંઘ્યો નથી. મારા જેવા ધીંગા માણસને એવા જાગરણની કાંઇએ પરવા નથી. ગુજરાતમાં ઘણીએ લડાઇઓમાં—"

" આપે જય સંપાદન કરીને કીર્તિ મેળવી છે." બળવંતસિંહનું વાક્ય લતિકાએ વચમાં બોલીને પૂરૂં કરી વાળ્યું.

" પણ એ વાત તને કોણે કહી ? " તેને તીક્ષ્ણ દ્રષ્ટિથી જોઇને બળવંતસિંહે પૂછ્યું. તે જ ક્ષણે તેને સંશય આવ્યો કે લતિકાદેવીને પોતા સંબંધે કાંઇક વધારે ખબર મળી હોવી જોઇએ.

" વીરોત્તમ મહારાજે આપના શૌર્ય અને ચાતુર્ય સંબંધે મને ઘણી વાતો કહી છે." લતિકાએ ઉત્તર આપ્યો.

" વીરોત્તમ મહારાજે એ સિવાય બીજુંક શું તો તને નથી કહ્યું ને ? " કિંચિત હસીને તેણે પ્રશ્ન કર્યો.

"તેમને ઘણી વાર મારી પાસે આપની પ્રશંસા કર્યા કરી છે."

બળવંતસિંહ મનમાં બોલ્યો: "ફીકર નહિ, મારા સગધે વીરોત્તમે હજીસુધી કાંઈ વાત બહાર પાડી નથી." પછી તેણે લતિકાને કહ્યું: "હવે તને હું કાલ રાત્રિની વાત કહું છું. ગઈ રાત્ર બહુ વિલક્ષણ બનાવો બન્યા છે. મને પકડીને ઠાર કરવાનો મારા શત્રુઓએ ઘાટ ઘડયો હતો. કાલે એક વાર તો એવો અણીનો પ્રસંગ આવી ગયો હતો કે હું કેવળ મોતના પંજામાં જ સપડાઈ ગયો હતો!"

બળવંતસિંહની હકીકત લતિકાદેવી ઉત્સુકતાથી સાંભળતી હતી. તેણે અત્યંત ઉત્સુકતાથી પૂછ્યુ: "પછી ?"

"જે વીર પુરૂષે મને એ સંકટમાંથી મુક્ત કર્યો, તેની જ હું અત્યારે રાહ જોઉં છું" બળવંતસિંહ બોલ્યો: "તે વીર પુરૂષ પોતાનું નામ આપવાને કે ચ્હેરો બતાવવાને ખુશ નથી."

"શું ચ્હેરો બતાવવાને પણ તે ખુશ નથી ?" લતિકાદેવીએ વિશેષ આશ્ચર્યથી પ્રશ્ન કર્યો.

"હા, તેણે શરીરે બખ્તર પહેર્યું છે અને માથે ટોપ તથા બુરખો ધારણ કર્યો છે, તેથી તેનો ચ્હેરો દેખાતો નથી." બળવંતસિંહ બોલ્યો: "તોપણ તેની દેહયષ્ટીને તે બખ્તર બહુ જ સુંદર દેખાય છે."

"એ આપના મિત્રને મળવાને હું બહુજ ઉત્કંઠિત થઈ ગઈ છું, પણ રાત્રે આપના ઉપર કયાં અને કેવો પ્રસંગ ગુજર્યો હતો તે તો આપે મને કહ્યું નહિ !" તે બોલી.

"તે વાત બહુ જ લાંબી છે રાત્રિની હકીકત જો તું સાંભળીશ તો તું ભયથી કંપવા લાગીશ !" તે બોલ્યો: "પેલો ગૂઢ પ્રકાર અને પેલું નામ—"

" વારૂ, કહો તો ખરા !" લતિકાએ અધીરાઇથી કહ્યું,

પોતાના ઘોડા પાસે લઇ જઇને બળવંતસિંહે હળવેથી તેના કાનમાં કહ્યું: "કાલિકાની મૂર્તિ !"

લતિકાદેવી ભયથી ત્રસ્ત્ર થઇ જતી બોલી: " ઓ પ્રભુ ! પણ સરદાર સાહેબ ! આપના ઉપર તે સંબંધે વળી શું સંકટ આવી પડયું હતું ? "

'કાલિકા'નું નામ સાંભળવાથી લતિકાને કેટલો ભય લાગશે તેની બળવંતસિંહને તો કલ્પના હતી જ, કારણકે કાલિકાના ભક્તોના હાથમાંથી પૂર્વે જ્યારે બળવંતસિંહે તેને છોડાવી હતી, ત્યારે 'કાલિકાને બળિદાન' એ શબ્દો કોઇએ ઉચ્ચારેલા તે તેણે પણ સાંભળ્યા હતા. બળવંતસિંહ બોલ્યો: "કાલ રાત્રે હું જે સ્થળે ગયો હતો, તે સ્થળ બહુધા શકતોનું મુખ્ય સ્થાન હોવું જોઇએ "

"પણ તે સ્થળ ક્યાં આવ્યુ ?" લતિકાએ આતુરતાથી પ્રશ્ન કર્યો.

"પણે રહ્યું, જો " એમ કહીને ત્યાંથી નજીકમાં જ દેખાતા 'પુણ્ય-મંદિર' તરફ તેણે પોતાનો હાથ લંબાવ્યો,

"એટલે ! તમે ત્યાં ખરેખર ગયા હતા જ શુ ! " લતિકાએ પૂછ્યું.

" હું ધારૂં છું કે એ સંબંધે તુ કાંઇક વધારે માહિતી ધરાવે છે અને તેથી જ મેં આ વાત તારી પાસે કાઢી છે. " બળવંતસિંહ બોલ્યો.

" શું કહો છો ? એ સંબંધે મને વધારે માહિતી છે. શું !" લતિકાએ ઓશિયાળું મ્હોં કરીને તેના તરફ જોતાં કહ્યું.

" આ વાત સાંભળીને જો તને ખોટું લાગતું હોય તો આપણે વાતચીતનો વિષય બદલી નાંખીએ." બળવંતસિંહ બોલ્યો.

"ના, ના, તેવું કાંઇ જ નથી." કિંચિત્ સ્વસ્થ થતાં શાન્ત થઇને તે ધીમેથી બોલી: "પણ શાકતોનું તે મુખ્ય સ્થળ છે એવું આપે શા ઉપરથી જાણ્યું?"

"વીરોત્તમની છાવણી પાસેના દેવાલયમા તને કાલિકાની બ્હીક બતાવવામા આવી હતી. વળી કાલિકાપ્રસાદ અને ચંડિકા વચ્ચે ધર્મશાળામા થએલી વાતચીત અલકકુમારીએ મને કહી હતી—અને ઘણુ કરીને તેણે તને પણ એ વાત કહી હશે—" બળવંતસિંહ બોલ્યો.

બરાબર, તેણે મને પણ એ હકીકત જણાવી હતી ખરી." લતિકા દુઃખ પામતી બોલી "આપની કલ્પના બરાબર છે. કાલિકાને કેવી રીતે બળિદાન આપવામાં આવે છે. એ હું જાણુછું. પણ મે એ સઘળું ગુપ્ત રાખવા માટે ભયંકર સોગદ લીધા છે! ઓ ઇશ્વર! મે જે ભયંકર સોગદ લીધા છે, તેથી હુ તે કહી શકતી નથી!" એમ કહીને તેણે બન્ને હાથ જોડીને ઉચે આકાશ તરફ દૃષ્ટિ કરી.

આ તેની અધીરાઇ અને ભ્રાંતિ ઉપરથી તેને કાઇ પણ મહત્ત્વની ગુપ્ત વાતની ખબર હોવી જોઇએ, એવી બળવંતસિંહની ખાત્રી થઇ પણ અત્યારે તેના મુખમાથી એ વાત ખુલ્લી થવાની તેને આશા નહોતી! તેના પોતાના સંબધે પણ ઘણી ગુપ્ત વાતો હતી, એ બળવંતસિંહ જાણતો હતો વળી બીજે કોઇ પ્રસંગે એ વાત ખુલ્લી થશે, એમ સમજીને બળવંતસિંહ ચૂપ રહ્યો. લતિકાદેવી પણ શાન્ત થઇ. એટલામાં પાસેની ઝાડીમાથી આખે શરીરે બખ્તર ધારણ કરેલી સ્થિતિમાં અલકકુમારી તેમની પાસે આવીને ઉભી રહી.

પ્રકરણ ૧૫ મું.

પ્રવાસનો પહેલો દિવસ.

અત્યારે અલકકુમારીના શરીરપરનું બખ્તર સૂર્યના પ્રકાશમા ચળકાટ મારી રહ્યું હતું. તે બખ્તરને કદાચ લતિકાદેવી ઓળખી કાઢશે એવી બળવંતસિંહના હૃદયમાં ભીતિ હતી, તોપણ તે મોટેથી તેનો સત્કાર કરતો બોલ્યો: " આવ મારા શૂરવીર મિત્ર ! " પછી લતિકાદેવીને તેની ઓળખાણ પાડતાં તેણે કહ્યું. " આ વીર પુરૂષે કાલ રાત્રે મને ઘણી મદદ કરી હતી અને તે જ આજે આપણી સાથે આવનાર છે. "

લતિકા આનંદ દર્શાવતી બોલી· " તે આપણી સાથે આવનાર છે, એ સાંભળીને મને બહુ જ આનંદ થાય છે. પણ એમનો ઘોડો ક્યાં છે ? "

એટલામાં બળવતસિંહના ચાકરો પાછળ રહી ગયા હતા તેઓ નજીક આવી પહોંચ્યા. અત્યારસુધી લતિકાદેવીએ તેમનીતરફ જોયુ પણ નહોતું, પરન્તુ અત્યારે તેમની તરફ નજર કરતાં જ ઉમેદનો ચહેરો તેના જોવામાં આવ્યો તેને જોતાંજ તે ચમકી ગઇ. તેણે ફરીથી એક વાર તેના તરફ જોયું અને તેની ખાત્રી થઇ કે તે ખરે-ખર ઉમેદ જ હતો ઉમેદે પણ તેના તરફ જોયું અને બન્ને જણે પરસ્પર નેત્રસંકેતથી પૂર્વ પરિચય દર્શાવી વાળ્યો.

તે વખતે તે બન્ને જણ તરફ કોઇનું ધ્યાન ખેંચાયું નહોતુ, કારણકે બળવંતસિંહ અલકકુમારીને ઘોડા ઉપર બેસવામાં મદદ કરતો હતો.

પછી સઘળાં આગળ ચાલવા લાગ્યાં. લતિકાદેવીના વદન ઉપર ભયના ચિન્હો સ્પષ્ટ રીતે તરી આવેલાં દેખાતાં હતાં. તે વદનપર ગભીરતા ધારણ કરવાનો પ્રયત્ન કરતી હતી, એ બળવંતસિંહ કળી ગયો. પરન્તુ તેને એમ લાગ્યું કે થોડી વાર પહેલાં કાલિકાની મૂર્તિની જે વાત નીકળી હતી તે ઉપરથી તે ભયભીત થઇ ગઇ હશે- પરન્તુ લતિકાદેવીના મનની સ્થિતિ તો અત્યાર કેવળ જૂદા જ પ્રકારની હતી ! તે કાંઇ નવા જ ઘાટ પોતાના મન સાથે ઘડ્યા કરતી હતી. કેટલોક વખત વીતી ગયા પછી તે બોલી:"હમણાં જ આપે જે અલકકુમારીનુ નામ લીધુ તે સંગમપુર છોડયા પહેલાં આપને મળી હતી કે નહિ ? તે કાલે જ મારી પાસેથી ચાલી ગઇ છે. એ વાતની તો આપને કદાચ ખબર હશે જ. "

બળવંતસિંહ બોલ્યો. "તે મને મળી નથી. તેથી મને બહુ ખેદ થાય છે. આજે જ સ્હવારે ઘરધણીએ મને કહ્યું કે તે કાલ રાત્રે મને મળવાને માટે આવી હતી, પણ મારી મુલકાત થઇ નહિ,તેથી તે પાછી ચાલી ગઇ. ગરીબ બિચારી ! તેને એકલીને આ શહેરમાં વળી શું કામ હશે, કોણ જાણે ! તેનો કોઇ આશ્રયદાતા પણ અહીં હોત તો વધારે ઠીક હતુ. "

લતિકાદેવી બોલી: " મને પણ એમ જ થાય છે. કાલે તે મારી રજા લઇને ગઇ, ત્યારે હુ તેને પૈસા આપતી હતી, પણ તે તેણે લીધા નહિ પોતાની પાસે જોઇએ તેટલા પૈસા છે એમ કહીને તે ત્યાંથી ચાલી ગઇ હતી. "

"અહા ! લતિકા ! ખરેખર તુ બહુ જ ઉદાર હૃદયની છે." બળવંતસિંહ બોલ્યો: " તેં તે અલકકુમારીની જે બરદાસ્ત કરી છે તે માટે હું તારો અત્યંત આભારી છું. હું જ્યારે જમદેવની સાથેના

યુદ્ધ પછી ગેશુદ્ધ બનીને જંગલમાં પડ્યો હતો, ત્યારે તેણે મને જે મદદ કરી હતી. તે હું કદાપિ વિસરી શકીશ નહિ.''

'પણ મહારાજ !'' લતિકા અલકકુમારી તરફ જોઇને બોલી: "આપ જે વાત કહો છો, તે આ દુનિયામાં કોઇ પણ જાણતું નથી !"

બળવંતસિંહ ભાનમાં આવીને હળવેથી લતિકાદેવીને કહ્યું:"હા, હું તે વિસરી ગયો ખરો. તારી બ્હેન સંબંધે જે કાંઇ ગુપ્ત વાતો હું જાણુ છુ, પણ તેમાંની એક પણ વાત બહાર પાડવાની નથી. પણ ત્યાર પછી તેં તેના સંબંધે કાંઇ હકીકત સાંભળી છે કે ?"

નીચે નજર કરીને ધીમેથી લતિકાદેવી બોલી:"સરદાર સાહેબ ! મને તેના તરફથી કશી ખબર મળી નથી !" એમ બોલીને તેણે આડી નજરે બળવંતસિંહ તરફ જોયું પણ તેની તે તરફ નજર નહોતી

થોડી વાર મુંગા મુંગા આગળ પ્રવાસ કર્યા પછી તેણે પુનઃ બળવંતસિંહને કહ્યું: "જમનીને આપ શું વિસરી શકતા નથી ?" તે પ્રશ્નનો પ્રત્યુત્તર નહિ આપતાં તે બોલ્યો: 'બિચારી જ્યાં હોય ત્યાં સુખરૂપ રહેજો !''

પુનઃ સૌ કોઇ આગળ પ્રવાસ કરવા લાગ્યાં. બળવંતસિંહ અને લતિકાદેવી વચ્ચે થએલી વાતચીત અલકકુમારીએ લક્ષપૂર્વક સાંભળી હતી. બળવંતસિંહે પોતાની પ્રશંસા કરેલી સાંભળીને તેને બહુ જ આનંદ થયો. માત્ર એટલાથી જ પોતે તૃપ્ત થઇ, પોતાની ઇચ્છા પૂર્ણ થઈ, એનુ તેને લાગ્યું !

જે ઉદાત્ત ગુણો પ્રત્યેક મનુષ્યના શરીરમાં હોવા જોઇએ તે ગુણો-એટલે મહત્તા, ભલમનસાઇ, શૌર્ય, ઔદાર્ય, ચાતુર્ય વગેરે સર્વ બળવંતસિંહમાં વસેલા છે, એ વાત સજ્જડપણે અલકકુમારીના મનમાં ઠસી ગઇ હતી. સંગમપુરના કિલ્લામાં રહેવાને તે ગઇ ત્યારથી

તો તેના મનમાં બળવંતસિંહની રમ્ય મૂર્તિ જ વસી રહી હતી.તેની સાથે જો પોતાનું લગ્ન થાય, તો કેવું સારૂં થાય, એવું જ વારંવાર તેના મનમાં થયાં કરતું હતું. પણ પોતે એક સાધારણ ખેડુતની છોકરી હતી અને બળવંતસિંહ ગમે તેવો તોએ એક મોટો સરદાર હતો, એ સ્થિતિ ધ્યાનમાં આવતાં જ પોતાની આશા વ્યર્થ એવું તેના મનમા આવ્યું અને તેનું મન ઉદાસ થઇ ગયું.

તે વારંવાર પોતાના બુરખાનાં દૃષ્ટિ છિદ્રોમાંથી બળવંતસિંહ તરફ અને લલિતાદેવી તરફ વારાફરતી જોયાં કરતી હતી. કારણ કે જ્યારથી બળવંતસિંહે તેને કહ્યું હતું કે પોતાની સાથે એક સ્ત્રી પ્રવાસ કરનાર છે, ત્યારથી તેના મનમાં તે સ્ત્રી સબંધે ઈર્ષ્યા પ્રગટ થઈ હતી. એ પ્રમાણે તે બન્ને તરફ જોતાં જોતાં તે સમજી ગઈ હતી કે લલિતાદેવી બળવંતસિંહ ઉપર પ્રેમ દર્શાવતી હતી, પરન્તુ બળવંતસિંહની બાહ્ય મુખમુદ્રા ઉપરથી તેના મનની પરીક્ષા કરવાનું કામ બહુ કઠણ હતું. કારણકે કોઇ કોઇ વાર કેવળ મમતાથી તે લલિતાદેવી તરફ જોતો હતો. પરન્તુ અલકકુમારીની ઈર્ષ્યાયુક્ત દૃષ્ટિને એમ જ દેખાતું હતું કે બળવંતસિંહ પણ લલિતાદેવી ઉપર પ્રેમ ધરાવતો હતો!

એ પ્રમાણે અલકકુમારીની વિચારમાળા ફરતી હતી અને આગળ પ્રવાસ થયે જતો હતો. 'પુણ્ય–મંદિર' ક્યારનું પાછળ પડી ગયું હતું અને તેના ઉંચા મિનારા પણ હવે દેખાતા બંધ થઇ ગયા હતા. આખું મંડળ અત્યારે નદીકિનારે આવી પહોંચ્યું હતું.

અત્યારસુધી એ સર્વ મંડળ મૌનપણે ચાલ્યું જતું હતું; પણ કેટલીક વાર પછી બળવંતસિંહ બોલ્યો: "આવતી વખતે હું વીરોત્તમને મળ્યો નહિ. તેથી તેમને માઠું તો નહિ લાગ્યું હોય?"

લતિકાદેવી બોલી: "મહારાજ! આપના સંબંધે વીરોત્તમ મહારાજના મનમાં એટલી બધી આદરબુદ્ધિ વસેલી છે કે આપનું કોઇ પણ કાર્ય વિચારપુર્વક જ થએલુ હશે એવી તે ખાત્રી ધરાવે છે. વળી ગઇ રાત્રે એક અત્યત મહત્વનો બનાવ બન્યો છે અને તે આપને કાને આવ્યો જ હશે. તે કારણથી તે બહુ જ ગુંચવણમાં પડી ગયા છે."

"એટલે પેલા ત્રણ કેદીઓ નાસી ગયા એ સંબંધે જ ને?" બળવતસિંહે પૂછ્યું: "એ ખબર સાંભળતા જ વીરોત્તમ મહારાજ અત્યંત ક્રુદ્ધ થઇ ગયા હશે, નહિ વારૂ?"

"હા. તેમના ક્રોધનો તે વખતે પાર જ નહોતો!" લતિકા બોલી: "આ પ્રાંતમાં પોતા સામે શત્રુતા ધરાવનાર એકેકએક સરદારની બરાબર ખબર લેવી એવા તેમણે સોગંદ લીધા છે!"

"વીરોત્તમ મહારાજ એ કામનો આરંભ ક્યારથી કરવાના છે?" અલકકુમારીએ પૂછ્યું.

"દશેક દિવસમાં સઘળી તૈયારી કરી નાંખીને તે પોતાના શત્રુઓ ઉપર ચ્હડાઈ કરશે. પણ વીર પુરૂષ! વીરોત્તમના એ સોગંદ સાંભળીને તને એટલી બધી ઉત્સુકતા કેમ થઇ આવી વારૂ?" લતિકાએ અલકકુમારીને પૂછ્યુ: "તારા કોઇ માલેકને કાંઇ નુકસાન થવાનો સંભવ છે કે શું?"

"મારો કોઈ માલેક જ નથી!" અલકકુમારી બોલી: "પણ એ લડાઇથી આપણા દેશને મોટું નુકસાન થશે એમ મને લાગે છે!"

"એમ કે? મેં ધાર્યુ કે તુ કોઈ સરદારની નોકરીમાં હશે!" લતિકાદેવી બોલી.

"ના, ના! હું કોઇનો પણ નોકર છું જ નહિ. હું આ દેશમાંનો માત્ર એક ખેડુત છું. લડાઇથી ખેતી અને ખેડુતને બહુ નુકસાન થાય

છે; તેમ જ જે સરદારની જમીનમાં અમારાં ખેતરો આવેલાં છે, તેનો નાશ થયો એટલે અમારો જ નાશ થઈ ચૂકેલો સમજવાનો." અલકકુમારી ખુલાસા કરતાં બોલી.

એ જ બખ્તરવાળા વીરે રાજકેદીઓને બંધનમુક્ત કર્યા હતા, એ બળવંતસિંહ જાણતો હતો, પણ એ વાત લતિકાદેવીથી ગુપ્ત જ રાખવાની હતી, તેથી તે બોલ્યો: "લતિકા ! આ મારો મિત્ર વીરોત્તમના જ પક્ષનો છે; અને મારે હવે આ દેશમાંનાં રાજકારસ્થાનો સાથે કશા લેવા દેવા નથી, એ પણ તું જાણે છે જ.'

લતિકાદેવી બોલી: "હા, તે હું જાણું છું. જમનીના પ્રેમથી બદ્ધ થઈને તમે તેને માટે લડવા ગયા હતા."

"જમનીના પ્રેમની વાત હવે પુનઃ કાઢીશ નહિ," બળવતસિંહ વાતચીતનો વિષય બદલવાને બોલ્યો: "હવે રસ્તો ઘણો સારો આવ્યો છે. માટે ઘોડાને જરા ઉતાવળે ચલાવો."

એમ કહીને બળવંતસિંહે પોતાના ઘોડાને એડી મારી અને લતિકા તથા અલકે પણ તે જ પ્રમાણે કરી ઘોડાને ઉતાવળા ચલાવ્યા. ચાકરો અને ઉમેદે પણ પાછળ ઘોડા દોડાવીને ઉતાવળે ચાલવા માંડ્યું એ જ વખતે વક્ર દૃષ્ટિથી અવલોકન કરતી તે ગૂઢચરિત્રશાલિની લતિકાદેવી મનમાં ને મનમાં જ બોલી: "પણ છેવટે તો તે મારો છે–હા ! મારો જ છે !"

સમાપ્ત

વૈદકનાં પુસ્તકો કેવળ ગુજરાતી ભાષાનાં.

૧૬૨૫ મેટીરીયા મેડીકા—આવૃત્તિ બીજી કર્તા. ૨. મ. કવિ આમાં ઈંગ્રેજી ઔષધો કેમ બનાવવા તેમાં શું શું વસ્તુની મેળવણી છે, તેનો ઉપયોગ શેમાં કરી શકાય, તેમજ ટીંગચરો, એસીડો તેમજ ઈંગ્રેજી પેટંટ ઔષધોમાં શેની શેની મેળવણી છે. વિગેરે ઘણી ઉપયોગી માહિતી આમાં આપવામાં આવી છે. અંગ્રેજી ઔષધો વાપરતા પહેલાં આ પુસ્તક વાંચવાથી ઘણી કીમતી સલાહ મળી શકે છે. ઈંગ્રેજી પેટન્ટ ઔષધો ટિંગચરો એસીડો વીગેરે બનાવટની માહીતીનું આ શાસ્ત્રીય પુસ્તક છે. ૮) ૧–૦

૧૬૨૬ મેડીસીન ટીચર—યાને ઔષધોનો શિક્ષક. ાા ૦–૨

૧૬૨૭ મૈથુનો અને ટાંકીના રોગ—પ્રમેહ, બદ, ચાદીની સંપૂર્ણ ચિકિત્સા. ૪) ૦–૮

૧૬૨૮ યુનાની ટેબલહકીમ— યુનાની રોજની ખાવાની વસ્તુના ગુણદોષ અને ફાયદા દર્શાવ્યા હોવાથી ઉપયોગી છે. ાા= ૦–૧

૧૬૨૯ યુસાવસ્થાનો શિક્ષક—આમાં યુવાન સ્ત્રી પુરૂષો ઉપયોગી ઘણા અગત્યના સુબોધક વિષયો આપવામાં આવ્યા છે. આ પુસ્તક (એડવાઇસટયુંગમેન) નામનાં પુસ્તક ઉપરથી તૈયાર કરવામાં આવેલું છે. આ પુસ્તક વાંચવાથી યુવાન સ્ત્રી-પુરૂષો ફાયદો ઉઠાવશેજ પાકું પુઠું. ૨ાા ૦–૬

૧૬૩૦ યુવાવસ્થાનો વૈદ—અથવા જુવાનીનો ડાકટર (મળતી નથી)

૧૬૩૧ રસાયનશાસ્ત્ર—(સચિત્ર રસાયનીયો તથા વૈદો ઉપયોગી છે, ૧) ૦-૩

૧૬૩૨ રેસાલેય સાજાકે—આતેશક યાને પ્રમેહ ઉપર (મળતીનથી.)

૧૬૩૩ રોગનીવારણ—મુસાફરીમાં કામ આવે તેવા ટુચકામળતીનથી

૧૬૩૪ રોગીપરીચર્યા—અથવા દરદોની સારવાર (નરસીંગ)આમાં દરદીની સારવાર કેમ કરવી, દરદી માટે રસોઇ, રોગ પ્રમાણે પથ્ય, હવાપાણી અજવાળું ચામડીના દરદોની સારવાર, બાળકના દરદો વિગેરે ઘણી સારી સારી માહિતી હોવાથી ઉપયોગી છે. ૩) ૦-૬

૧૬૩૫ લોકોપયોગી શારીરવિદ્યા—(સચિત્ર) શારિરીક કેળવણી સમજાશે. ૦।= ૦-૨

૧૬૩૬ વનસ્પતીશાસ્ત્ર—(૬૧૧ વનસ્પતિઓનું બ્યાન) મી. જયકૃષ્ણ ઇંદ્રજીએ પોતાની આખી જીંદગીનાં અનુભવથી આ પુસ્તક લખ્યું છે, (મળતી નથી) ૧૨) ૧-૧૨

૧૬૩૭ વનસ્પતિશાસ્ત્ર—આર્થિક દષ્ટિએ જુદી જુદી વનસ્પતિની પેદાશ શા કામમાં આવે છે અને તેનો શો ઉપયોગ થાય છે તે સંબંધિ બહુ કિમતી અને ઉપયોગી હકીકત. ૧॥ ૦-૬

૧૬૩૮ વનસ્પતિતત્વજ્ઞાન— ૦॥ ૦-૨

વનસ્પતિકોષ—આમાં દેશી વનસ્પતીના જુદીજુદી ભાષામાં નામ તેના ગુણદોષ અને તે શા કામમાં વાપરી શકાય વિગેરે ઉપયોગી બાબતો છે સાથે કેટલાક અકસીર ઇલાજો પણ છે. ૧) ૦-૩

વનસ્પતી સંઘ વર્ધનશાસ્ત્ર— ૧ાા ૦-૪
વ્યાયામકલાશાસ્ત્ર—મળતી નથી.
વ્યાયામમિમાંસા—મળતી નથી.
વાગભટ્ટ—(સુત્રસ્થાન) કેવળ ગુજરાતીમાં. ૧ાા ૦-૪
વાજીકરકલ્પતરૂ-પુરૂષત્વનથાસ્ત્રીત્વવધારવાનાઉપાય.૦ાા ૦-૨
વ્યાધિ નિવારણ—વૈદકનું ઉપયોગી પુસ્તક. ૩) ૦-૮
વેદ યાને વૈદક—ભા. ૧-૨. ૧ાા ૦-૪
વૈદકસારસંગ્રહ—મોટું. મળતી નથી.
વૈદકસુધાકર—વૈદકનાસાદા ૪૦૦ ઉપચારેનો સંગ્રહ. ૦ાּ= ૦-૨
વૈદક ટુચકાસંગ્રહ—સર દીનશા માણેકજી પીટીટ
કૃત (મળતી નથી.)
વૈદકસારસંગ્રહ—વૈદકનાં સહેલા અકસીર ઉપાય. ૦ા= ૦-૨
વૈદકવિલાસ—ભા. ૧ લો. ૧) ૦-૨
વૈદકવિલાસ—ભા. ૨ જો. ૧ા ૦-૩
વૈદક વિજ્ઞાન ચક્ર—હોમિયોપેથિક અને બાયો-
કેમિસ્ટ્રી ચિકિત્સા સહિત કર્તા ડા. જમનાદાસ પ્રેમ-
ચંદ નાણાવટી ભા. ૧-૨ બાયોકેમિસ્ટ્રીનું મોટામાં
મોટુંશાસ્ત્રી પુસ્તક છે. જેમાં સર્વઅપટુડેટ માહિતીછે. ૧૫) ૨-૦
વંધત્વનિવારણ-ડાકટર વિરજી ઝીણા એલ. એમ.
એન્ડ એસ. કૃત. વંધત્વ ટાળવાનો આ સચીત્ર ગ્રંથ
ઘણી સારી સારી બાબતોથી ભરપુર છે. વંધત્વનું
આ મોટામાં મોટું અને શાસ્ત્રીય પુસ્તક છે. ૪ાા ૦-૮
શરીર અને વૈદકશાસ્ત્ર—ડા. ત્રીભોવનદાસ મો.
શાહ કૃત. (મળતી) નથી.

શીક્ષિત આર્યસંતાનોનું આરોગ્ય—હિંદીઓને
આ પુસ્તક વિચારવા જેવું છે. ૧। ૦-૪
સરળપદાર્થવિજ્ઞાન-આમાં વિવિધદાર્થ વિજ્ઞાનછે. ૦॥ ૦-૨
સ્વદેશીવૈદક—સાધારણ દવાનું આ સારૂ પુસ્તક છે, ૦॥ ૦ ૨
સર્વોપયોગી નુસખાસંગ્રહ—(મળતી નથી)
સાધારણપદાર્થોનું રસાયણ-આમાંવિવિધરસાયનછે ૦॥ ૦-૨
સગર્ભા સ્ત્રીની સંભાળ—તેના સાધારણ દરદો
અને સામાન્ય ઉપયોગ. ૦।= ૦-૨
સાદા ઓસડોના અદ્‌ભુત ચમત્કાર—સ્વાનુભવ
તેમજ બીજા ગ્રંથો ઉપરથી. ૪) ૦-૧૦
સારીસંતતિ—વિશેષહકીકત માટે નં. ૧૧૩૮જુવો. ૩) ૦-૬
સ્ત્રીનો સાચો સલાહકાર—ડા. પટેલ કૃત. ૪) ૦-૮
સ્ત્રી ભવસાગર—ડા. પટેલ કૃત. ૪) ૦-૮
સ્ત્રી દર્પણ—ડા. પટેલ કૃત. ૪) ૦-૮
સ્ત્રીશાસ્ત્ર—ડા. પટેલ કૃત. ૪) ૦-૮
સ્ત્રીઓનો વૈદ્ય—(સ્ત્રી ઉપયોગી સંપુર્ણ ચિકિત્સા) ૨। ૦-૫
સુખશાંતીકોષ—તનદુરસ્તી. ખોરાક, કસરત, કામ
ધંધો અને લાંબી જીંદગી ભોગવવાનાં નિયમોનુંશાસ્ત્ર. ૨॥ ૦-૫
સુવાવડ અને બાળસંભાળ—માહિતી સારી છે. ૦। ૦-૧
સુવાસંચિત—કવિ. રેવાશંકર કૃત (મળતી નથી)
સંયોગજન્યરાગ—વર્ણન અને ચિકિત્સા. ૨। ૦-૪
ક્ષયરોગતેના અટકાવ અને ઉપાય—(મળતી નથી)
હિન્દુસ્તાનમાંઆરોગ્યતાનોસુધારો-ઇંગ્રેજી ઉપરથી૦। ૦-૧
હિન્દુરસાયનશાસ્ત્રનો ઇતિહાસ— ૧) ૦-૩
હિન્દુસ્થાનનાં સર્પ— ૩) ૦-૫

વૈદકનાં પુસ્તકો કેવળ સંસ્કૃત તથા સંસ્કૃત ટીકાવાળાં.

અષ્ટાંગહૃદય—(વાગભટ્ટ)મુલમાત્ર (ઝીણા અક્ષરનું) ૨, ૦-૬
અષ્ટાંગહૃદય—(વાગભટ્ટ.)મુલમાત્ર મોટા અક્ષરનુ ૬) ૦-૧૨
અષ્ટાંગહૃદય—(વાગભટ્ટ) અરૂણદત્ત પ્રણીત સર્વાંગ સુંદર ટીકા સહિત.) ૧-૦
અશ્વવૈદક—ઘોડા સંબંધી ઘણું ઉપયોગી પુસ્તક ૩॥ ૦-૮
આષ્ટંગસંગ્રહ ઇન્દુકૃતવ્યાખ્યા શરીરપર્યન્તભા. ૧લો ૮)૧-૮
આષ્ટંગસંગ્રહ-નિદાન, ચિકિત્સા તથા તથા કલ્પસ્થાન. ભા. ૨ જો. ૮) ૧-૮
આયુર્વેદવિજ્ઞાન— ૬) ૦-૧૪
આયુર્વેદપ્રકાશ—માધવ વિરચિત. ૨) ૦-૬
ગદનિગ્રહ—પ્રથમ ભાગ. ૩) ૦-૬
ગદનિગ્રહ—બીજો ભાગ. ૭) ૧-૦
ચક્રદત્ત—સંસ્કૃત ટીકાવાળો, ૬) ૦-૧
ચરકસંહિતા—મુલમાત્ર. ૪) ૦-૧૨
ચરકસંહિતા—ચક્રપાણી દત્તકૃત આયુર્વેદદિપીકા ટીકા સહ. ૮) ૧-૦
રસાયનવિધી—વિષય આપ્યા છે. ૧) ૦-૨
રામાવનોદ—પ્રાચીન ગ્રંથો ઉપરથી તૈયાર કરવામાં આવ્યો છે; ૨) ૦-૫
વ્યંજનપાકપ્રદીપ—નાના પ્રકારનીમિઠાઇ, મુરબ્બા, પુરી દાળભાત વિગેરેબનાવવાની માહેતીનું ઉત્તમપુસ્તક,૨)૦-૬
વૈદ્યમાત્સવ—(નૈનસુખ વૈદક) ૦।= ૦-૨



બોલ જલદી. નહીતો પ્રાણ ગુમાવવો પડશે પૃષ્ઠ ૭૮